

કુમાર
અંક ૨૬
ઉગતી પ્રજાનું માસિક
તંત્રી
રવિશંકર રાવળ
કુમાર
વર્ષ ૩ : અંક ૨
માહ : ૧૯૮૨



તેણે અંદર ડોકિયું કર્યું તો છોકરો તાવેભર્યો પથારીમાં તરફડતો હતો. તેની મા થાકીને ઘંટી ઉપર જ ઉંઘી ગઇ હતી. પોપટ અંદર ગયો ને તેણે પેલું માણેક હળવે રહીને બાઈની બાજુમાં ઘંટી ઉપર મુકી દીધું. પછી તે છોકરાની ઉપર ધીમેધીમે આમતેમ ઉડયો અને તેના તપેલા શરીર પર પાંખથી ઘડીભર પવન ઢાળ્યો. છોકરાને તેથી બહુ જ શાંતિ થઈ હોય એમ જણાયું અને તરત તે મીઠી ઉંઘમાં પડયો.



પોપટ ત્યાંથી બહાર નીકળી રાજા પાસે આવી પહોંચ્યો અને જે બન્યું હતું તે કહી સંભળાવ્યું. છેવટે તે બોલ્યો: 'આટલી ટાઢ છતાં, તો યે મને તો ગરમી આવી હોય એમ લાગે છે!'

'એ ગરમીનું કારણ એ છે, કે તારે હાથે પુણ્ય થયું છે.' રાજાએ કહ્યું.

પોપટને વિચારો આવવા લાગ્યા અને ધીમે ધીમે તે ઉંઘમાં પડયો.

સુખી રાજા

નામની એક અતીવ સુંદર અને હૃદયભેદક વાર્તામાંથી ઉપલું અવતરણ અને ચિત્ર લીધાં છે. એનો ખરો રસ તો તમે એ આખી વાર્તા વાંચે ત્યારે જ ભોગવી શકો. એ વાર્તા

કયાં વાંચશો ?


હાજીમહમ્મદ-સ્મારક-ગ્રંથમાં

જેમાં એવાં અનેક સુંદર કાવ્યો, ચિત્રો, લેખો, વાર્તાઓ અને ફોટોગ્રાફોનો અપ્રતિમ સંગ્રહ એકઠો થએલો છે. ગુજરાતી સાહિત્ય ને કલાના શહીદ, ગુજરાતના એ બાહોશ જર્નાલિસ્ટ હાજીમહમ્મદના જીવનની રોમાંચકારી કરૂણ સ્મૃતિઓ એના અંગત સહવાસમાં આવેલા મિત્રોએ એ ગ્રંથમાં સંઘરી છે.

ગુજરાતી સાહિત્યમાં

હજી પણ એ પુસ્તક અનન્ય છે; અને એટલું જ તાજું છે.

પો. સાથે રૂ. ૬-૫-૦ કુમાર કાર્યાલય : અમદાવાદ



આ અંકની છુટક નકલના બાર આના

લવાજમ વરસના રૂા. ૬: છ માસના રૂા. ૩: પરદેશના ૧૧ શિલિંગ મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં: પ્રિન્સેસ સ્ટ્રીટ, આર. વનમાળીદાસની કં. કાલબાદેવી, વર્ધમાન એન્ડસન્સ પાયધુની. **ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) અથવા બીજા છમાસિક હપતાની શરૂઆતથી (એટલે અષાડના અંકથી) જ નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચુક લખવો. **લેખકો** જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



મહર્ષિ દયાનંદ સરસ્વતી

'કુમાર' માસિકના માહ ૧૯૮૨ના અંકનું મુખચિત્ર :: મુદ્રક કુમાર પ્રિન્ટરી, ૨૭૭૭ રાયપુર, અમદાવાદ
છુટક નકલના ત્રણ આના: પોસ્ટેજ પૅકિંગ સાથે ચાર આના





મારી ઈચ્છા

સૃષ્ટિની સુંદરતા હું અંશભાર પણ વધારી શકું તો કેવું સારૂં ?

હું તે સૂર્યનારાયણને હોઠની લાલી ને વાળની સોનેરી-નો અર્ધ્ય આપું, કે પીછીના રંગ ઢાળીને આંબાવાડિયામાં વસંતદેવીનાં સદાકાળ દર્શન કર્યાં કરૂં ?

જળ--પવનનું જે સંગીત પ્રભુએ મુજ કાજે સરજ્યું છે તેમાં એક ઢાળ ઉમેરૂં ? અથવા કાવ્યની કોઈ કડીમાં ફુલવંતા આત્માની ફોરમ સારવી લઉં ?

જીવનમાં બીજું કોઈ વરદાન મને ન જોઇએ. અરે, મારી આટલી ઇચ્છા પુરાય, ને મારૂં જીવન ધન્ય બની જાય.

વિશ્વના દેવમંદિર આગળ ગુલાબના ઘંટ, સુરજમુખીની ઝાલર ને મોગરાની આરતીમાળ દીપી રહ્યાં છે. પ્રવીણ નર્તક શો ચંપો કળા કરે છે, ડોલે છે ને તાન આપે છે. બહારનું ગાઢ તિમિર ભેદીને આગિયાનો અખંડ દીપ ઝળહળે છે.


તેઓ તો સૌ પોતપોતાના પ્રસાદ તુજ સમક્ષ ધરે છે, દેવ ! માત્ર એક હું જ ખાલી હાથે ઉભો છું.

સૃષ્ટિની સુંદરતા હું અંશભાર પણ વધારી શકું તો કેવું સારૂં ?

દેશળજી પરમાર



ભાવિ પર આશાભરી નજર માંડી બેઠેલા બીજા ત્રણ અનુભવી નરોના સંદેશ ઉગતી પ્રજાને માટે મળેલા તે આ અંકમાં પ્રગટ થએલા તમે જોશો. પૂ. કાકાસાહેબ કાલેલકરનો સંદેશ એમના જ હસ્તાક્ષરમાં આ નીચે આપ્યો છે. મેજર જોરાવરસિંહજીનો જોમભર્યો સંદેશ અને શ્રી ગિજુભાઇ બધેકાનો ઉદ્બોધક આદેશ અનુક્રમે પાન ૬૧ તથા ૭૭મે છે.



ૐ

સિંહગઢ, રવિ.

મકર સંક્રાંતિ.

પ્રિય રવિભાઈ,

મારા અશ્વિની કુમારે મને લખવાની વાંચવાની અને ભાષણ કરવાની બંધી કરી છે. બની શકે તો વિચારો પણ ન કરવા એવી તેમની સલાહ છે. છતાં મને દિવસ રાત આપણા કુમારોનાજ વિચાર આવે છે. આપણા કુમારો વીર્યવાન, અને પુરુષાર્થી કેમ બને. नाल्पे सुखमस्ति । यद् भूमा तत्सुखम् । એ મહાવિચાર તેમને ગળે કેમ ઉતરે એજ ચિંતામાં રહું છું.

લિ. સ્નેહાધીન કાકાના વંદેમાતરમ્

મહર્ષિ દયાનંદ થયા ન હોત તો ? તો હજુ વર્ષો સુધી હિંદુસ્તાન અફીણિયાની જેમ ઉંઘતું હોત અને ભીચારાં કુમળાં બાળકોનાં જોડાં સાંધી નિર્વીર્યતા અને કંગાલિયતના સાગરમાં ડુબતો ડચકાંખાતો હોત. બાળલગ્નની ભયંકર બેડીઓ અને બ્રહ્મચર્ય–ભંગ રૂપી ઝેરી સર્પદંશનાં વિષથી હિંદુસ્તાનની પ્રજા સડી સડી મરવાની અણી પર આવી ગઇ ત્યાં સુધી આચાર્યો અને ગુરુઓએ માન્યા જ કર્યું કે સનાતન ધર્મને જરા યે હાનિ પહોંચી નથી !

ૐ

અમારી પૂજા કરો, અમને દક્ષિણા ધરો, અમારી છબીઓ ને પાવડીઓ પૂજો, અમારાસિવાય કોઇનું માનો મા, અમે કહીએ તે જ સત્ય, બાકી બધા જુઠા, એમ બ્રહ્મવાક્યોના ઇજારા રાખી બેઠેલા ' મહાત્માઓ 'નો યુગ તો અખા ભગતે ક્યુંએશ કરી તે પહેલાં બેસી ચુકેલો. ' ધન હરે, ધોખો નવ હરે ' એ કહેવાની તેને ફરજ પડી હશે તે દિવસે સંસારના ત્રાસ ઓછા નહિ હોય.

ૐ

ધર્મનાં શુદ્ધ તત્ત્વો ઉપર વહેમ, ભીતિ, પ્રપંચ, લાગવગ વગેરે ધુળનાં પોપડાં જેમ બાઝી રહ્યાં હતાં. મૂર્તિપૂજાની સુંદર કવિતા અને કળા તો નાટક–તમાશા અને લોકોને ઠગવાની બાજી રૂપ બની રહી હતી, અને એમાં તમામ નરનારીઓ સ્વાર્થ, ભય કે અજ્ઞાનથી ગુંચવાએલાંજ રહેતાં. કોઇની હીંમત નહોતી કે એ સામે ચુંકારો સરખો પણ કરે. ભારતનાં કુમળાં કુમારકુમારીઓ ઉપર નાનપણથી જ આ સંસ્કારો સજ્જડ ઘર કરી લેતા, અને પછી તો સમજવા છતાં યે તેઓ દબાઇ દબાઇજીવન પુરૂં કરતાં.

વેદ અને ઉપનિષદ્‌નાં તેજ અને પ્રતાપ આર્ય પ્રજામાંથી ઓસર્યાં એટલે ધર્મસૂત્રોના અનર્થો થયા. અજ્ઞાનના સાગરમાં ડુબતા સંસારને ઉંચે લેવા મહર્ષિ દયાનંદ જેવો જે પ્રબળ આત્મા તૈયાર થયો તેની કક્ષા વેંતિયા ન માપી શકે. એ નરવીરની શતાબ્દિનો સંદેશ કુમાર અને કુમારીઓ ઝીલોઃ

અરધો રોટલો

'અરધો મળતો હોય ત્યાં સુધી એ છોડીને આખાને ન દોડવું' એ પુરુષાર્થહીન કહેવત આપણામાં ક્યારે અને કેમ આવી હશે એ કોણ જાણે; પણ એણે આપણું તેજ હરી લીધું છે, આપણને અલ્પસંતોષી અને પરિણામે એદી, દરિદ્રિ ને નિર્વીર્ય બનાવી મુકી આપણી પાયમાલી કરી છે, એ તો ચોક્કસ.

'સલામતી શોધવામાં પુરુષાર્થ હણાય છે' એ સુવર્ણ-સૂત્ર કેટલું સાચું છે તેની, ઉપલી બાબતોનો જેમ ઉંડો વિચાર કરીએ છીએ તેમ ખાતરી થાય છે. અરધા રોટલાથી સંતોષ માની લઇ, આપણે આપણી જાતની સલામતી શોધતા, કોઇ ઓછા કામવાળી જગ્યાએ, કોઇ વગવાળા શેઠિયાની સોડમાં, કે માબાપ અને વતનની હુંફમાં પડ્યાપડ્યા આપણી જાતને સુખી માનતા હોઇએ છીએ ત્યારે આપણે બીજી બાજુથી કટાતા જઇને કેટલા ક્ષીણ બનતા જઇએ છીએ તેનું આપણને ભાન નથી રહેતું.

હાથ પગ અને ભેજું અજમાવો રોટલો રળવાને, વિદ્યા-કળા કે હુન્નર-ઉદ્યોગ શીખવાને, વેપાર કે પરાક્રમ ખેડવાને, કીર્તિ ને લક્ષ્મીની વરમાળ પહેરવાને તલસતાં હૈયાંઓની કંઇકંઈ મહત્ત્વાકાંક્ષાઓ એ 'અરધા રોટલા'ની કહેવતે છુંદી નાખી છે; એમની સાહસની વૃત્તિને ઓસારી નાખી છે; તેજસ્વિતા હણી લીધી છે. એ કહેવતને ઓથે ભરાએલા આપણા કેટલાયે જુવાનો વતનની બહાર ડગ દેતાં ફાટી પડે છે! બાર ગાઉ દૂર આવેલું ગામ એને મન પરદેશ છે! અને આપણાં વ્હાલેસરી માબાપો પોતાના લાડકવાયા દીકરાઓને એવે 'પરદેશ' ન મોકલતાં પોતાની નજરની સીમમાં ગોંધી રાખી તેમને નજરકેદ કરે છે; તેમના અંતરના થનગનાટને—તેમની ખીલતી મહત્ત્વાકાંક્ષાઓને ડામે છે; ઉડવા માગતી તેમની પાંખોને કાપે છે; તેમની સાહસિક વૃત્તિને—તેમના પુરુષાર્થને સંકુચિત ક્ષેત્રમાં ગુંગળાવી મારી નાખે છે! એવા કૈંક બેહાલ જુવાનિયાઓથી ઉભરાતો આ કંગાળ દેશ દીન સ્થિતિમાં દુનિયાની પ્રજાઓ આગળ ઉભો છે!

જુવાનો! તમે આ સાંભળો છો? તમારી મ્હોરતી મહત્ત્વાકાંક્ષાઓ, તમારા અંતરના ઉછાળા, તમારૂં ધખધખતું લોહી એ બેડીના બંધમાં રખે જકડાવા દેતા. રે, આવડા મોટા આ વિશાળ જગતમાં, માત્ર પોતાના બાહુ અને બુદ્ધિનાં બળ ઉપર શ્રદ્ધા રાખી, કશા પણ ઓથઆશરા વિના ઝુઝવા માટે ઝંપલાવવામાં કોઈ અદ્ભુત રોમાંચકારી મઝા નથી? મને તો લાગે છે મર્દ એને જ માટે જન્મ્યો છે.

પુરુષાર્થને ભોગે આવતી એ સલામતીને ફંગોળીને ફેંકી દો; તમારી ચોમેર વીંટળાતી વ્હાલેસરીઓના હેતની જંજીરોને તોડી નાખો. અને હુંકાર કરી બહાર ઉડી નીકળવા પાંખો ફફડાવો.

'બ્રહ્મચર્યમ્ તપોત્તમમ્'

ॐ

કુમાર અને કુમારીઓ! સંસારી સ્વપ્નાં દૂર કરો; તમારાં મન સ્વચ્છ સ્ફટિક જેવાં પવિત્ર અને નિર્મળ રાખો; તેને શયતાનના ડંખ લાગવા દેશો મા. બ્રહ્મચર્યની ભુલોનાં કેવાં ભયંકર પરિણામો આવે છે તેની તમને ખબર ન હોય તો પુછો કો જ્ઞાતા કે અનુભવીને. મૂર્ખ અણવરો, બેવકુફ કાકામામા અને છાકટા મિત્રોની વાતોનાં ઝેર ન પીતા. અજ્ઞાન સ્ત્રીઓ ને શઠ નોકરોના ઉપહાસ તરફ કરડી નજરે જોજો.

ॐ

જીવનનાં મીઠાં અમૃત એકમાત્ર સંયમ પાળનારને જ મળે છે. આત્માની અપાર, અમાપ શક્તિની સ્વાધીનતા જોઇતી હોય તો સાચવો તમારાં શીલ અને બુદ્ધિની પવિત્રતા. રે, આજ ધરિત્રી પર એટલો કચરો ને ભાર છે કે તે દૂર કરવા જીવનભરનાં બ્રહ્મચારીઓ ને બ્રહ્મચારિણીઓની ક્ષણેક્ષણ કામમાં આવે તેમ છે.

સીફારશ

જુવાન માણસોને આગળ વધતા તથા સ્વાશ્રયી થતા અટકાવનારી એ એક ભુંડી બલા છે. 'જેની હોય વગ, તેનો પેસે પગ' એ આપણી અધોગતિએ પહોંચેલી પુરુષાર્થહીન સ્થિતિનું દર્શન કરાવનારી શરમભરી કહેવત છે. 'વગ' એ એક જ વસ્તુ એવી છે કે જેને આશરે રહી જુવાનો પોતાનું જોમ બતાવતા અટકે છે અને પોતાનું હૈવત ખીલવી શકતા નથી. સીફારશ તો અપંગો અને અનાથો માટે છે. જેની અક્કલ આંધળી બની ગઇ છે અને ચેતન ઓસરી ગયું છે એવાઓને ટેકવીને દોરવાને માટે સીફારશની લાકડી જોઇએ. આશાભર્યા તેજસ્વી જુવાનોને માટે તો હાથ, પગ અને ભેજું સલામત હોય તો બસ છે.

(જૈન પ્રભાવ)

જે શબ્દો આપણે બોલ્યા નથી તેના આપણે 'માલિક' છીએ; પણ જે આપણે બોલી નાખ્યા છે તેના આપણે 'ગુલામ' છીએ.

જે કાંઇ ભલું તમે કરી શકો તે બોલ્યા વગર કરી નાખો. સૂર્ય તડકો અને પ્રકાશ આપવા માટે કોઇની કહેવા વાટ નથી જોતો.

વખતને પાંખો છે. માટે જે કાંઇ સારૂં કરવું ધાર્યું હોય તે, એ ઉડી જાય તે પહેલાં જ આટોપી લેજો.

કનકનૌકા

૧

અનેકાનેક રંગોમાં સંધ્યા ખીલતી સાગરે:
ઝગળ જગશોભાની ત્યણુ મોહની પાથરે.

૨

એ મોહનીના ચમકાર ઝીલી,
જ્વલંત દૂરે પ્રતિબિંબ ફેંકી.
કેં કેસરીઆ શઢ--ફડફડાટે
સરી રહ્યું એક સુવર્ણનાવ.

૩

ક્ષીરાબ્ધિના ઘોર ઊંડાણ મધ્ય
કો પ્રાર્થનાના પ્રભુધામ જેવો.
ખંખેરતો અંતર ધૂપછાયા
સોહામણો છે અદ્વિતીય દ્વિપ.

૪

જ્યાં બારમાસી ફળફુલ ગોટા,
ઝુંડે ઝુલંતા બહુ પક્ષીમાળા:
જ્યાં તેજવાયુ વહતા રૂપાળા:
એવા સદા ચેતનના ઉછાળા—

૫

એ બેટના ખેતરમાં ઉભેલ
સોનેરસ્યો ઘેઘુર અન્નપાક;
ફરી વળ્યે ઉપર વાયુલે'ર
મંજરીઓનો સુસવાટ વાય.

૬

વસે તહીં એકલપંડ વૃદ્ધ
જેને લલાટે છ ત્રિકાલરેખા;
વર્ષો થયાં ખુબ ઉગાડી મોલ
પોતાતણો યૌવનકાળ ગાળ્યો.

૭

ને સાંજરે રોજ જ શોકઘેર્યો
તે બેટકાંઠે કરતો વિચાર:
'ઉગાડનારા! ઉપયોગ છે શો
અખુટ સર્વે ઢગ પાકનો આ ?'

૮

આકાશના સુરજપંખી જેવું
ભાળે તહીં ઝાંઝરમાન નાવ;
ને વૃદ્ધ નેત્રે સહસા ઝબુકે
આનંદના કૈંક સહસ્ર તારા.

૯

કહે નાવિકોને પછી જીર્ણ હૈયું:
'આવ્યા ભલે, ભાઇ! અતિથિ મારા,
રહો ભલે, આ ઘર છે તમારૂં;
લેતા જજો પાક સુવર્ણવાંણે.'

૧૦

મુંગામુંગા સાંભળી વાત મીઠી
રમ્યાજમ્યા એ મહેમાન પક્કા:
વા'ણે પછી સૌ ઢગલા ભરીને
છોડી શઢો ને સફરે ચડ્યા છે.

૧૧

બુઢ્ઢો વદે દુ:ખધુમેલ ચિત્તે:
'હું એકલો જીવનકાળ ગાળું;
જો બાપુ! માની મુજને કુટુંબી
ભલું થશે આ જીવ સાથ લેશો.'

૧૨

'બાપા, ન બોલો લવલેશ વાત,
નૌકા મહીં ભાર વધે વધારે;
જાઓ ડુબી સાગરમાં કદાચ
તો નાવિકો શિર કલંક ચોંટે.

૧૩

જવાબ જાણી બહુ તોછડો તે
ઘડીક ત્યાં વૃદ્ધ મને વિમાસે:
'જો હોય એવી બસ ઇશ્વરેચ્છા,
તો અંતકાળ લગી આમ ઉગાડું પાક.'

૧૪

બસૂરો વેગ નૌકાનો અંધારે અટવાય છે.
વૃદ્ધના વાળ ઘોળામાં તારાતેજ ચળાય છે.

[રવિબાબુના 'સોનાર તરી' કાવ્યની છાયા]

દેશળજી પરમાર


મહર્ષિ દયાનંદ

એ પણ એક કુમાર જ હતો. કુમારાવસ્થાના તરફડાટમાંથી જ એને સત્યની ભાળ લાધી. તરુણાવસ્થાના પ્રથમ પ્રભાતે તો એને અંતર્યામીએ ઇશારત કરી મહાપંથે મોકલી દીધો. જીવનનાં સંસારસુખ એણે માણ્યાં નથી—જાણ્યાં નથી.

અંબાશંકરના પુત્ર એ મુળશંકરે આજથી બરાબર એકસો વર્ષ ઉપર જ્યારે જગત ઉપર પ્રથમ આંખો ઉઘાડી ત્યારે રાજ્યક્રાન્તિઓના વાયરા સુસવતા હતા. ક્ષત્રિયોની થાકેલી સમરશક્તિએ નીંદરની સોડ ખેંચી હતી. મોગલ રાજ્યનો દીવો બુઝાઇ ગયો હતો. પેશ્વાઇનો સિતારો આથમતો હતો. થોડીવાર જાગતો હતો કેવળ પંજાબનો શાર્દુલ રણજીતસિંહ. લુટાલુટ મચી હતી. મારે તેની તલવાર હતી. સમાજના હૃદયમાંથી રૂઢીના જખ્મોએ રૂધિર વહેતાં કર્યાં હતાં. સતીઓની ચિતાઓ સળગતી હતી. મૂર્તિપૂજા પાખંડની પરિસીમા પર પહોંચી ચુકી હતી. અબળાઓ અને શૂદ્રો ધર્માભ્યાસના અનધિકારી બની, માતાનાં સ્તન પરથી આઘે ફેંકાએલાં ધાવણાં શિશુઓની માફક, ત્યજાયાં હતાં. દરિયાપારથી આવીને પાદરીઓએ વટાળની જાળો પાથરી હતી. યૂરોપી જડવાદનું વાવાઝોડું ગાજતું હતું. હિન્દુ ધર્મ જુલ્મોની ચક્કી બની બેઠો હતો. ઇસ્લામનાં આક્રમણો આવતાં હતાં.

એવા અંધકારમાં મુળશંકર અવતરે છે. ચૌદ વર્ષની વયે તો વેદપાઠ કંઠસ્થ કરે છે. ચુસ્ત શિવધર્મી પિતાને પગલેપગલે વ્રત–ઉપવાસ આદરે છે. એવે મહા માસની એક અમાસનાં અંધારાંની અંદરથી, દુધિયા દાંતવાળા એ બાળકને, પેલા મહાદેવની મૂર્તિ પર મસ્તી કરતા ઉંદરડાઓએ અસતને ઉઘાડું પાડી ગુરુગમની ચાવી દેખાડી. સોળમે વર્ષે વહાલી બહેનના મૃત્યુએ એની સામે સંસારસુખની માયાજાળ ચીરી બતાવી. અને વીસમે વર્ષે તો એ માતાપિતાને રડતાં મેલી સત્યની શોધમાં સંચર્યો. મહા આકરાં મંથન આદર્યાં. જીવનનું નવનીત વલોવીને જગતને દીધું અને પોતે જગતનું ઝેર ઘોળીને પી લીધું. નવયુગનો એ ગૌતમ બુદ્ધ દયાનંદ સરસ્વતી આજે ભલે થોડો વિસરાયો હોય; અસતને આરાધતી દુનિયાએ ભલે એનાં મુલ અધુરાં મુલવ્યાં હોય; પણ એનાં કર્યાં તો બીજાથી હજુ સુધી નથી થયાં. એ સત્યવીર, સામર્થ્યવીર, વિદ્યાવીર, સ્વદેશવીર અને ક્ષમાવીરનું જીવન કેટકેટલે વિવિધ સ્વરૂપે દસે દિશામાં ઝળહળેલું છે અને એની મહત્તા ક્યાંક્યાં છુપાએલી પડી છે, તે બતાવવા નીચેની ઘટનાઓ એકઠી કરી છે.

સોળસોળ વર્ષના રઝળપાટને અંતે છત્રીસમા વર્ષની વયે ગુરુજ્ઞાનને માટે તલસતા એ દયાનંદને ગુરુ લાધ્યા. ગુરુ વિરજાનંદની સેવા એ તો અસિધાર જેવી હતી. ગુરુજી દુર્વાસાનો જ અવતાર



હતા! ધમકાવે, ગાળો ભાંડે, મારે અને પીટે. એક દિવસ તો દયાનંદને માત્ર અમુક પાઠ ન આવડવાને કારણે વિરજાનંદજીએ પિત્તો ગુમાવ્યો. આંધળા બનીને એમણે દયાનંદને એક લાકડી ઠઠાડી. દયાનંદજીના હાથ ઉપર ફુટ થઇ. લોહી વહેવા લાગ્યું. પરંતુ સત્યનો શોધક એટલેથી કેમ છેડાય? બે હાથ જોડીને સુકોમળ અવાજે એ બોલ્યા; 'મહારાજ, મારૂં શરીર કઠોર છે. એટલે મને મારતાં તો ઉલટો આપનો સુંવાળો હાથ સમસમી ગયો હશે. મને આપ ન મારો, કેમકે આપને ઇજા થાય છે.'

દંડીજી નામના શિષ્યે ગુરુજીને એમની આ નિર્દયતા બદલ ઠપકો દીધો. ભોળા, ઓલિયા જેવા ગુરુને ભાન થયું, પસ્તાયા; બોલ્યા કે 'ભાઇ, હવે પછી નહિ મારૂં.' આ વાતની દયાનંદને જાણ થતાં જ એમણે જઇને દંડીજીને કહ્યું, 'શામાટે ગુરુજીને તમે મારે વાસ્તે ઠપકો દીધો? એ શું કાંઇ મને દ્વેષથી મારે છે? એ તો કુંભાર જેમ માટીને ટીપી ટીપી તેમાંથી સુંદર ઘાટ બનાવે છે તેમ મને પણ મનુષ્ય બનાવવા માટે જ શિક્ષા કરી રહ્યા છે.'

એ લાકડીના પ્રહારનો ડાઘ, દયાનંદજીના હાથ ઉપર જીવનભર રહ્યો હતો. અને જ્યારેજ્યારે પોતાની દૃષ્ટિ ત્યાં પડતી ત્યારેત્યારે પોતાના ગુરુજીના ઉપકારોની સ્મૃતિથી એમનું અંતર ગદ્દગદિત થઇ જતું હતું.

ગુરુજીના સ્વભાવની ધખધખતી ભઠ્ઠીમાં અઢી વર્ષ સુધી એ કંચન તવાઈ તવાઈને નિર્મળ બની રહ્યું. રહ્યાંસહ્યાં પાપની ભસ્મ થઇ ગઇ. અઢી વર્ષનો અભ્યાસ પુરો થતાં સ્વામીજીએ ગુરુના ચરણે પડીને વિદાય માગી કે 'મહારાજ, મારાં રોમેરોમ આપને ધન્યવાદ થઇ રહ્યાં છે. આપે મને સાચું વિદ્યાદાન દીધું. હવે હું દેશાટન માટે આપની આજ્ઞા લેવા આવ્યો છું. હું આપને ગુરુદક્ષિણામાં શું આપું? મારી પાસે રાતી-પાઈ પણ નથી. આ ચપટી લવીંગ છે તે આપના ચરણોમાં ધરૂં છું.'

દયાનંદના મસ્તક ઉપર શીતળ હાથ મેલીને ગુરુજી ગદ્દગદ્દ કંઠે બોલ્યા, 'બેટા, મેં તને બહુ જ સંતાપ્યો છે. હવે મને તારા સરખો તેજસ્વી અને સાગરપેટો શિષ્ય કયાં મળવાનો હતો? જા બેટા, તારી મંગળ કામનાઓ પુરી થજો. મારે તારી ગુરુદક્ષિણા ન જોઇએ. ગુરુદક્ષિણામાં હું એટલું જ માગી લઉં છું કે બાપુ, તું આ દુઃખી ભારતવર્ષની સેવા કરજે.'

ગુરુની મહત્તાનું રટણ કરતોકરતો દયાનંદ સંસારની રણવાટમાં ચાલી નીકળ્યો.

એક દિવસ દયાનંદજી યમુનાતીરે ધ્યાન ધરીને બેઠા છે. એવામાં કોઇક સ્ત્રીએ સ્નાન કરીને આવતાં પદ્માસન વાળીને બેઠેલા સ્વામીજીને ભાળ્યા. અને એમને પરમહંસ સમજી એમના ચરણો પર પોતાનું મસ્તક ઢાળી નમસ્કાર કર્યા. પગ ઉપર કોઇ મનુષ્યના માથાંનો ભીનો સ્પર્શ થતાં સ્વામીજીએ નેત્રો ખોલ્યાં. ચમકીને 'અરે માતા! અરે મૈયા!' એવા શબ્દો ઉચ્ચારતા ઉભા થઇ ગયા, અને ગોવર્ધન પર્વત તરફ જઇને એક મંદિરના ભીષણ ખંડિયેરમાં ત્રણ દિવસ અને ત્રણ રાત એમણે અન્નજળ વિના, કેવળ ધ્યાન-

ચિન્તનમાં જ તન્મય રહીને એ સ્ત્રી–સ્પર્શના પાતકનું પ્રાયશ્ચિત્ત કર્યું.

ૐ

એક દિવસ કેટલીએક સ્ત્રીઓ મોહક શણગારો સજીને સ્વામીજીની પાસે આવી. સ્વામીજીએ પુછ્યું, 'બહેનો, ક્યાંથી આવો છો?'

'મહારાજ, સાધુઓની પાસે થઇને અહીં આવીએ છીએ.'

'સાધુઓની પાસે શા માટે?'

'આપ કહો તો આપની પાસે આવીએ.'

'મારી પાસે શા માટે?'

'ઉપદેશ લેવા માટે.'

'બહુ સારૂં. તો તમારા પતિઓને જ મોકલજો. એ અહીંથી ઉપદેશ લઇ જઇને તમને સંભળાવશે. તમે હવે પછી ન આવજો.'

ત્યાર પછી સ્ત્રીઓ કદિ પાછી ન આવી.

ૐ

સોરોં ગામમાં એકવાર સ્વામીજી ઉપદેશ આપી રહ્યા છે. તે વખતે એક કદાવર, પહેલવાન, વિકરાળ જાટ આવી પહોંચ્યો. મોં ઉપર રોષ સળગે છે; ભવાં ચડી ગયાં છે; ખભા પર ડાંગ રહી ગઇ છે. લાલઘુમ નેત્રો ફાડતો ને હોઠ પીસતો એ રજપુત સભાને ચીરીને સડસડાટ સ્વામીજીની સન્મુખ આવી ઉભો રહ્યો અને એના મોંમાંથી અંગાર ઝરવા લાગ્યા કે 'રે ધૂર્ત, તું સાધુ થઇને મૂર્તિપૂજાનું ખંડન કરે છે? ગંગામૈયાને નિંદે છે? દેવોની વિરૂદ્ધ બકવાદ કરે છે? હવે બોલ જલદી, તારા કયા અંગ ઉપર આ ડાંગ લગાવીને તને પુરો કરી નાખું?'

આખી સભા થરથરી ઉઠી. પણ સ્વામીજીએ તો રતિમાત્ર ચલાયમાન થયા વિના, એની એ ગંભીર મુદ્રા રાખીને હસતાંહસતાં ઉત્તર આપ્યો કે 'ભાઈ! જો મારો ધર્મપ્રચાર તને અપરાધ લાગતો હોય તો એ અપરાધ કરનાર તો મારૂં આ મસ્તક જ છે. એ માથું જ મને આવી વાતો સુઝાડે છે. માટે તારે સજા કરવી હોય તો એ માથા ઉપર જ ડાંગ ઝીંકી દે બેટા!'

એ ક્ષમાવીરનાં નેત્રોની જ્યોત પેલા જાટનાં નેત્રોમાં પડી. ધગધગતો અંગાર જાણે કે જળધારા વડે બુઝાઇ ગયો. સ્વામીજીના ચરણોમાં એ ઢળી પડ્યો; રડવા લાગ્યો. સ્વામીજી બોલ્યા, 'વત્સ! તેં કશું ય નથી કર્યું. મને કદાચ માર્યો હોત તોપણ શી ચિંતા હતી? જા, પ્રભુ તને સન્મતિ દેજો!'

ૐ

પોષ–માઘની કડકડતી ઠંડીમાં, જ્યારે ઝાડપાન પર ઠાર પડતો હોય, ઝરાનાં નીર જામીને બરફ બની જતાં હોય, સુસવતો પવન કાતિલ શરની માફક શરીરને વીંધતો હોય, એવે સમયે ગંગાની હિમ જેવી રેતીમાં, કેવળ એક કૌપીનભર, પદ્માસન વાળીને સ્વામીજી આખી રાત બેઠા રહેતા. એમને આવી દશામાં દેખીને કોઇ ભક્તજન એમની કાયા ઉપર કામળી ઓઢાડી જતો. સ્વામીજી તરત એ કામળીને અળગી કરી નાખતા. એવી એક રાત્રિએ, બદાયૂંના ગોરા કલેક્ટર સાહેબ તેમના મિત્રની સાથે ગંગાકિનારે ફરવા નીકળ્યા હતા. એમનાં શરીર તો ગરમ વસ્ત્રોમાં દટાઈ ગયાં હતાં, જ્યારે તેઓએ ગંગાના તટ પર આ લંગોટધારી તપસ્વીની પ્રચંડ તેજસ્વી કાયાને, સમાધિની લહેરમાં વિરાજમાન દીઠી. બંને અંગ્રેજો ટગરટગર જોઇ રહ્યા. સ્વામીજીની સમાધિ છુટી ત્યારે કલેક્ટર સાહેબે પુછ્યું, 'આપને ઠંડ નથી લાગતી?' સ્વામીજી જવાબ દેવા જતા હતા ત્યાં બીજો અંગ્રેજ બોલી ઉઠ્યો, 'એને ઠંડ શાની લાગે, રોજ માલમાલ ઉડાવતો હોય ને?'

હસીને સ્વામીજી બોલ્યા, 'સાહેબ, અમે હિન્દુ તો દાળ રોટલી ખાઇએ, એમાં માલમાલ શો હોય? પણ આપ તો ઇંડાં ઇત્યાદિ પૌષ્ટિક માલ આરોગો છો અને શરાબ પણ ઉડાવો છો. એટલે જો માલમાલ ખાવાથી જ ઠંડી સહન કરી શકાતી હોય તો આવો, કપડાં ઉતારીને થોડી વાર મારી બાજુમાં બેસી જુઓ.'

ઝંખવાણો પડીને અંગ્રેજ આડી વાત નાખવા લાગ્યો કે 'તો પછી આપ બતાવો, આપને ઠંડી કેમ નથી લાગતી?'

સ્વામીજી બોલ્યા, 'આપ જ કહો, આપનું મોં ઉઘાડું રહે છે તેને કેમ ઠંડી નથી લાગતી? ખુલ્લું રાખવાની સતત આદતને લીધે જ. એ જ પ્રમાણે મારા દેહને આદત પડી છે. એમાં બીજું કશું ય જાદુ નથી.

નમસ્કાર કરીને બંને ગોરા ચાલ્યા ગયા.

ૐ

સેંકડો રજપુતોને યજ્ઞોપવિત દેતાદેતા સ્વામીજી

ગામેગામ ઘુમી રહ્યા હતા. એક વખત કર્ણવાસમાં એમનો પડાવ હતો. ગંગાસ્નાનના મેળા પર હજારો માનવી એકઠાં થએલાં હતાં. બરૌલીના રાજા રાવ કર્ણસિંહ પણ આવેલા. આ રાવને વૈષ્ણવ પંથનો એવો નાદ લાગેલો કે પોતાના નોકરચાકરોને—અરે, ગાય ભેંસ અને ઘોડાઓને કપાળે તથા કંઠમાં પણ—તે બલાત્કાર કરીને તિલક-કંઠી લગાવી રહ્યા હતા. એક રાત્રિએ એના મુકામ પર રાસલીલા રમાતી હતી. સ્વામીજીને પણ પંડિતો બોલાવવા આવ્યા. સ્વામીજીએ કહ્યું, ' એવા હલકા કામમાં હું ભાગ ન લઇ શકું. આપણા પૂજનીય અને અવતારી પુરુષોનો તમે વેશ ભજવી રહ્યા છો એ ધિક્કારને પાત્ર કૃત્ય કહેવાય.' રાવ કર્ણસિંહને આ અપમાનનો ઘા વસમો લાગ્યો. બીજે દિવસ સાંજરે પોતાના મંડળને લઇ રાવ આવી પહોંચ્યા. સ્વામીજી ઉપદેશ કરી રહ્યા છે; શ્રોતાઓ તલ્લીન છે. રાવને આવેલા જોઇ સ્વામીજીએ સત્કાર કર્યો કે ' આવો. '

' ક્યાં બેસીએ ? ' કડક સ્વરે રાવ ગરજી ઉઠ્યા.

' જ્યાં આપની ખુશી હોય ત્યાં ' હસીને સ્વામીજી બોલ્યા.

' તમારી પડએ જ બેસીશું. '

' ખુશીથી; આવો, બેસો. ' કહી સ્વામીજીએ પોતાના આસન પરથી પોથી હટાવી લીધી.

પણ રાવને તો ટંટો મચાવવો હતો. એના મદોન્મત્ત કંઠમાંથી વચનો નીકળ્યાં કે ' સંન્યાસી થઇને રાસલીલામાં હાજરી ન આપી તેની લજ્જા નથી આવતી ?'

' રાવ મહાશય, આપના પૂજ્ય પૂર્વજોના વેશ કાઢીને હલકાં મનુષ્યો નાચે અને આપ ક્ષત્રિયો બનીને બેઠાબેઠા એ નાટક ઉપર ખુશી થાઓ એની લજ્જા તો આપને જ આવવી ઘટે. કોઈ સાધારણ લોકો પણ પોતાનાં કુટુંબીજનોના વેશ જોઇને ખુશી ન થાય. '

'અને તમે ગંગામૈયાની પણ નિંદા કરો છો, કેમ ?'

' ના ભાઇ, હું ગંગાની નિંદા નથી કરતો, પણ ગંગા જેવી અને જેટલી છે, તેવી અને તેટલી જ હું એને વર્ણવી બતાવું છું. '

' એટલે ? ગંગા કેટલી છે ? '

કમંડળ ઉઠાવીને સ્વામીજી બોલ્યા, ' જુઓ, મારે માટે તો આ કમંડળ ભરાય તેટલી જ. '

કર્ણસિંહના હોઠ કંપી રહ્યા હતા. સ્વામીજી ફરીવાર બોલ્યા, ' રાવસાહેબ, આપના કપાળમાં આ તિલક શાનું ? '

' એ ' શ્રી ' છે. એને ધારણ ન કરનાર ચાંડાળ છે. '

' આપ ક્યારથી વૈષ્ણવ થયા ? '

' કેટલાંક વર્ષો થયાં. '

' અને આપના પૂર્વજો પણ વૈષ્ણવ હતા ? '

' ના. '

' ત્યારે આપના કથન પ્રમાણે તો આપના પૂર્વજો તેમજ થોડાં વર્ષ પૂર્વે આપ પોતે પણ ચાંડાળ જ હતા એમ ઠર્યું. '

રાવનો હાથ તલવારની મુઠ પર ગયો અને એણે ત્રાડ દીધી, ' મોં સંભાળીને બોલ ! ' બીજા દસબાર હથિયારબંધ લોકો હતા. એના પંજા પણ પોતપોતાની તલવાર પર ગયા. શ્રોતાઓ ડરી ગયા, પણ સ્વામીજીએ પોતાની સદાની ગંભીર વાણીમાં તેમને કહ્યું કે ' શાદને ડરો છો ? કશી ચિંતા નથી. મેં સત્ય જ કહ્યું છે. '

રાફડામાંથી ભભુકેલા ફણીધરની માફક રાવ કર્ણસિંહ ફૂંકાર કરતા ગાળોનો વરસાદ વરસાવવા લાગ્યા. એમનો જમણો હાથ વારંવાર ખડ્ગની મુઠ પર જવા મંડ્યો. પરંતુ સ્વામીજીએ તો મોં મલકાવીને જ શાંત વાણી ઉચ્ચારી કે ' રાવ સાહેબ, વારંવાર ખડ્ગ શા માટે ખખડાવો છો ? જો શાસ્ત્રાર્થ કરવો હોય તો આપના ગુરુજીને તેડી લાવો. પણ શસ્ત્રાર્થ જ કરવો હોય તો પછી અમ સંન્યાસીને શીદ ડરાવો છો ? જઇને જયપુર–જોધપુરની સાથે બાખડો ને ! '

કોપજ્વાળામાં સળગતો રાવ તલવાર ખેંચીને સ્વામીજી સામે ધસ્યો. એકવાર તો સ્વામીજીએ ધક્કા દઇને દુશ્મનને પાછો નાખ્યો. ત્યાં તો ચોગણો કોપ કરીને રાવ ફરીવાર ધસ્યો. જરા યે વાર નહોતી. પણ સ્વામીજીએ ઉભા થઇને ઝપાટામાં પોતાનો પંજો પહોળો કરી રાવના હાથમાંથી તલવાર ઝાલી ઝુંટવી લીધી, અને તલવારની પીંછીને જમીન ઉપર ટેકવી, મુઠ પર એક એવો દાબ દીધો કે ' કડાક ! ' કરતા એ તલવારના બે ટુકડા થઈ ગયા ! રાવનાં કાંડાં પકડીને સ્વામીજીએ કહ્યું, ' કેમ, હવે હું તમારા પર પ્રહાર કરીને બદલો લઉં, એવી તમારી ઇચ્છા છે ? '

રાવનું મોં ઝંખવાણું પડ્યું.

'તમારા અત્યાચારથી ચીડાઇને હું તમારૂં બુરૂં ચિન્તવું નહિ. હું સંન્યાસી છું. જાઓ, પ્રભુ તમને સન્મતિ આપે!'

તલવારના બંને ટુકડા સ્વામીજીએ દૂર ફગાવી દીધા. સૌ વિદાય થઇ ગયા. આ ઘોર ઘટના બની તે વેળા પચાસ માણસો સ્વામીજી પાસે બેઠા હતા. એમણે આગ્રહ કર્યો કે રાવને અદાલતમાં ઘસડવા જોઇએ. સ્વામીજી કહે કે 'એ કદિ ન બને. એ બીચારો તો પોતાની ક્ષત્રિવટ ચુક્યો, પણ હું મારા બ્રાહ્મણત્વમાંથી શા માટે લથડું?'

ॐ

ભક્તજનોએ આવીને સ્વામીજીને વીનવ્યા કે લોકો આપની જીંદગી લેવા વારંવાર હુમલા કરે છે, તો આપ અહીં ઉઘાડા સ્થાનમાં ન રહેતાં અમારા અંદરના ખંડમાં રહો.

સ્વામીજી બોલ્યા, 'ભાઈ, અહીં તો તમે રક્ષણ કરશો, પણ બીજે જઇશ ત્યાં કોણ બચાવવાનું હતું? મને તો પ્રભુ જેવડો મોટો ચોકીદાર મળ્યો છે. મને કશો ભય નથી.'



ॐ

એક દિવસ સભાની વચ્ચોવચ્ચ એક કાલિનો ઉપાસક બ્રાહ્મણ નશામાં ચકચુર થઇને આવ્યો અને ગાળો દેતાંદેતાં સ્વામીજીની સામે પગરખું ફેંક્યું. પગરખું તો સ્વામીજીને ન વાગતાં વચ્ચે જ પડી ગયું, પણ ત્યાં બેઠેલા સાધુઓની આંખોમાં ખૂન ભરાઇ આવ્યું. તેઓ આ બ્રાહ્મણને પકડીને મારવા મંડ્યા. સ્વામીજીએ તેઓને અટકાવીને કહ્યું કે 'શા માટે? મને કંઇ જ દુઃખ નથી. અને કદાપિ જોડો મને વાગ્યો હોત તોપણ એ ક્યાં રામબાણ હતું?'

ॐ

નદીના દૂરદૂરના કોઈ નિર્જન સ્થળ પર જઇને સ્વામીજી સ્નાન કરતા. કૌપીન એક જ હોવાથી પ્રથમ કૌપીનને ધોઇ, સુકવી, પોતે સિદ્ધાસન વાળીને રેતીમાં બેસી જતા. કૌપીન સુકાઈ જાય ત્યારે પોતે ઉઠીને સ્નાન કરી કૌપીન બાંધી પોતાને મુકામે જતા. એક દિવસ કેટલાએક મલ્લો સ્વામીજીના શરીર-બળની નામના સાંભળીને એમને જોવા આવ્યા. સ્વામીજી તે વખતે સ્નાન કરીને જ ચાલ્યા આવતા હતા. મલ્લરાજોને નીહાળી પોતે વાતનો મર્મ સમજી ગયા. કૌપીન તે દિવસ ભીનું હતું. જમણે હાથે કૌપીનને જોરથી નીચોવીને તેમણે મલ્લોને કહ્યું, 'તમારામાંથી જેને પોતાના કૌવતનું ગુમાન હોય તે આ કૌપીનમાંથી નીચોવીને પાણીનું એક પણ ટીપું કાઢી બતાવે.'

બધાએ એક પછી એક કૌપીનને નીચોવી જોયું. એક પણ બિન્દુ ન પડ્યું!

ॐ

એક દિવસ સ્વામીજી ગંગાનાં ઉંડાં જળમાં લેટતા હતા એવામાં એક મસ્ત મગરમચ્છ તેમની લગોલગ થઇને નીકળ્યો. કીનારેથી એક ભક્તજને બુમ પાડી કે ' મહારાજ, ભાગજો; મગર આવે છે. ' લગારે ખસ્યા વગર સ્વામીજીએ મસ્ત દશામાં પડ્યાપડ્યા જવાબ દીધો કે ' ફિકર નહિ. હું જો એને નથી સતાવતો તો પછી એ મને શા માટે છેડવાનો હતો ? '

卐

કાશીમાં મહર્ષિનો પડાવ હતો ત્યારે ત્યાંના પંડિતોએ ઠરાવ કર્યો હતો કે કોઇએ એ પાપીની પાસે ન જવું; એનું મોં પણ ન જોવું. એક મહામહોપાધ્યાયજીને ગર્વ રહ્યો હતો કે જો મારી સાથે વાદવિવાદ થાય તો હું એ દુષ્ટને સીધો કરી નાખું. પરંતુ એમનું મોં જોવાથી તો પાપ લાગે; તેથી એ બાપડા પંડિત સ્વામીજીની પાસે જઇ શકતા નહિ. પણ આખરે મોં જોવું જ ન પડે તેવી યુક્તિ એમને સુઝી ગઇ. એક દિવસ રાત્રિએ અંધારામાં એ સ્વામીજીની પાસે આવીને ચર્ચાનું આવ્હાન દેવા લાગ્યા. એમણે શરત મુકી કે હું આ છરી લાવ્યો છું. શાસ્ત્રાર્થમાં જે હારે તેનાં નાકકાન એ વડે કાપી નાખવાં.'

હસીને સ્વામીજી બોલ્યા, ' પંડિતજી, મારી પણ એક શરત છે. આ ચપ્પુ પણ રાખીએ. આપણામાંથી જે હારે તેની જીભ પણ આ ચપ્પુ વડે કાપી લેવી. કેમકે નાકકાન તો બીચારાં આ વાતમાં નિર્દોષ છે. વાદવિવાદમાં જે દોષ થશે તે તો જીભનો જ થશે ! '

卐

કાશીમાં સ્વામીજી મુસલમાન મતની પણ ત્રુટીઓ બતાવી ખંડન કરતા હતા તેથી મુસલમાનોને એમના ઉપર ભારે રોષ ચડેલો. એક દિવસ સાંજરે ગંગાતટ પર સ્વામીજી આસન લગાવીને બેઠા હતા. દૈવયોગે મુસલમાનોની એક ટોળી ત્યાં થઇને નીકળી. પોતાના ધર્મના ટીકાકારને ઓળખ્યો. બે પહેલવાનો ધસ્યા. સ્વામીજીને ઉપાડીને ગંગામાં ફેંકવા લાગ્યા. બંને જણાએ બંને હાથ વતી સ્વામીજીનાં બે બાવડાં પકડ્યાં હતાં, અને એ રીતે એમને ઝુલાવીને પ્રવાહમાં ફગાવી દેવા જતા હતા. ત્યાં તો સ્વામીજીએ પોતાની બંને ભુજાઓ સંકોડીને પોતાના શરીરની સાથે દબાવી દીધી. બંને મલ્લોના ચારે હાથ સ્વામીજીની બગલમાં સપડાઇ ગયા. પછી તો મગદુર શી કે હાથ ચસાવી શકે ? એમ ને એમ સ્વામીજીએ જોરથી ઉછાળો મારી ગંગામાં ઝંપલાવ્યું. પેલા બંને જણને પણ સાથે જ ઘસડતા ગયા. પોતે પાણીમાં ડુબકીઓ મારીને બંને મલ્લોને થોડાં ગળકાં ખવડાવ્યાં અને પછી છોડી દીધા. મુશ્કેલીથી બંને જણ બહાર નીકળ્યા. કાંઠે ઉભેલું ટોળું આથી ખુબ ચીડાઈ ગયું. બધાએ હાથમાં પથ્થરો લઇને સ્વામીજીના બહાર નીકળવાની રાહ જોઇ. સ્વામીજી સમજી ગયા, એટલે પોતે શ્વાસને રૂંધીને પદ્માસન લગાવી પાણી પર બેઠક જમાવી. અંધારૂં થઇ ગયું. પેલા સમજ્યા કે બાવો ડુબી ગયો; ચાલ્યા ગયા; એટલે સ્વામીજીએ પણ પાણીમાંથી નીકળીને અધુરી રહેલી સમાધિ ફરીવાર લગાવી.

卐

એક દિવસ સાંજરે ગંગાના તટ ઉપર બેસીને સ્વામીજી સૃષ્ટિસૌંદર્ય જોતા હતા. એ વખતે એક મરેલું બાળક લઇને એક સ્ત્રી કિનારે આવી. પોતાના બચ્ચાના મૃતદેહને હાથમાં ઉપાડીને એ બાઇએ પાણીમાં પ્રવેશ કર્યો. થોડા ઉંડા પાણીમાં જઇને એણે એ શબ ઉપર લપેટેલું કપડું ઉતારી લીધું અને 'હાય ! હાય ! ' એવા આર્તનાદ કરતાંકરતાં એણે શબને પ્રવાહમાં છોડી દીધું. સ્વામીજીએ જોયું કે એ ખાપણના ટુકડાને ધોઇ સુકવીને રડતીરડતી એ માતા ઘેર જાય છે. એમનું હૃદય આ દેખાવ જોઇને ચીરાઈ ગયું. એમણે વિચાર્યું કે અરેરે ! દેશની આટલી ગરીબી કે આ જનેતાએ પોતાના પ્રાણ સરખા પ્યારા બાળકને તો નદીમાં ફેંકી દીધું, છતાં વસ્ત્રના ટુકડા ન જવા દીધો ! ગરીબીનો આથી વધુ સજ્જડ પુરાવો બીજો કયો હોઇ શકે ? તે જ પળે એમણે પ્રતિજ્ઞા કરી કે આ ગરીબોની ભાષામાં જ મારા જ્ઞાનનો પ્રચાર કરી એમનાં દુઃખો ફેડવાના ઇલાજો ઉપજાવીશ.

卐

એક દિવસ બજારમાં એક ફાટેલો સાંઢ લોકોની પછવાડે દોડતો, કૈકને કચરતો ને પટકતો દોડ્યો આવે છે. લોકો ઓટલા પર ચડી ગયા છે અને

'સ્વામીજી ! ખસી જાઓ, ચડી જાઓ !' એવી ચીસો પાડે છે. ફિકર થડક્યે સ્વામીજી સીધા ને સીધા સાંઢની સામે ચાલ્યા ગયા. તદ્દન નજીક ગયા એટલે સાંઢ પોતાની મેળે જ રસ્તો છોડીને ગરીબ ગાયની માફક ચાલ્યો ગયો ! લોકોએ આવીને પુછ્યું કે 'મહારાજ, સાંઢે શીંગડાં ઉગામ્યાં હોત તો ?'

'તો બીજું શું ? શીંગડાં પકડીને દૂર ધકેલી દેત.'

જમાલપુર જંક્શનના ચોગાનની અંદર સ્વામીજી એક વાર ગાડીની રાહ જોતાજોતા ટેલતા હતા. એક અંગ્રેજ એન્જીનિયર પણ પોતાની પત્ની સહિત ત્યાં ઉભો હતો. મડમ સાહેબને આ કૌપીનધારી સાધુને પોતાની સમક્ષ નિર્લજ્જપણે ટેલતો દેખીને ગુસ્સો ચડ્યો. તેના ગોરા ભરથારે સ્ટેશન માસ્તરને આજ્ઞા કરી કે 'આ નાગડાને અહીંથી હટાડો.'

સ્ટેશન માસ્તરે આવીને સ્વામીજીને વિનવ્યા કે 'મહારાજ, ગાડીને હજુ વાર છે. આપ પેલી બાજુ આવીને ખુરશી પર જરા આરામ કરો.'

સ્વામીજી સમજી ગયા અને બોલ્યા કે 'જેણે આપને મોકલ્યા છે તેમને જઇને કહો કે અમે તો એ યુગના મનુષ્ય છીએ કે જે યુગમાં તમારા દાદા આદમ અને દાદી હાવાં, ઇડનના બગીચામાં તદ્દન નગ્ન રઝળવામા જરા યે લજ્જા નહોતાં પામતાં !'

આટલું કહીને સ્વામીજીએ તો લટાર મારવાનું ચાલુ જ રાખ્યું. પછી જ્યારે પેલા ગોરા એન્જીનિયરને સ્વામીજીના નામની ખબર પડી ત્યારે તો એણે તત્કાળ સ્વામીજીની પાસે આવીને વિનયથી વંદન કરી ભાવભર્યા શબ્દો ઉચાર્યા કે 'આપશ્રીના દર્શનની ઘણા કાળની ઉમેદ આજે તૃપ્ત થઇ !'

ભાગલપુરમાં મુકામ હતો તે વેળા એક રાત્રિએ સ્વામીજીએ ભોજન ન લીધું. ભોજન મોકલનાર ભક્તે કારણ પુછતાં જવાબ મળ્યો કે 'ભાઇ, ભોજન આજે ભાવે તેમ નથી. અહીં મેળામાં આવનારા લોકો પંડાઓને પોતાની દીકરીઓ સુદ્ધાંનાં પણ દાન કરે, એટલું બધું અજ્ઞાન આ દેશમાં પ્રવર્તેલું જોઇને ધાનનો કોળીઓ ઝેર જેવો લાગે છે.'

એવા અંધકારવાળી અજ્ઞાન રાત્રિમાં આ દેશ ફસાએલો હતો અને એવાં અંધારાં ભેદીને દયાનંદને પોતાનો જીવનપંથ કાપવાનો હતો.

'મહારાજ, એકલાએકલા આપ હસી કાં રહ્યા છો ?' ભક્તોએ પુછ્યું.

'જુઓ, એક માણસ અહીં ચાલ્યો આવે છે. હમણાં તમને એનો તમાશો બતાવું.' સ્વામીજીએ જવાબ દીધો.


ત્યાં તો એક બ્રાહ્મણ મિષ્ટાન્ન લઇને આવી પહોંચ્યો. સ્વામીજીને 'નમો નારાયણ' કહીને એણે મિષ્ટાન્નની ભેટ ધરી. સ્વામીજીએ કહ્યું, 'લ્યો, થોડું તમે પણ ખાઓ; હું પણ ખાઉં.' પરંતુ પેલા માણસે મીઠાઇ ન લીધી. સ્વામીજીએ ત્રાડ માર્રીને કહ્યું, 'ખાઓ, કેમ નથી ખાતા ?' બ્રાહ્મણ કંપી ઉઠ્યો. એણે બે હાથ જોડ્યા. સ્વામીજીએ પાસે બેઠેલા એક કુતરાને બટકું ખવડાવ્યું. તરત કુતરો ઢળી પડ્યો. પોતાના ભક્તોને મહર્ષિએ બતાવ્યું કે 'આટલા માટે હું હસતો હતો. આ વિષપ્રયોગ જોયો ?'

ભક્તો પોલીસને બોલાવવા ઉઠ્યા. સ્વામીજી કહે કે 'એ ન જ બને. જુઓ, આ બાપડો થરથરે છે. એને એટલી સજા જ બસ થશે.'

બ્રાહ્મણને છોડી દેવામાં આવ્યો. એવા વિષપ્રયોગો તો એમના ઉપર કૈંકૈં વાર થયા હતા. ઉલટી કરીકરીને એ પેટમાં ગએલા ઝેરને ઉતારી નાખતા હતા.

સ્વામીજી સિંહાસન ઉપર બેસીને ઉપદેશ દેતા હતા અને ઉપદેશ પુરો થયે કોઇને પ્રશ્નો પુછવા હોય તો તેને બેસવા માટે પોતાની સન્મુખ ખુરશી મુકાવતા. એક દિવસ એક પંડિત ઉઠીને કહેવા લાગ્યા કે 'અમને નીચું આસન શા માટે આપો છો ? તમારા આસન જેટલી જ ઉંચી ખુરશી અમને મળવી જોઇએ.' સ્વામીજીએ હસીને કહ્યું, 'ભાઇ, હું તો વ્યાખ્યાન દેવાની સુગમતા ખાતર જ ઉંચે બેસણે બેસું છું. છતાં યે જો આપને અપમાન લાગતું હોય તો સુખેથી એ ખુરશીને મેજ ઉપર ચડાવી, મારા કરતાં યે ઉંચેરા બની આપ બેસી શકો છો. બાકી તો શું કોઈ ચક્રવર્તી રાજાના મુગટ ઉપર બેસનારી

માખી અથવા મચ્છર કાંઈ ઊંચાં બની જતાં હશે ? આસનની ઉંચાઇ-નીચાઇ વિચારવાં આપને ન શોભે.'



અમૃતસરમાં એક દિવસ એક પાઠશાળાના શિક્ષકે પોતાના નાની વયના વિદ્યાર્થીઓને શીખવ્યું કે 'ચાલો, આજે આપણે એક કથા સાંભળવા જવાનું છે. તમે તમારાં દફ્તરોમાં ઇંટોના ટુકડા ભરી લો. ત્યાં હું ઇશારો કરૂં કે તરત જ તમે કથા કહેનારની ઉપર ઇંટોનો મારો ચલાવજો. કાલે તમને લાડુ આપવામાં આવશે.'

એ કથાકાર મહર્ષિ દયાનંદ વિના બીજો કોણ હોય ? બાળકો સહિત પંડિત કથામાં ગયા. સાંજ પડી અને અંધારૂં થયું કે તત્કાળ ગુરુજીએ ઈશારત કરી. સ્વામીજીના માથા પર ઇંટોનો વરસાદ વરસવા લાગ્યો. આખી સભા ખળભળી ઉઠી. પણ સ્વામીજીએ સૌને શાંત પાડ્યા. પોલિસના અધિકારીઓએ એ બાળકોમાંના કેટલાએકને પકડીને સ્વામીજીની પાસે હાજર કર્યાં. પોલિસના પંજામાં સપડાએલાં એ બટુકો ચોધાર રડતાં હતાં. ધ્રુસકાં ભરતાંભરતાં તેઓએ કબુલ કર્યું કે પંડિતજીએ લાડુની લાલચ દઇને આ કૃત્ય અમારે હાથે કરાવ્યું હતું.

સ્વામીજીએ એ જ પળે લાડુ મંગાવ્યા, બાળકોને વહેંચી દીધા અને કહ્યું કે 'બચ્ચાંઓ ! તમારા પંડિતજી કદાચ તમને લાડુ ન આપે એમ સમજીને હું જ આપી દઉં.'

સ્વામીજીના પ્રભાવમાં અંજાએલા તે કાળના એક વાઇસરૉય સાહેબે સ્વામીજીની વિપત્તિઓની કથા જ્યારે સાંભળી ત્યારે સ્વામીજીના રક્ષણ માટે કાયમી સીપાઇઓ નીમવાની તેમજ રેલગાડીની મુસાફરી માટે પહેલા વર્ગનો પાસ કઢાવી આપવાની એ નામદારે ઇચ્છા બતાવી. સ્વામીજીએ આભાર માનીને ઉત્તર દીધો કે 'એ સહાયને હું નહિ સ્વીકારી શકું. એથી તો લોકો મને રાજસત્તાનો નોકર અથવા તો ખ્રીસ્તી પાદરી માની બેસે ?'

વાઇસરૉય—તો શું આપ રાજ્યની નોકરીમાં કાંઇ બુરૂં સમજો છો ?

સ્વામીજી—હું તો સંન્યાસી છું. મેં તો પરમેશ્વર રૂપ સાચી સરકારની નોકરી જ સ્વીકારી લીધી છે.

વાઇસરૉય—ત્યારે શું અત્યારની સરકારને આપ સાચી નથી માનતા ?

સ્વામીજી—એટલે કે આ સરકાર પરિવર્તનશીલ છે અને મારી ઇશ્વરી સરકારનો નિયમ તો અટલ અને એનો ઇન્સાફ અદલ છે. મનુષ્યોના ન્યાય-નિયમ સમયાનુસાર બદલે છે.

દાનાપુરમાં મુસલમાનોએ સ્વામીજીના આંદોલન ઉપર કોપદૃષ્ટિ કરવા માંડી. ભક્તોએ કહ્યું, 'મહારાજ, એ લોકોની વિરૂદ્ધ કાંઇ ન બોલશો. વાતવાતમાં તેઓ લડવા ખડા થઈ જાય છે. તે વખતે તો સ્વામીજી કાંઇ ન બોલ્યા, પણ સાંજરે ભર સભામાં એમણે ઉચ્ચાર્યું કે 'છોકરાઓ મને કહે છે કે મુસલમાન મતનું ખંડન ન કરો. પણ હું સત્યને શી રીતે છુપાવું ? અને જ્યારે મુસલમાનોનું ચાલતું હતું ત્યારે તેઓએ તો આપણું ખંડન ખડ્ગથી કર્યું હતું. પણ આશ્ચર્યની વાત છે કે આજે તો મને શબ્દોથી યે ખંડન કરવાની મના થઇ રહી છે !'

આગ્રામાં ખ્રીસ્તી ધર્મના બિશપની સાથે સ્વામીજીને ચર્ચાના પ્રસંગો પડેલા હતા. એ ઉદાર મહર્ષિ એક વખત ખ્રીસ્તીનું દેવળ જોવા ગયા. અંદર દાખલ થાય છે ત્યાં કોઇ ખ્રીસ્તીએ કહ્યું, 'મહારાજ, પાઘડી ઉતારીને પ્રવેશ કરો.'

સ્વામીજીએ થંભીને ઉત્તર દીધો, 'અમારા દેશની રીતિ પ્રમાણે તો માથા પર પાઘડી બાંધીને જવું એ જ સભ્યતાનું ચિહ્ન છે. એટલે મારા દેશની સભ્યતા વિરૂદ્ધ હું નહિ વર્તું. હા, આપ કહો તો જોડા ઉતારી નાખું.'

ખ્રીસ્તીએ કહ્યું, 'બંને ઉતારી નાખો.' સ્વામીજી દરવાજેથી જ પાછા ફરી ગયા. સ્વમાનનો ભંગ એ જ એમને માટે તો જીવતાં મોત હતું.

ઉદેપુરમાં મહર્ષિ એકાન્તમાં બેઠા છે ત્યાં મહારાણા પધાર્યા. એમણે આવીને કહ્યું, 'સ્વામીજી, જો મૂર્તિ-પૂજાનું ખંડન છોડી દો તો એકલિંગ મહાદેવના મહંતની

ગાદી આપને સોંપી દઉં. લાખ્ખોની નીપજના આપ ધણી થશો, આખું રાજ્ય આપને ગુરુ માનશે.'

દુભાએલા મહર્ષિએ ઉત્તર દીધો, 'રાણાજી, આવી લાલચ બતાવી મને મારા પ્રભુથી વિમુખ બનાવવા ચાહો છો? આપનું આ નાનકડું રાજ્ય અને કુબા જેવડો એ મઠ કે જેમાંથી તો હું એક જ દોટ દઇને બહાર નીકળી જઈ શકું છું, તે શું મને અનંત ઇશ્વર-ની આજ્ઞા ઉથાપવા જેટલો નિર્બળ બનાવી શકશે ? ફરીવાર મને આવું કહેવાનું સાહસ ન કરતા. લાખો મનુષ્યોનો પ્રભુ પ્રત્યેનો વિશ્વાસ કેવળ મારા વિશ્વાસ પર જ ટકી રહ્યો છે, જાણો છો રાણા ?'

રાણાજી ત્યારથી સ્વામીજીના પરમ ભક્ત બની ગયા.

ॐ

જોધપુરમાં પણ એમણે મુસલમાન મતનું ખંડન ચલાવ્યું. તે સાંભળીને ફૈજુલ્લા ખાં નામના એક મુસ્લીમના રોમેરોમમાં જ્વાળા ઉઠી. રોષે ભરાઇને એ ગાજી ઉઠ્યા, 'સ્વામી ! જો મુસલમાનોની રાજ-સત્તા હોત તો તમે જીવતા ન જાત.'

સ્વામીજીએ ખાં સાહેબને ધીરેથી ઉત્તર દીધો કે, 'જો એવો અવસર આવે તો હું કદિ થરથરી ન રહું, કે ન તો ચુપચાપ બેઠો રહું. પણ બેચાર વીર રજપુતોની પીઠ થાબડીને એવાંએવાં શૂરાતન ચડાવું કે મુસલમાનોના હોશ છુટી જાય; ખબર છે ખાં સાહેબ?

ખીજે બળતા ખાં સાહેબ શું બોલી શકે ?

ॐ

એક વખત વ્યાખ્યાન ચાલી રહ્યું છે, એવામાં એક તરુણ મુસલમાન ત્રાડ દેતો ઉભો થઈ ગયો. તલવારની મુઠ પર હાથનો પંજો પસારીને એ બોલ્યો, 'સ્વામી, મોં સંભાળીને બોલજો. અમારા ધર્મ વિષે ખબરદાર કાંઇ બોલ્યા છો તો !'

અત્યંત કોમલ સ્વરે સ્વામીજી બોલ્યા, 'બેટા, તારા મોંમાં તો હજુ દુધિયા દાંત છે. જો હું તારી એવી ત્રાડોથી ડરતો હોત તો આટલું જોખમ શિર પર શીદ ઉઠાવત? બેસી જા, ભાઇ!'

લજ્જા પામીને યુવક બેસી ગયો.

ॐ


એક દિવસ સ્વામીજી જોધપુર-નરેશને દર્શન દેવા ગયા. એ જ વખતે જોધપુર મહારાજાની રખાયત વારાંગના નન્નીજાન પણ આવીને બેઠી હતી. સ્વામીજીને આવતા દેખીને તરત મહારાજાએ નન્નીજાનની પાલખી ઉઠાવી જવા ઇશારત દીધી. એ તો ચાલી ગઇ; પણ સ્વામીજીએ એને જોઈ લીધી. એમનું હૃદય પરિતાપથી ચીરાઈ ગયું. એ જ વખતે એ ધર્મવીરે લગારે થડક્યા વગર સ્પષ્ટ ધિક્કારનો ઘોધ વહેતો કર્યો: 'રાજન્ ! રાજાઓ સિંહ સમાન ગણાય છે, અને વેશ્યાઓ તો કુતરીઓ છે. વીર કેસરી કુતરીઓ ઉપર મોહે? કેસરીની ગુફામાં આ કુતરીઓ દાખલ થઇ શકે? છોડી દો; છોડી દો !'

સ્વામીજી ચાલ્યા ગયા અને ભરી સભાઓમાં બોલ્યા કે 'આપણા દેશના મોટા પુરુષોનું સત્યાનાશ તો ક્યારનું યે વળી ગયું હોત, પણ એમની પરમ સતી સ્ત્રીઓના જ પતિવ્રતાધર્મથી તેઓ બચી રહ્યા છે.' મહારાજા ઉપર એમણે એવા ઉગ્ર પત્રો પણ લખ્યા.

પરંતુ બીજી બાજુ નન્નીજાનના મનસુબામાં સ્વામીજીનો કાળ રમવા લાગ્યો. એ સમજતી હતી કે ભલભલેરાઓને પણ સ્વામીજીએ વેશ્યાના સંગ તજાવ્યા છે. એણે એ સાધુને પોતાનો જમદૂત જાણ્યો. કાવત્રાં શરૂ થઇ ચુક્યાં.

ॐ

સંવત ૧૯૪૦ના આસો વદી ચૌદશની રાત્રિએ સ્વામીજીએ પોતાના રસોયા પાસેથી દુધ લઇને પીધું; પોઢી ગયા. જરા વાર આંખો મળી ત્યાં તો પેટમાં વેદના ઉપડી. જાગી ઉઠ્યા. ત્રણ વાર ઉલટી કરી; પણ પાસે સુતેલા સેવકોને ન જગાડ્યા. પ્રભાતે પોતે ઉઠ્યા; વેદના ઉપડી; ઉલટી કરી. પણ જીવ મોળો પડવા લાગ્યો. જઠરમાં શૂળા પરોવાવા લાગ્યા. દાક્તરો દોડ્યા આવ્યા. કૈંક ઔષધિઓ આપી. પણ ગળું સુકાવા માંડ્યું. લોહીનાં બિન્દુ યે બિન્દુમાંથી જાણે કે જીવન શોષાતું ગયું. છતાં ન અરેરાટ, ન સીસકાર કે ન ગભરાટ. જાણે કે યોગી મૃત્યુને આલીંગન લઈ રહ્યો હતો. આખરે બહુ દવાઓને પરિણામે એમનો આત્મારામ થોડા દિવસ ટક્યો. પણ બીછાનામાં કાળી બળતરા ઉઠતી હતી. પીંજરાનાં દ્વારમાંથી પ્રાણપંખી પાંખો ફફડાવવા લાગ્યું.



એવી દશામાં સ્વામીજીને આ

વિષપ્રયોગના કાવતરાની જાણ થઈ. એ મહાજ્યોતને બુઝાવનારા જગન્નાથ રસોયાને એમણે પોતાની પાસે બોલાવ્યો. જગન્નાથે અપરાધ કબુલ કર્યો. મહર્ષિની ગંભીર મુખમુદ્રાની એક રેખા યે ન બદલી. દયાર્દ્ર શબ્દે એમણે કહ્યું, ' ભાઈ જગન્નાથ ! મને બીજું કાંઈ નથી, પણ મારા જીવનનું કામ અધુરૂં રહી ગયું. તને ખબર નથી કે તારે હાથે કેટલા બધા જીવોને નુકશાન થયું છે. પણ કાંઈ નહિ, ભાઈ; લે આ થોડા રૂપિયા તને આપું છું. એ લઈને તું તાબડતોબ આ રાજ્યના સીમાડા છોડી દે. નેપાલમાં જઈને છુપાઈ જા. નહિતર, અહીં જો જરા પણ વાત ફૂટશે તો તારા લોહીનું ટીપું યે ટીપું નીચોવી લેશે. જગન્નાથ, ભાઈ, જા; વાર ન લગાડ. મારા તરફથી નિર્ભય રહેજે. '

પંદર વરસ વેશ પલટીને જગન્નાથે ટીબેટમાં કાઢયાં તેના પુરાવા મળે છે.

ત્રીજે દિવસે સ્વામીજીને પાલખીમાં બેસાડી આબુ લઈ જવામાં આવ્યા. જોધાણનાથ પગે ચાલીને વળાવવા આવ્યા. એના હૃદયમાં ઉંડી દિલગીરી વ્યાપી હતી. વિદાય દેતી વખતે એનું હૈયું ભરાઈ આવ્યું, કેમકે ભારતવર્ષની સત્યજ્યોતને બુઝવવાનું પાતક એના રાજદ્વાર પર ચડતું હતું.

સ્વામીજીએ મહારાજાને દિલાસો દીધો, 'રાજન્, ચિંતા ન કરશો. પ્રભુનાં નિર્માણ મિથ્યા નથી થતાં.' સંધ્યા સમયે એમણે જોધપુરના પાદરને છેલ્લા રામ-રામ કર્યા. આબુમાં એક નિપુણ દાક્તરની દવા હાથ બેઠી. દીવડામાં તેલ પુરાવા લાગ્યું. ત્યાં તો બીજી ફૂંક લાગી. સરકારી તબીબીખાતાનો લાલરંગી હુકમ છુટયો કે દાક્તર લક્ષ્મણદાસે તાબડતોબ અજમેર ચાલ્યા જવું! દાક્તરે રાજીનામું આપ્યું. પણ કોણ જાણે શો સંકેત કામ કરી રહ્યો હતો ! રાજીનામું નામંજુર થયું. દાક્તર ગયા. સ્વામીજીને પણ અજમેર ઉઠાવી ગયા. પણ પછી તો દાક્તરે હાથ ખંખેરી નાખ્યા.

દેહને રોમેરોમે ફોલ્લા ઉપડયા હતા, છતાં સ્વામીજીએ હજામને બોલાવી શિર પર મુંડન કરાવ્યું, નખ ઉતરાવ્યા, એક શિષ્યનો આધાર લઈને પોતે પલોંઠી વાળી બેઠા. પછી અત્યંત વત્સલતા સાથે કહ્યું, ' બેટા આત્માનંદ, તારે કાંઈ જોઈએ છે ? '

આત્માનંદજીનાં નેત્રોમાંથી અશ્રુધારા ચાલી. એણે રડતાંરડતાં કહ્યું, ' આપને પ્રભુ આરામ આપે, એથી બીજી કશી ઇચ્છા આ ત્રણે ભુવનમાં મારે નથી રહી.'

હાથ લંબાવીને મહર્ષિએ આત્માનંદજીના મસ્તક પર મુકયો; બોલ્યા, ' બેટા, ગભરાવું નહિ. કર્તવ્યનું પાલન કરતાં આનંદમાં રહેજે. સંસારમાં સંયોગ–વિયોગ સ્વાભાવિક છે. ' પોતાની સગી જનેતા મરતી હોય ને જેમ ધાવણાં બચ્ચાં રડે તેમ ચેલા રડયા. મહર્ષિજીએ બસો રૂપિયા અને બે દુશાલા મંગાવી બંને શિષ્યોને ભેટ દીધા. બંને જણાએ એ વસ્તુઓ પાછી મેલી દીધી. પછી મહર્ષિજીએ તે દિવસનાં વારતિથિ પુછ્યાં. ઓરડાની ચોમેર નજર કરી લીધી. વેદપાઠ આરંભ્યો. એ સ્વરોના ગુંજનમાં, કંઠમાં કે ઉચ્ચારમાં ક્યાંય નિર્બળતાનો અંશ પણ નહોતો.

વેદના મંત્રો પુરા કરી, પુલકિત અંગે, સંસ્કૃતમાં પરમાત્માની યશગાથાઓ ઉપાડી. સમાધિમાં બેઠા. મુખમંડલ ઉપર પ્રસન્નતાનો ઝળહળાટ પથરાઈ ગયો. આખરે કમળ શાં નેત્રો ઉઘાડી ' હે દયામય, તારી જ ઈચ્છા ! દેવાધિદેવ તારી જ ઇચ્છા ! વાહ પ્રભુ! કેવી તારી લીલા ! ' એમ ગુંજારવ કરતાંકરતાં, જન્મો-જન્મનાં કર્મોને ખાક કરી, સં. ૧૯૪૦ના કાર્તિક માસની અમાસના રોજ એ આત્માની જ્યોત મહા જ્યોતમાં મળી ગઈ, અને જગત ઉપર સંધ્યાનાં અંધારાં ઉતર્યાં.

આરામગાહ

વિશાળ નીલામ્બર અને સચેતન કલરવથી ગુંજી રહેલું વિશ્વ મને તો ખાલીખાલી લાગે છે.

મારું નાનું હૃદય મુકવાની મને ઈચ્છા છે પણ એક એવું નાનું સ્થાન નથી જ્યાં હું એને મુકી શકું.

*

પુરાણા વડ હેઠળ તે દરદી પડયો હતો. અંગમાં તાવ હતો, આંખોમાં રતાશ હતી. એનું શરીર વીંધીને ઠંડી સોંસરી વહી જતી. અરેરે ! ઓઢવાને કે પાથરવાને તેની પાસે ફાટેલી ગોદડી પણ ન હતી.

એક ખુબસુરત બુઢ્ઢી તેની પાસે બેસીને માયાથી તેના શરીર પર હાથ ફેરવતી હતી. જાળાં જેવાં તેના વાળ બાઝી ગયા હતા, આંખોમાં ચીપડાના લોચા વળગ્યા હતા અને કપડામાં જૂઓ તરવરતી હતી.

મારા પ્રભુ ! કોણ જાણે શાથી મને ત્યાં આગળ તારાં દર્શન થયાં. પથ્થર પર પથ્થર ગોઠવીને તારે માટે બંધાએલાં ગગનચુંબી મંદિરોમાં હું આથડયો હતો પરંતુ ત્યાં તારી ઝાંખી ન જ થઈ.

પૃથુલાલ શુકલ

ભૂતિયો ઓરડો

[ગયા અંકને અનુસંધાને]

પોતાના મોટા ભાઇને સારી રીતે ફટકા મારતા જોઈ તે આનંદમાં આવી ગયો : 'કાં પ્રવીણ? હવે જીતવાને કેટલી વાર છે?'

'માત્ર ચાર રન કરવાના છે. દિલીપસિંહે પચીસ કર્યા; હવે જો બે સારા ફટકા મારે તો જીતી જઇએ. બધો આધાર તેમની રમત પર છે.' પ્રવીણે જવાબ આપ્યો. એટલામાં તો દિલીપસિંહે સજ્જડ ફટકો માર્યો અને ચોમેર તાળીઓનો વરસાદ શરૂ થયો. મોટાભાઇની ફતેહ જોઈ કુમારના અભિમાનનો પાર રહ્યો નહિ. દિલીપસિંહે એક વધુ ફટકો માર્યો અને કૉલેજ જીતી. રમત બંધ પડી. બધી બાજુથી દિલીપસિંહને અભિનંદવા વિદ્યાર્થીઓ દોડયા.

'કુમાર, આ મારો કોટ લઇ જા અને ચાની તૈયારી કરાવ; હું હમણાં સ્કુલની ટીમના કૅપ્ટનને લઇ ચા પીવા આવું છું.' કુમારને કોટ આપી દિલીપસિંહે કહ્યું. કુમાર આનંદમાં કોટ લઇ પોતાના ઓરડા તરફ દોડયો. રસ્તામાં તેને પ્રવીણ અને નિપુણ મળ્યા.

'કાં કુમાર? તેં પછી ગઈ રાતની વાત તો અમને ન કહી.' પ્રવીણે પુછ્યું.

'વાતનું તમારે શું કામ છે. આઇસક્રીમ કયારે ખવડાવવો છે?' કુમારે કહ્યું. ત્રણે જણ પ્રવીણને ઓરડે ગયા. ત્યાં પેટ ભરીને આઇસક્રીમ ખાધો અને પછી કુમાર પોતાને ઓરડે ચાના બંદોબસ્ત માટે ગયો.

મોટાભાઇનો કોટ જેવો ખીંટી પર ટાંગ્યો કે તેની નજર કોટની બાંય ઉપર પડી. એકાએક તે ધ્રુજી ઉઠયો, તેનો ચહેરો ફિક્કો પડી ગયો, નજર સ્થિર થઈ ગઈ અને જાણે પથ્થરની મૂર્તિ હોય તેમ તે ત્યાં ચોંટી જ ગયો! કોટની બાંય ઉપર તેણે અરધું બટન જોયું. પોતાના ખીસામાં હાથ નાખી બટનની બીજી અરધ બહાર કાઢી અને કોઈ ન જુએ તેમ બાંયના બટનની પાસે મુકી સરખાવી. તે તેને બરોબર બંધ બેસી રહી! આ કોટના બટનનો જ અરધો ભાગ તેની પાસે હતો એવી તેની ખાતરી થઈ. અને જે કબાટ પરથી અરધું બટન મળ્યું છે ત્યાંથી પ્યાલો ગુમ થયો છે! આ બીજો વિચાર આવતાં તેના શરીરમાં નખથી શીખા પર્યંત કંપારી છુટી. એકદમ તેણે અરધું બટન ખીસામાં મુકી દીધું. શું મોટાભાઇએ પ્યાલો લીધો હશે? તેમ કદિ બને નહિ. પણ કોટ તો તેમનો જ. તેમનું બટન કબાટ પર કયાંથી? આવા વિચારે તેનું મગજ ભમવા લાગ્યું; કાનમાં તમરાં બોલવા માંડયાં.



તેણે કિરીટને હાથમાં રૂપાનો પ્યાલો ઝાલી એકીટશે તે નીરખતો જોયો.

'મોટાભાઈ આવે તો કહેજે કે મને ઠીક નથી; મારે જમવું નથી.' આ પ્રમાણે નોકરને કહી કુમાર પોતાના બીછાનામાં સુઇ ગયો. સાયંકાળ થવા આવેલ હોવાથી બધે દીવાની અને જમવાની તૈયારી થવા માંડી હતી. કૉલેજના ચોગાનમાંથી વાતોનો અવાજ સંભળાતો હતો. તેમાં વખતે નિપુણ અને પ્રવીણના હસવાનો અવાજ આવતો હતો. તે વખતે કુમાર આંખો મીચી વિચાર કરતો બીછાનામાં પડ્યો હતો. પોતે જ પ્યાલાનો ચોર હોય તેમ તેની હીંમત બહાર મોઢું બતાવા જેટલી પણ રહી ન હતી. કૉલેજમાં સૌના આદર્શરૂપ, અભ્યાસ તથા રમતમાં શ્રેષ્ઠ અને જેની હીંમતથી આજની રમત જીતાઇ તે મોટાભાઇ પ્યાલો ચોરે તે વાત તેને અસહ્ય થઇ પડી. જમવા વખતે દિલીપસિંહે ખબર પુછાવ્યા તો કુમારે જણાવ્યું કે માથું સખત દુખે છે અને જમવાની રૂચી નથી. સુતી વખતે દિલપસિંહે જાતે આવી તેના માથા પર હાથ ફેરવ્યો; પણ તાવ ન લાગવાથી, આખા દિવસના થાકથી માથું દુખતું હશે તેમ માની તે નિશ્ચિન્ત સુવા ગયા.

કુમારને રાત ઘણી જ લાંબી થઇ પડી. ઘડીભર એમ પણ થયું કે મોટાભાઇને વિનવી પ્યાલાનો પત્તો મેળવું. વળી એક વિચાર એવો આવ્યો કે પોતે જેટલું જોયું છે તેટલું અજીતસિંહને કહેવું. પ્રિન્સિપાલને ખબર પડે, મોટાભાઇને શિક્ષા થાય, તેમની નાલેશી થાય, કૉલેજમાંથી કાઢી મુકે, પોતાને પણ જવું પડે આ વિચારપરંપરા આવતાં અજીતસિંહને ખબર આપવાનો મનસુબો અટકયો. આવાઆવા તર્કવિતર્ક કરતાં આંખ મળી ગઇ. સવારે તે જાગ્યો ત્યારે ચા પીવાનો સમય થઇ ગયો હતો અને મોટાભાઈ તેની રાહ જોતા હતા.

'કાં કુમાર, કેમ છે? મોઢું ફિક્કું કેમ પડી ગયું છે?' ચાનો પ્યાલો આપતાં દિલીપસિંહે કહ્યું. કુમાર બહાનામાં કાંઈક બબડયો. ચા પીતાંપીતાં કાંઇ વિશેષ વાત થઇ નહિ. ચા પુરી કરી દિલીપસિંહે ખીટીએથી કોટ પહેરવા લીધો.

'કુમાર, મારો કોટ કયાં? આ તો કોઇ બીજાનો કોટ છે! મેં તને કાલે જે આપ્યો હતો તે આ નહિ. મારા કોટના અંદરના ભાગમાં તો મારૂં નામ લખેલું છે.' દિલીપસિંહે પુછ્યું.

'ત્યારે આ તમારો કોટ નથી?' કુમારે ઉત્સાહમાં આવી જઇ પુછ્યું.

'ના, તું કયાંથી લાવ્યો?'

કુમારના આનંદનો પાર ન રહ્યો. આ કોટ મોટાભાઇનો નહિ. એટલે પ્યાલો પણ એમણે ચોર્યો નથી. કુમાર એકદમ મોટાભાઇને બાઝી પડયો.

'ભાઇ, માફ કરજો. મેં તમને ચોર ધાર્યા હતા.' કુમાર એકદમ બોલી ગયો.

'તું ખરો, મોટાભાઇને ચોર બનાવનારો! પણ જા, આ કોટ જેનો હોય તેને આપી આવ અને મારો કોટ લઈ આવ. પ્યાલો ચોરાયા પછી તો તું બધાને ચોર જ દેખતો લાગે છે.' સહેજ મશ્કરી અને સહેજ કરડાકીમાં દિલીપસિંહે કહ્યું. કુમાર કોટ લઇને હરણ માફક ઉપડયો. તેના દિલમાં અત્યારે બેવડો ઉમંગ હતો. એક તો મોટાભાઇ નિર્દોષ ઠર્યા, અને બીજું હવે સાચો ચોર પકડાશે.

વાત એમ બની હતી કે જયારે કુમાર, નિપુણ અને પ્રવીણ આઇસક્રીમ ખાવા પ્રવીણના ઓરડામાં ભેગા થયા ત્યારે તે દરેક પાસે એકએક કોટ હતો. તે તેમણે આઇસક્રીમ ખાતી વખતે એક ખુરશી પર ભેગા મુકયા હતા. એટલે લેતી વખતે જેને જે હાથ પડયો તે ઉઠાવી ચાલતા થયા. અને આથી જ કોટની ફેરબદલી થઈ હતી. કુમાર કોટ લઇને પ્રવીણને ઓરડે ગયો. 'કેમ પ્રવીણ, કાલ સાંજે તારી પાસે કોનો કોટ હતો?' કુમારે પુછ્યું.


'કેમ? શું કામ છે? કિરીટસિંહનો.'

'મોટાભાઇના કોટ સાથે બદલાઇ ગયો છે.' કહેતોક ને કુમાર કિરીટસિંહને ઓરડે પહોંચ્યો. કિરીટસિંહ ઉપલા ધોરણના વિદ્યાર્થી હતા અને આવતી શરતમાં તે પ્યાલો જીતશે તેમ ઘણાનું માનવું હતું. તેમણે કુમારને જોઇને પુછ્યું, 'કેમ કુમાર?'

'કોટ બદલાઈ ગયો છે; આ તમારો કોટ ને?'

'હા, આ કોટ તો મારો; પણ બદલાઈ કેમ ગયો?' કિરીટે પુછ્યું. કુમારે બધો ખુલાસો કર્યો.

'પેલા મારા પલંગ પાસે ટીંગાય તે લઇ જા અને આ કોટ ત્યાં ટાંગી દે. જોજે હો, એ કોટ વળી બીજાનો ન હોય.' કિરીટે પલંગ પાસેનો કોટ દેખાડતાં કહ્યું.





જાપાની ચિત્રકળાના નમુના

એશિયા અને યૂરોપના જીવનના સંસ્કારો હજારો વર્ષથી જુદી રીતે ઘડાતા આવ્યા છે અને તેથી જ તેમની કલાના પ્રકારો પણ એટલા જ નિરાળા લાગે છે. જાપાન અને ચીનની કળાનો ઇતિહાસ પણ અતિ પ્રાચીન છે. એ બે મહાપ્રજાઓ હજુ પણ ચુસ્તપણે તેમના કળાધર્મો સાચવી રહી છે. એશિયાની કળાનો મુખ્ય ધર્મ એ છે કે કોઈપણ ચિત્ર, શિલ્પ કે કળાકૃતિ અંતર્ધ્યાનથી રચાવી જોઇએ. આથી મુળ વસ્તુ, પ્રસંગ કે પ્રાણીનાં અંતર્ગત ગુણલક્ષણનું બરોબર ભાન થાય એવી રીતે પૂર્વની ચિત્રશૈલી ઘડાતી. કલાનો મહિમા જેટલો જાપાનમાં છે તેટલો પૃથ્વી ઉપર ક્યાંય નથી; અને તેમાં યે જાપાની ચિત્રકાર જે સચોટતાથી અને સરળતાથી ફુલો ને પક્ષીઓ ચીતરી શકે છે તેવી ખુબી તો અન્ય દેશના કોઇ ચિત્રકારને હાથ નથી. એક તકતી પર થોડા પીંછીના ઝટકા—અને એક અપ્રતિમ કલાકૃતિ ! એની વ્યવસ્થા, સ્વચ્છતા, ઊર્મિ અને ચિત્રયોજના બધું એ સાથે જ જન્મે છે. આપણે ત્યાં જાપાન અને ચીનની કળાઓનો અભ્યાસ હજુ જરાયે થયો નથી એમ કહીએ તો ચાલે. પણ જ્યારે તેનો ગાઢ પરિચય આપણને થશે ત્યારે યૂરોપની કળાની મોહની ઘણી ઓછી થઇ જશે એમ લાગે છે.



નર્મદાતીર્થે

ખડક કોરી વહે તીરપ્રાન્તભર રેવાજીનાં જલ ગંભીર,
પનહાઇઓ યાત્રીનાં વૃન્દો લાવે છે દર્શન મંદિર;
ધર્મસ્રોત તે વ્યોમ સમો.

મોટાભાઇનો કોટ લઇ કુમારે પાછા વળતાં વિચાર્યું કે આ કોટવાળી બીના પરથી તો લાગે છે કે જરૂર કિરીટસિંહે પ્યાલો તફડાવ્યો હોય. પણ ચોક્કસ તપાસ કર્યા પછી જ નિર્ણય પર આવવાનું તેણે યોગ્ય ધાર્યું. રખેને પહેલાંના નિર્ણય માફક આ બીજો નિર્ણય પણ કદાચ જુદો પડે.

જાતજાતના વિચારો કરતો કુમાર રાત્રે બીછાનામાં પડ્યો. તેને ઉંઘ આવતી ન હતી. એટલામાં ટાવરમાં બારના ટકોરા વાગ્યા. થોડી જ વારે બાજુમાં કાંઇક બારણું ઉઘડ્યાનો અવાજ થયો અને કોઇનાં પગલાં દાદર તરફ જતાં સંભળાયાં !

એકાએક તેના મગજમાં એક વિચાર આવ્યો. જે રાત્રે મેં ભૂત જોયું તે જ રાત્રે પ્યાલો ચોરાયો છે. હું ભૂતનું મેં તો જોઇ શક્યો ન હતો. કદાચ તે કિરીટ કાં ન હોય ? બારી પણ ઉઘાડી હતી. તે પ્યાલો ચોરીને બહાર સંતાડવા કેમ ગયો ન હોય ? જો કિરીટ જ તે રાત્રે બહાર ગયો હતો તેમ હું સાબીત કરી શકું તો પ્યાલાના પત્તા તરફ એક પગલું આગળ ગયો ગણાઉં. હમણાં જ કોઇ દાદર તરફ ગયું. કદાચ કિરીટ હોય તો ?

કુમાર એકદમ પથારીમાં બેઠો થયો. ધીમેધીમે તે દાદર તરફ ગયો. દૂર કોઇનાં ધીમાં પગલાં સંભળાતાં હતાં. થોડીવારમાં તે સંભળાતાં બંધ પડ્યાં. કુમારને થયું કે જરૂર કોઇ બહાર ગયું છે અને હમણાં જ પાછું ફરશે. સંતાઇને જોઉં તો ખરો કે કોણ છે ?

દાદરના ઉપરના ભાગમાં એક કબાટ હતું. તેમાં સૌના જોડા રાખવામાં આવતા. કુમાર તેમાં દાખલ થયો અને બારણાં અરધાં બંધ કરી બેઠો. છુપી પોલીસનું કામ કાંઇ સહેલું નથી. કબાટ નાનું હતું તેથી તેના ઢીંચણ કળવા લાગ્યા અને એકેક મિનિટ કલાક જેવડી મોટી લાગવા માંડી. આખરે કોઇનાં પગલાં સંભળાવા લાગ્યાં. કુમારે બારણાં વધુ બંધ કર્યાં. જ્યારે તેને ભાસ થયો કે કોઇ પસાર થયું, કે તરત તે અધખોલા બારણામાંથી જોવા ગયો. પણ એટલામાં તો તે માણસ પસાર થઇ ગયો હતો. કુમારે તેને દક્ષિણ નિવાસગૃહની લાંબી ગજારના અંધારામાં અદૃશ્ય થઇ જતો જોયો.

કુમાર પાછો આવી પલંગ પર પડ્યો અને વિચાર કરવા લાગ્યો: જો કિરીટ પ્યાલો ચોર્યો હોય અને આજે તે જ બહાર ગયો હોય તો પ્યાલો કૉલેજની આજુબાજુમાં

પ્રિય વાંચકવૃન્દ !

આખું ભારતવર્ષ તમારી સામે આશાભરી નજરે જોઇ રહ્યું છે. તમારે તમારા જીવનપ્રભાતમાં જ તમારા ભવિષ્યના આદર્શો નક્કી કરી લેવા જોઇએ.

જે સ્વાધીનતા જોવાનું અમારા જેવા વૃદ્ધોને લલાટે કદાચ ન યે લખાયું હોય તે સ્વાધીનતા ભોગવવાનું તમારા ભાગ્યમાં તો અવશ્ય સરજાયું હશે જ એમ મારો અન્તરાત્મા સાક્ષી પુરે છે. એ સ્વાધીનતા દેશને માટે પ્રાપ્ત કરવામાં કયો ફાળો આપવાના તમે મનોરથ બાંધ્યા છે ? ન બાંધ્યા હોય તો હવે તો બાંધશોને ?

એક અતિ સ્પૃહણીય આદર્શ તમારી સમક્ષ મુકું ? દેશને સ્વરાજ્ય મળે તોપણ એ સ્વરાજ્ય સાચવી રાખવાની તેનામાં યોગ્યતા હોવી જોઇએ એ વાત તો સૌકોઇ સ્વીકારશે. એવી યોગ્યતા ઉંચા પ્રકારની લશ્કરી તાલીમ લીધા વગર ન મળે. એ તાલીમ લેવા તમારા તનમાં અને મનમાં તનમનાટ જામી રહે એવી મારી પ્રભુ-પ્રાર્થના છે.

લશ્કરી ઉંચામાં ઉંચી પદવીઓ મેળવવાનો માર્ગ જે આર્યાવર્તના વતનીઓ માટે આજથી માત્ર સાત જ વર્ષ પહેલાં સદંતર બંધ હતો તેનાં દ્વાર હવે ખુલ્લાં છે. તમે ધસારો કરી તેમાં પ્રવેશ કરો અને ભાવી પ્રભુને સોંપો. જ્યાં મનુષ્યમાં ટેકવાળો નિરધાર હોય છે અને પરમાત્મામાં શ્રદ્ધા હોય છે ત્યાં વિજય અવશ્ય સાંપડે છે. તમે તેવી ટેક ધારણ કરશો તો તમને વિજય મળશે એ વાત નિઃસંદેહ છે. તમારી એવી મક્કમ શ્રદ્ધામાં જ દેશનો ઉદ્ધાર સમાયો છે. પરંતુ લશ્કરી તાલીમ લેવાની ઇચ્છા કરવામાં એક વાત તમારે યાદ રાખવી પડશે, અને તે એ કે તમારાં શરીર સુદૃઢ અને નીરોગી બનાવવાં પડશે. તમારો આખો સમય માનસિક વિકાસમાં ગાળવાને બદલે તમારે **નિત્ય** અમુક કાળ શરીરવિકાસ માટે નિયોજવો જોઇશે. દોડો, કુદો, હસો, આનંદ કરો. તેમ કરવાથી તમારાં શરીર મહેનત કરવા કસાશે, અને શરીર સારાં હશે તો જ તમારો માનસિકવિકાસ પણ યોગ્ય દિશાએ તમને લઇ જશે.

બાળકમાત્ર વિદુર થવા સરજાયાં નથી. ભીમસેનોની પણ દેશને એટલી જ—બલ્કે તેથી પણ વધારે જરૂર છે. તમારામાં બળ હશે તો તમારો વિરોધ કરતાં બીજા અચકાશે. એ બળ મેળવી તેને દીનની રક્ષા કરવામાં વાપરજો. પરમાત્મા તમને સન્માર્ગે પ્રેરે એવી મારી એ દીન-બંધુને નમ્ર યાચના છે.

જોરાવરસિંહ
મેજર

જ છુપાવેલો હોવો જોઇએ. માત્ર પ્યાલો સહીસલામત છે કે નહિ તે જ જોવા તે બહાર ગયો હોય. આટલી મોડી રાત્રે કાંઇ ગામમાં વેચવા જવાય નહિ. રાખે પણ કોણ? અને તે એટલો જલદી પાછો ફર્યો છે કે તેટલા વખતમાં એવું એકકે કામ થઇ શકે નહિ. આવતી કાલે રાત્રે પણ જરૂર તે બહાર જવાનો; માટે કાલે વિશેષ તપાસ રાખવી. આવો નિશ્ચય કરી કુમાર નિદ્રાવશ થયો.

બીજે દિવસે જ્યારે કુમાર જાગ્યો ત્યારે તેને એક નવીન વિચાર આવ્યો. મેં જ્યારે ભૂત જોયું ત્યારે કાંઇ કાગળ જેવો ખખડાટ પણ સાંભળ્યો હતો. પ્યાલો જે કાગળની અંદર વીંટેલો હશે તે કાગળનો જ એ ખખડાટ. અને તે ભૂત નહિ પણ કોઈ વિદ્યાર્થી જ. કદાચ કિરીટ જ પ્યાલો લઇને તે ઓરડાની બારીએથી બહાર ગએલો. પોતાની પાસે એક સારી રંગીન પેન્સિલ હતી તેનો કુમારે ઝીણો ભુકો બનાવ્યો અને પેલી બારી ઉપર તથા આજુબાજુ તે ચોપડવાનો તેણે વિચાર કર્યો. જો તે બારીમાં ચડશે-ઉતરશે તેના હાથે આ રંગ ચોંટવાનો. અને સવારમાં કંઇક બહાનું કાઢી કિરીટને ઓરડે જઇ તેના હાથ જોવા. આવો સરસ વિચાર આવતાં કુમાર આનંદમાં આવી ગયો. રાત્રે વાળુ કરી સૌ બીજા દિવસના અભ્યાસની તૈયારી કરવામાં પડ્યા હતા તે વખતે કુમાર પેન્સિલના ભુકાનું પડીકું લઇ છાનોમાનો ભૂત વાળે ઓરડે પહોંચ્યો અને બારીની ઉપર, તેના ઓસારમાં તથા જમીન પર અને બારણે ખુબ ભુકો ચોપડ્યો.

બીજે દિવસે સવારમાં વહેલો ઉઠી કુમાર ભુતવાળા ઓરડામાં ગયો અને જુએ છે તો રંગ કેટલીક જગાએથી ભુંસાઇ ગયો હતો અને બારણા ઉપર હાથનાં આંગળાંની છાપ દેખાઇ આવતી હતી. હવે તેનું બીજું કામ કિરીટને મળી તેના હાથ જોવાનું હતું. પરબારો તે કિરીટના ઓરડા તરફ દોડ્યો.

'કિરીટસિંહ છે કે? મોટાભાઇને તમારી ડિકશનરી જોઇએ છે, જરા આપોને; હમણાં જ પાછી મોકલીશ.' ઓરડામાં દાખલ થતાં કુમારે કહ્યું.

કિરીટસિંહ હમણાં જ ઉઠ્યા હોય તેમ લાગતું હતું. તેણે ડિકશનરી કુમારને આપી. તે લેતાં કુમારે જોઇ લીધું કે તેના બંને હાથ પેન્સિલના જાંબુડિયા રંગથી રંગાએલા છે.

'આ અત્યારના પહોરમાં હાથ ક્યાં બગાડ્યા?' કુમારે કટાક્ષમાં પુછ્યું.

'કાંઇ ખાસ ખ્યાલ નથી. કોઇ તોફાનીનું કામ લાગે છે. ક્યાંક ટેબલ ખુરશી પર રંગ લગાડ્યો હશે તેથી મારા હાથ બગડ્યા. ક્યારનો સાફ કરવા મથું છું પણ થતા જ નથી. આ તોફાની જો હાથ પડે તો એ ભુલાવી દઉં.' કિરીટસિંહ બોલ્યા. તેમનો ચહેરો તો તદ્દન નિર્દોષ લાગતો હતો.

'કોનું તોફાન ભુલાશે તે જોવાનું છે' એમ મનમાં બબડતો કુમાર પોતાના ઓરડા તરફ ચાલ્યો. દરરોજ રાત્રે કિરીટ બહાર જાય છે તેની તો તેણે ખાતરી કરી. પણ તેણે પ્યાલાનું શું કર્યું તે શોધી કાઢવું બાકી રહ્યું. પ્યાલો બગીચામાં ક્યાંક સંતાડ્યો હોવો જોઇએ. અને તે બરાબર છે કે નહિ તે જોવા તે દરરોજ બહાર જાય છે. જો આજ રાત્રે તેની પાછળપાછળ જાઉં તો પ્યાલો ક્યાં સંતાડ્યો છે તે બરાબર જણાઈ આવે. આ કામ જોકે ઘણું કઠિન હતું, પણ જો તેમ ન કરે તો કિરીટે જ પ્યાલો ચોર્યો તેની શી ખાતરી? તે રાત્રે કિરીટની પાછળપાછળ ચોક્કસ જવું તેવો નિશ્ચય કુમારે કર્યો.

રાત્રે સાડા અગિયાર વાગ્યે કુમાર દાદર પાસેના કબાટમાં ભરાઇને બેઠો અને બારની રાહ જોવા લાગ્યો. શુદ બારશ-તેરશનો ચંદ્ર આકાશમાં ખીલ્યો હતો. ઠંડો પવન મંદ ગતિએ વહન કરતો હતો અને કબાટની અંદર પણ કુમારનાં સુકોમળ ગાત્રને સ્પર્શ કરી આનંદ આપતો હતો. સર્વત્ર શાન્તિ હતી. રૂપેરી પ્રકાશમાં કૉલેજના ઉંચા બુરજો રૂપે મઢ્યા હોય તેમ લાગતું હતું. બારના ટકોરા વાગવા શરૂ થયા. કબાટનું બારણું અરધું ઉઘાડી કુમાર ઝીણી આંખે દક્ષિણ નિવાસગૃહની અંધારી ગજાર જોઇ રહ્યો. થોડીવારે ગજારમાં એક બારણું ઉઘડ્યું અને કુમારે કોઇને દાદર તરફ આવતો દીઠો. તે દાદર પાસે આવ્યો અને તેના મોઢા પર ચંદ્રનો પ્રકાશ પડ્યો. કુમારે કિરીટને બરાબર ઓળખ્યો. પણ આ શું? તેનો ચહેરો તો બહુ જ આનંદમાં હોય તેમ લાગતું હતું. તેના પર ચોરી કે બીકની બીલકુલ છાપ ન હતી. તેની દૃષ્ટિ સીધી હતી. કુમારને થયું કે કદાચ કિરીટ ઉંઘમાં તો નહિ ચાલતો હોય? તે દાદર ઉતર્યો એટલે કુમાર ધીમેથી તેની પાછળ ઉતર્યો અને

થોડુંક અંતર રાખી કૉલેજની ગજારના મોટા થાંભલાઓના પડછાયામાં છુપાતોછુપાતો તે કીરીટની પાછળ ચાલ્યો. કિરીટ એકદમ ભૂતવાળા ઓરડામાં દાખલ થયો. તેની પાછળ પાંચદસ સેકંડે કુમાર પણ દાખલ થયો. પણ ઓરડામાં કોઇ ન મળે! બારી ઉઘાડી હતી. તેમાંથી બહાર જોયું તો ત્યાં પણ કોઇ ન હતું! હજી હમણાં અહીં દાખલ થાય છે ને એટલીવારમાં કિરીટ ક્યાં અદશ્ય થઇ ગયો ?

એટલામાં થોડે દૂર આવેલા એક મીનારાએ કુમારનું ધ્યાન ખેંચ્યું. આ મીનારો જુના વખતમાં રાજમહેલનો એક ભાગ હતો, પણ મહેલનો કૉલેજ તરીકે ઉપયોગ શરૂ થયો ત્યારથી તે મીનારો કાંઇ પણ ઉપયોગ સિવાયનો થઇ પડચો હતો અને વર્ષોના ઘસારાથી જીર્ણ થઇ એક ખંડિયેર જેવો બની ગયો હતો. કુમાર એકદમ બારીમાંથી નીચે ઉતરી મીનારા તરફ ગયો. નીચેનું બારણું ઉઘાડી અંદર જોયું, પણ શું દેખાય? અંદર બહુ જ અંધારૂં હતું. ઘડીક, કાંઇ સંભળાય છે કે નહિ તે જોવા ઉભો રહ્યો. ત્યાં ઉપરના માળમાંથી કાંઇક અવાજ સંભળાયો. અંધારામાં દાદર શોધી તે જેમતેમ કરી ઉપર ચડચો. તે માળ ઉપર છાપરૂં ન હતું અને તેથી માળનો ઓરડો ચંદ્રના પ્રકાશથી પ્રકાશી રહ્યો હતો અને તે પ્રકાશમાં તેણે કિરીટને હાથમાં રૂપાનો પ્યાલો ઝાલી એકીટશે પ્યાલાને નીરખતો જોયો. નવો રૂપાનો પ્યાલો ચંદ્રના પ્રકાશથી ઝગઝગી રહ્યો હતો. કુમારે એકદમ પોતાનું માથું દાદરામાંથી નીચે ખેંચી લીધું. તેને એક વિચાર આવ્યો. કિરીટ જ્યારે પાછો જાય ત્યારે અહીં સંતાઇ રહી પાછળથી પ્યાલો ઉપાડી જવો. પણ કિરીટ ભૂતવાળા ઓરડાની બારી તો અવસ્ય બંધ કરતો જવાનો! તો તો પોતે કૉલેજની બહાર રહી જાય. વળી આવી બાબતમાં સાક્ષી રાખવો સારો, નહિતર ક્યાંક પોતાને માથે આળ આવે. ત્યારે કોને બોલાવવો? એકદમ વિચાર આવતાં તે કૅપ્ટન અજીતસિંહના નિવાસગૃહ તરફ દોડચો.

'કાં અજીતસિંહ? જાગો છો કે?'

'કેમ કુમાર, આટલી મોડી રાત્રે શું છે?'

'મેં તમારો પ્યાલો શોધી કાઢચો છે, ચાલો જલદી.'

'પ્યાલો ક્યાંથી? સ્વપ્નું તો નથી આવ્યું?'

કુમારે ટુંકાણમાં બધી બાબત કહી દીધી અને જણાવ્યું કે મને તો કિરીટ સ્વપ્નમાં ચાલતો હોય તેમ લાગે છે. બંને જણ ભૂતવાળા ઓરડા પાસે આવી પહોંચ્યા. ઓરડાની બારી ખુલ્લી હતી.

'મને લાગે છે કે કિરીટ હમણાં પાછો આવશે.' કુમારે કહ્યું.

'આપણે બારણાની પાસે જ ઉભા રહીએ. જો સ્વપ્નમાં ચાલતો હશે તો આપણને એ દેખશે નહિ. અને જો દેખશે તો ખુલાસો પુછીશું.' અજીતસિંહે સમજ પાડી.

બંને જણ બારણાની બાજુમાં ઉભા રહ્યા કે થોડી જ વારમાં બારીમાંથી કિરીટ દાખલ થયો. તેની દષ્ટિ સીધી હતી. મુખમુદ્રા શાન્ત હતી. તે અજીતસિંહની પાસેથી પસાર થયો છતાં તેણે તેમને જોયા નહિ. તે જ્યારે અદશ્ય થયો ત્યારે અજીતસિંહ બોલ્યા,

'કુમાર, તારી વાત સાચી લાગે છે. તે પ્યાલો જીતવાની બહુ જ ચિંતા કરે છે, અને તે નબળા મનનો છે એટલે ઉંઘમાં જ તેણે આ કામ કર્યું છે, અને દરરોજ પ્યાલાના સ્વપ્નમાં જ તે પ્યાલો જોવા જાય છે. હવે ચાલો આપણે પ્યાલો હાથ કરી લઇએ.'

બંને જણા બારી ટપી મીનારા તરફ ગયા. પ્યાલો જોતાં કુમાર અને અજીતસિંહના આનંદનો પાર ન રહ્યો.

'કુમાર, તેં આજે કૉલેજની આબરૂ જાળવી છે અને મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે.' કુમારનો હાથ દાબીને છુટા પડતાં અજીતસિંહે કહ્યું.

'તે દિવસે હું તમારા ઓરડામાંથી બિસ્કિટનો ડબો લેતો પકડાયો, ત્યારથી મને એમ થયા જ કરતું હતું કે મારે તમને કોઇ પણ રીતે મદદ કરવી. તમે એટલા બધા માયાળુ છો કે મને તેમ થઇ આવ્યું. પણ મારે એક વિનંતિ કરવાની છે કે આ વાત તમારે કોઇને કહેવી નહિ. વળી કિરીટને તો ખબર ન જ પડવી જોઇએ કેમકે તે નિર્દોષ છે.' કુમાર આ બોલતો હતો ત્યારે તેના પ્રફુલ્લ ચહેરા પર સરળતા, શરમ અને નિર્દોષતાની રેખાઓ પડી રહી હતી.

'તારી ઇચ્છા એમ છે તો ભલે; નહિતર તને ખુલ્લી રીતે અભિનંદન મળવું ઘટે છે. તેં ખરેખર કુમાર-કૉલેજનું કલંક ધોયું છે. હું માત્ર પ્રિન્સિપાલ

[અનુસંધાન આગળ પાન ૬૬મે]



સુઘડતા

સુઘડતા એટલે ભભકો કે ઠાઠમાઠ નહિ;
સુઘડતા એટલે બાંકાઇ કે ટાપટીપ નહિ.
સુઘડતા એટલે ઠાવકાઈભરી સ્વચ્છતા.



'સુઘડતા દિવ્યતાથી દૂર નથી' એ ભાવનું એક અંગ્રેજી સૂત્ર છે; એ કેટલું સાચું છે તે તો જે માણસ સુઘડ રહે તે જ પરમાણી શકે.

સુઘડ માણસનો પરિચય તમને કદિ થયો છે ? એના શરીરમાંથી સ્વચ્છતા ફોરી રહેલી હોય છે; એની આસપાસનું વાતાવરણ મધુરૂં મધુરૂં બની રહેલું હોય છે; એનો સ્વભાવ, એની વાતચીત, એની દરેક હીલચાલમાંથી જાણે સુગંધ પ્રસરે છે.

પૈસાદારો જ સુઘડતા રાખી શકે એવું કંઇ નથી. ખરૂં પુછાવો તો સુઘડતા તો માણસ બહુ જ ઓછે ખરચે, માત્ર પોતાની કાળજીથી રાખી શકે છે.

તમે ગરીબ હો તેથી શું થયું ? દરરોજ નવાં કપડાં ન પહેરી શકો, પણ જુનાંને સ્વચ્છ રાખી સુઘડ રીતે તમારા શરીર પર સજી શકો. ફાટેલાંને થીગડાં દઇ પહેરવામાં શરમ નથી; શરમ તો ચીંથરેહાલ ફરવામાં છે. થીગડાંવાળાં ભલે હોય, પણ સ્વચ્છ રીતે ધોએલાં હોય તો તે કપડાં પહેરવામાં શરમ નથી; શરમ તો પરસેવાની બદબોથી ગંધાતાં મેલાંદાટ કપડાં પહેરવામાં છે. પછી ભલેને તે રેશમી, કસબી કે જરિયન હોય !

તમારૂં ધોતિયું ભલે બારીક મલમલ જેવું ન હોય અને જાડું મીલનું કે ખાદીનું હોય; પણ રોજેરોજ ધોવાઇ સ્વચ્છ રહેતું હોય, શરીર પર મર્યાદાસર પહેર્યું હોય, પાટલી બરોબર ચીપીને વાળેલી હોય, તો તે, લથરપથર પહેરેલા, સબડતા, હીરકોરી ધોતિયા કરતાં પણ બેમૂલ સમજજો. ચાઈનાસિલ્કને બદલે ભલેને જાડી ખાદી કે જીનનો ડગલો તમે પહેરતા હો—અરે, તેના ખભા કે પીઠ પર એકાદ બે થીગડાં પણ ભલેને હોય, પણ દર બુધવાર ને રવિવારે તમારે હાથેથી (ધોબી પાસે પણ નહિ) પૈસાના સાબુ લઈ કાળજીથી ધોતા હો,




થીગડાં બંધબેસતાં દીધેલાં હોય, એક પણ બટન તુટેલું કે ગજવું કાણું ન હોય અને શરીર પર બરોબર સુઘડતાથી સજીને પહેરતા હો, તો ખચિત માનજો કે કોઈ શ્રીમંતને પણ તમારા એ ડગલાની અદેખાઈ થાય.

તમારાં ફાટેલાં કપડાંને થીગડાં જરૂર દો. પણ યાદ રાખજો કે થીગડાં દેવામાં પણ સુઘડતા રહેલી છે. એક પણ કરચલી વિનાનું, બરોબર બંધબેસતું, ઝીણા ટાંકા મારીને એવું થીગડું દો કે કોઇને ઘડીભર એ થીગડા સામે પણ જોઈ રહેવાનું મન થાય.

અને અંતે, એક વાત તમારા મનમાં બરોબર ઘુંટી રાખજો કે તમારી સુઘડતા તમે પોતે જ કાળજી રાખશો તો જાળવી શકશો. ધોબીનાં ધોએલાં કપડાં અને દરજીનાં દીધેલાં થીગડાં કરતાં તમારા હાથનાં ધોએલાં ને થીગડાં દીધેલાં કપડાં તમને વધારે મીઠાં લાગશે; કારણ કે એ તમારી કાળજી, સ્વાશ્રય અને પ્રાણબળથી ઓપી રહેલાં હશે.

માથે વાળ રાખવા હોય તો જરૂર વધારો, પણ એક વાર રાખ્યા પછી તેનું પુરી કાળજીથી જતન કરો. હમેશાં સાબુથી માથે ન્હાઇ તેને સ્વચ્છ રાખો, અને બરોબર તજવીજ રાખીને તેને

નિયમિત રીતે ઓળતા રહો. આટલું જતન કરવાનો મોખ ન હોય તો મેલભરેલાં ઝીંથરિયાં લટિયાં



રાખવા કરતાં બહેતર છે કે આખા માથાના વાળ તદ્દન કતરાવી નાખી સાદો ચહેરો કઢાવવો. માથે ઉગેલા ઝીંથરાંના વન કરતાં એ ખચિત જ વધારે સારો લાગશે.

તમારા દાંત, નાક, આંખ, કાન અને હાથપગનાં આંગળાં બરાબર સ્વચ્છ રાખો. આંગળાં પર પાવડા જેવા નખ વધતા અટકાવો. તમે નથી જાણતા કે આંગળાંના નખમાં ભરાએલા મેલમાં કૈંક પ્રકારના રોગના જંતુ ઉછરે છે. આંખોના ચીપડા, નાકની લીંટ કે કાનનો મેલ, એટલાં જ ભયભરેલાં અને ચીતરી ઉપજાવનારાં છે.

બસ; આટલું તમે કાળજીપૂર્વક કરતા રહો અને થોડા જ વખતમાં તમે જોશો કે શરીરની સુઘડતા રાખવા જતાં તમારો સ્વભાવ પણ સાથેસાથે આપોઆપ સુઘડ થતો જશે; તમે મધુર અને સુંદર બનતા જશો. તમારી આસપાસ વાતાવરણમાં તમારા આત્માની મધુરી ફોરમ પસરી રહેશે. લોકો તમારા શરીર અને સ્વભાવની આ સુઘડતાથી મુગ્ધ બની જશે.

નીચેની એક નાનકડી લોકકથા જાણવા જેવી છે: બે બાઇઓને કંઇ કારણસર તકરાર થવાથી તેઓ કાજી પાસે ન્યાય મેળવવા ગઇ. કાજીએ તે બંનેને એકેક લોટો ભરી પાણી આપીને કહ્યું, ‘ તમે લડીઝગડીને આવો છો, તો લો આ પાણી; હાથમોં ધોઈ જરા સ્વસ્થ થાઓ એટલે ઇન્સાફ કરી આપું.’ એક બાઇએ તો લપલપ કરીને ઉતાવળે મોં ધોયું ન ધોયું ને બધું પાણી વેડફી નાખ્યું. મોં પણ એવું ધોયું કે અરધું કોરૂં રહ્યું, ત્યાં હાથ ધોવાવાની તો શી વાત? અને ઝટપટ કાજી પાસે જઇ કહે, ‘ લો, હવે કરો ઇન્સાફ. ’ બીજી બાઇએ નીરાંતે, હાવકાઇથી હાથમોં ઘસીને ધોયાં; વધારામાં પગ પણ ધોયા; અને એમ કરતાં યે થોડું પાણી વધ્યું તે પાસે ફૂલઝાડનું કુંડું હતું તેમાં રેડયું. પછી હાથપગ ને મોં લુછી નાખી સાફ કરી કાજી પાસે જઇ ઉભી રહી.



કાજીએ શો ન્યાય કર્યો હશે તે સમજાય એવું છે. એને તો પેલી સ્ત્રીઓમાં કોનો સ્વભાવ શીળો અને કોનો કજિયાખોર ને ઉતાવળો છે તે જોવું હતું; એટલા માટે તો તેણે આ પાણીના લોટા આપવાની તરકીબ શોધી કાઢી. તેણે તરત જ પેલી ઉતાવળિયણ બાઇનો ગુન્હો શોધી કાઢ્યો અને ટપકો આપી કાઢી મુકી.



સુઘડ રહેવા ઇચ્છનારે કેટલીક કુટેવો પણ દૂર કરવી જરૂરની છે. ઘણાને વારંવાર ‘હાકયુ’ કરવાની, વાતો કરતાં મોંમાંથી થુંક ઉડાડવાની કે હાથમોંના ચેનચાળા કરવાની ટેવ હોય છે. કેટલાક મોંમાં મોં નાખી વાત કરવા આવે છે; કેટલાક ઉતાવળું ગરબડિયું લવી જાય છે. આ બધી કુટેવોને બનતી તાકીદે તજી દેવી જોઇએ. સ્વચ્છ તેજસ્વી ચહેરા અને ચમકતી આંખોવાળા કોઇ જુવાનને મીઠું મીઠું હસતો અને ધીમેથી વિનયપૂર્વક વાત કરતો તમે જોયો છે? એવો કોઇ જોયો હોય તો તપાસ કરજો: એણે ઉપલી બધી કુટેવો છોડી દીધી હશે.

શરીરે અને રીતભાતે સુઘડ રહેવા ઇચ્છનારે પોતાની ચીજો પણ સુઘડ રાખવી જોઇએ. તમારી પેન્સિલ ભલે નાની, પણ બરોબર છોલેલી હોય; તમારી કલમ એવી સુંદર ઘડેલી હોય કે કોઇ જુએ તો લખવાનું આપોઆપ મન થઇ જાય; તમારૂં ચપ્પુ કે ખડિયો હલકા કિંમતનાં હોય તેની હરકત નહિ, પણ સાફ એવાં હોય કે દીપી ઉઠે. તમારાં જુનાં

ભાગેલાં મેજને નવરાશે લાકડાની ચીપ જડી સમારી લીધું હોય અને અંદર ચોપડીઓ વ્યવસ્થિત ગોઠવેલી હોય તો એનાથી વધતું રૂડું બીજું કશું ન હોઇ શકે તમારી ચોપડીઓમાં પહેલે પાને સુંદર અક્ષરે લખેલા નામ સિવાય બીજો ડાઘ તો શાનો જ હોય? એક ગરીબ વિદ્યાર્થી વિષે એવી વાત છે કે આખું વરસ ભણવા માટે વાપરતો છતાં, એ ચોપડીનું એવું જતન કરતો કે વરસ આખરે પાસ થઇ બુકસેલર પાસે પોતાની ચોપડીઓ વેચવા જતો ત્યારે બુકસેલર એની ચોપડીઓનાં પુરાં નાણાં આપતો. આખું વરસ વપરાવા છતાં એ એટલી સ્વચ્છ રહેતી!

તમારે અભ્યાસ કરવાની ખાસ ઓરડી ન હોય ને ભલેને તમારા ગરીબ ઘરનો એક ખુણો જ હોય; પણ ત્યાં બાવાંજાળાં ઝાડી સ્વચ્છ રાખેલી ભીંતને એક સરસ્વતીની છબી, તમારા કોઇ દિલોજાન મિત્રના ફોટો કે તમારી નાનકડી બહેને તમારે માટે હોંશથી ગુંથેલા તોરણથી સુંદર રીતે શણગારી હોય, મેજપર પડેલા ડોલરના એક જ ફુલની આછેરી સુવાસ પ્રસરી રહી હોય, અને તમારા એ પ્યારા ખુણામાં હોંશથી અભ્યાસ કરતા બેઠા હો ત્યારે, હું તો ખાતરીથી માનું છું કે, સ્વર્ગનો દેવ પણ તમારી અદેખાઇ કરે. માટે જ કહ્યું છે કે સુઘડતા દિવ્યતાથી દૂર નથી.



ભૂતિયો ઓરડો

[અનુસંધાન પાન ૬૩થી]

સાહેબને જ વાત કરીશ. તું નિશ્ચિન્ત રહેજે.' આટલું કહી અજીતસિંહ પોતાના નિવાસગૃહ તરફ ગયા અને કુમાર પોતાના ઓરડે જઇ શાંતિથી ઉંઘમાં પડ્યો.

બીજે દિવસે સવારે પ્રિન્સિપાલ સાહેબે બધાને સભામંડપમાં એકઠા કર્યા. તે બોલવા ઉભા થયા ત્યારે તેમનો ચહેરો હર્ષમાં જણાતો હતો.

'આજે ઘણા જ સારા સમાચાર આપવાને મેં તમને અત્રે એકત્રિત કર્યા છે. ચાર દિવસ અગાઉ જે પ્યાલો ગુમ થયાના મેં તમને ખબર આપ્યા હતા તે પ્યાલો આજે પાછો આવી ગયો છે, અને દક્ષિણ નિવાસગૃહને મગરૂર થવાનું છે કે તેમનામાંના એકે આ શોધ કરી આપણા સૌનું કલંક ધોયું છે. તે ભાઇ પોતાનું નામ બહાર આપવાની ના પાડે છે.'

આ સાંભળતાં કુમારનો ચહેરો લાલલાલ થઇ ગયો. તે પોતે અદ્ધર સ્વર્ગમાં ઉડતો હોય તેમ લાગ્યું.

'વિશેષ ખુશી થવાનું એ છે કે આપણામાંનો કોઇ આ દુષ્ટ કાર્ય માટે જવાબદાર નથી. અને તે વાત કૉલેજને માટે ઓછી મગરૂરીની નથી.'

§

શરતોનાં પરિણામ આવ્યાં ત્યારે એક માઇલની શરતમાં કિરીટસિંહ પહેલા આવવાથી રૂપાનો પ્યાલો તેમને મળ્યો. અને સો વારની શરતમાં આપણા કુમાર પ્રથમ આવ્યા.

ગજાનન ભટ્ટ

ગુજરાતની કળા

પ્રિય ગુજરાત! કોણ કહે છે, તારે ત્યાં કળા નહોતી? સિદ્ધરાજનો જયડંકો સાંભળો. તેના વાવટા પર કળા હતી. તેના દરબારોમાં, તેના મહાપુરુષોની વાણીમાં, નગરની નારીઓની ગતિમાં, કારીગરોનાં કામમાં, કલા હતી: કલા તો હતી ગુજરાતની રાણી. હજુ પણ જાઓ ગામડાંમાં. ત્યાં તેની થોડી પણ આણ વર્તે છે. સ્ત્રીઓ મધુરાં ગીત ગાય છે, ઘરને જાતે શણગારે છે, તોરણો બાંધે છે, ચાકળા ભરે છે, વીંઝણા, ઇંઢોણીઓ, ઘાઘરા વગેરે પર પોતાની કલ્પનાથી મોર, કેરી, પાન વગેરે ભરે છે. હજી પણ ગામડાંના ખત્રીઓ જાતજાતના નમુના છાપે છે; હજુ પણ જુનાં ખંડેરો કાળની સામે ટક્કર ઝીલી કળાના વિજય રૂપે મૂર્તિમંત ઉભાં છે. ગુજરાતનું સ્થાપત્ય તો આખા ભારતમાં પ્રસિદ્ધ છે. ગીરનાર, આબુ, ડભોઇ, અમદાવાદ વગેરેની ધુળ ખંખેરી જુઓ. કેટલી સંસ્કૃતિ પામેલી કળા! અમદાવાદની કોતરકામવાળી જુની બારસાખો વીલાયતના લોકો મોટી કીંમત આપી લઇ જાય છે. જામનગર, રાજકોટ, પાટણ, સુરત વગેરે સ્થળોના સુતારો, કુંભારો, વણકરોની ચતુરાઈમાં કળા જ વ્યાપી છે. પણ નજર કોણ રાખે છે? કદર કોને છે?

સાહિત્ય -સપ્ટે. ૧૯૧૭ **ર. મ. રાવળ**



જંગલમાં રસોઈ

[સ્કાઉટિંગ]

જ્યારે સ્કાઉટિંગની ટુકડીઓને બેચાર દિવસ જંગલ-નિવાસ (કૅમ્પિંગ) કરવાનું કહેવામાં આવે છે ત્યારે તેમની મોટી મુસીબત રાંધીખાવાની હોય છે; અને તે જ કારણને લઇને આખો દિવસ નાસ્તા અને ચા ઉપર કાઢી રાત પહેલાં ટુકડીઓને પાછી આવતી આપણે જોઇએ છીએ. પણ સારા સ્કાઉટ થવું હોય તો બીજું કાંઇ પણ શીખ્યા પહેલાં રસોઇનું કામ શીખી લેવું ખાસ અગત્યનું છે.

આ શોધખોળના જમાનામાં માણસ દિનપ્રતિદિન વિશેષ પરાધીન થતો જાય છે. સહેજ અગવડ આવે કે તે દુઃખી બની જાય છે. હોટેલો અને વીશીની સગવડ થતાં માણસોનું જરૂરપુરતું રસોઈનું જ્ઞાન પણ અદૃશ્ય થઈ ગયું છે. ઘણીવાર દૂરનાં સ્થળોમાં આવડત વગરના માણસોને ગાંઠિયા કે ભજીયાં પર ચલાવી લેતા, અથવા મોંમાગ્યાં મુલ આપી વીશીની કાચી અને કચરો રસોઈ જમી લેતા અથવા પરચુરણ નાસ્તા કરીકરી માંદા પડતા આપણે જોઇએ છીએ.

સાધનમાં માત્ર એક લોટો ને કામળો રાખી ફરતા સાધુ તો તમે જોયા હશે. તેઓ આ બે જ વસ્તુ લઇને, ઠેઠ રામેશ્વરથી હરદ્વાર ને જગન્નાથપુરીથી દ્વારકાં, પગે ચાલી, હાથે રસોઈ પકાવી મુસાફરી કરે છે. આનું નામ તે સ્કાઉટિંગ! લોનાવલાના ટ્રેનિંગ કૅમ્પમાં એક દિવસ પગે ચાલી મુસાફરીનો રાખવામાં આવ્યો હતો. તેમાં રાંધવાનાં સાધનમાં માત્ર એક તપેલી, છાબું અને વાટકો આપવામાં આવતાં. આને રાંધીખાવાનાં ઓછામાં ઓછાં સાધન ગણવામાં આવતાં. શાક, ભાત, ચા બધું આમાં જ બનાવવું તે રાંધવાની નિપુણતા મનાતી હતી.

આનાથી પણ ઓછા સાધન વડે બાવાઓ ચલાવે છે. માત્ર પહોળા મોઢાના એક જ લોટા વતી તમે તેમને કદિ ગામને પાદરે રસોઈ કરતા જોયા છે? રસોઇનો વિધિ નીચે પ્રમાણે હોય છે. તેઓ છાણાનો નાના ગોળ પગથિયા જેવો આટ ખડકે છે, અને તે સળગાવી, પોતાના લોટામાં દાળ અથવા ખીચડી રાંધવા મુકે છે. શાકમાં તો તેની પસંદગી ઝાઝે ભાગે કંદ કે રીંગણાં પર હોય છે કે જેનો ઓળો અથવા ભડથ થઇ શકે. લોટની કણક જાડા કપડા ઉપર બાંધી, હાથ વતી નાની ગોળ બાટી બનાવે છે અને આટની ફરતી તે પકવવા ગોઠવે છે. જો સજળ નદી હોય અને વગર વાસણે રસોઇ બનાવવી હોય તો નીચે પ્રમાણે થઇ શકે છેઃ નદીના વહેનથી થોડે છેટે એક વીરડો ગાળવો. તેમાં એકાદ ઈંચ પાણી દેખાય એટલે એક લુગડાના કટકામાં ચોખા અથવા ખીચડીની પોટલી બાંધી તેમાં મુકી ઉપર રેતી વાળી દેવી. પછી તે જગ્યા પર એક સારો તાપ કરવો અને તે તાપની મદદથી ઓળો અથવા ભાખરી પકાવવી હોય તો તેમ કરી લેવું. ઉપરની ગરમીથી અને તળિયાના પાણીથી ચોખા અથવા ખીચડી રંધાઇ જશે. પછી ગુંદા, ખાખરા અથવા વડનાં પાંદડાંનાં પાતર અને પડિયો બનાવી જમવા બેસવું. આનું નામ તે વગર વાસણે રસોઈ! કૅમ્પમાં જાઓ ત્યારે આ પ્રયોગ કરી જોવા જેવો છે. આવી નાની બાબતો સ્કાઉટોએ શીખી લેવી જોઇએ કે જેથી કૅમ્પમાં અથવા પગરસ્તાની મુસાફરીમાં અડચણ આવે નહિ.

એક વખત કેટલાક સ્કાઉટ્સ ટ્રેન રસ્તે અમારે ત્યાં આવ્યા. ટ્રેન ઉભી રહેતાં બધા સ્કાઉટ્સ નીચે ઉતરી પડ્યા અને ઝપાટાબંધ બબ્બેની હારમાં એવા તો સરસ ગોઠવાઈ ગયા કે દેખાવ ઘણો જ સુંદર થયો.



બાવાઓની રાંધવાની પદ્ધતિ



અમેરિકન ઢબનો ચુલો

તેમનાં લુગડાં પણ ઘણાં જ સરસ હતાં; તેમના ડ્રિલ પણ એવી ઉત્તમ હતી કે કોઇ પણ સારી પલટનને શોભાવે. પણ તેમનો સામાન ટ્રેનમાંથી નીચે ઉતારવા તથા કૅમ્પમાં પહોંચાડવા માટે અમારે દસબાર મજુરો રોકવા પડ્યા ! અને રાંધીખવડાવવા માટે ચાર રસોયા રાખવા પડ્યા. જો સ્કાઉટનો સામાન ઉતારવા માટે મજુરો જોઇએ અને જમાડવા માટે રસોયા જોઇએ તો તેમને આપણે સ્કાઉટ કહી શકીએ જ નહિ. તે તો ઉજાણી માટે નીકળેલ ગૃહસ્થ શેઠિયા જ કહેવાય. બગલથેલો ભરાય તેથી વિશેષ સામાન સ્કાઉટને ન હોવો જોઇએ. જેમ સામાન થોડો તેમ મુસાફરીમાં સરળતા વિશેષ. થોડા વખતમાં બહુ દૂર જવાનું હોઈ ટ્રેનનો આશ્રય લેવો પડે છે; નહિતર આપણી દૃષ્ટિ સમક્ષ હિંદુસ્તાનથી ઈંગ્લંડ સાઇકલ ઉપર ગએલ આપણા સ્કાઉટ્સનો આદર્શ શા માટે ન જોઇએ ?

ગમે તેવી અગવડમાં પોતાનો માર્ગ કરી લેવો. ગમે તેટલે થોડે સાધને પણ ચલાવી લેવું, મુસીબતોના પ્રવાહમાં તણાઇ ન જતાં હસીને હિંમતથી પાર ઉતરવું તેનું નામ સ્વાશ્રય, અને તેનું પરિણામ મન અને શરીરની સ્વતંત્રતા. દિવસમાં પાંચ ટંક જમનાર અને વિદ્યુતના યાંત્રિક બળે ચાલતી મહાન હૉટેલોની સગવડોમાં ઉછરેલ જુવાનોએ ગયા યૂરોપીય મહાન યુદ્ધની અંદર ઝંપલાવ્યું ત્યારે ટ્રેન્ચોની અંદર તેઓ ગમે તે સાધને ચલાવતી લેતા. સુકા બિસ્કિટનો કટકો અને ખાંડ વગરના ચાથી પણ કેટલીકવાર ચલાવી લેવું પડતું, અને કેટલાક કટોકટીના પ્રસંગે પાણીના અભાવે મોઢાની અંદર પથ્થરના કકડા ચુસીને પણ લડતા ! દરેક જુવાને આવી સહનશક્તિ અને સ્વાશ્રય ખીલવવાં જોઇએ.

જો આપણે કૅમ્પમાં હોઇએ અથવા ખુલ્લી જગ્યાએ રાંધીખાવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તો કેવી રીતે રાંધવું અને ચુલા બનાવવા તે બાબત આપણે વિચારી જઇએ. ઘણીવાર આપણે ત્રણ મોટા પથ્થર ગોઠવી ચુલો બનાવીએ છીએ. પણ જો આખી ટુકડી માટે રસોઈ કરવી હોય તો આ રીત વધુ જોખમભરી છે. પથ્થર લાંબે વખતે તપી ફાટે છે અને રસોઈનું વાસણ ઉંધું

પડવા ઉપરાંત પાસે બેસનારને ઇજા થાય છે. બળતણ ઓછું જોઇએ અને પવન બહુ ન લાગે તે માટે જમીનની અંદર ચુલા ખોદવા તે જ સારા છે. ખોદવાનું સાધન બરાબર ન હોય (જોકે સ્કાઉટે મોટું ચપ્પુ અથવા કુહાડી અવશ્ય પાસે રાખવાં જોઇએ) અને બળતણ માટે છાણાં જ હોય તો તો આગળ કહી ગયા તેવો ગોળ આટ જ કરવો. અમેરિકન ચુલાની રીત પણ કરી જોવા જેવી છે. જો એકાદ બે જણ માટે ચા બનાવવી હોય તો ઝાડની ડાળે દોરી બાંધી અથવા ત્રણ લાટડીઓની ઘોડી બનાવી તેને દોરી બાંધી તેને છેડે વાસણ લટકાવવું અને નીચે તાપ કરવો. ખાસ ધ્યાન રાખવું કે દોરી સળગી ન જાય, નહિતર બધું નીચે આવી પડશે ! આ બધી બાબતો એવી છે કે જ્યાં સુધી કરી નથી ત્યાં સુધી જ અઘરી છે.

અમારા એક ઓળખીતા આપણામાંના ઘણાની જેમ રસોઈની બાબતમાં અજ્ઞાન હતા. તે એક વખત રોટલી કરવા બેઠા. તેમને કોઇએ કહેલ કે તાવડી તપે એટલે રોટલી તાવડીમાં નાખવી. રોટલી વણ્યા પછી, તાવડી તપી છે કે નહિ તે જોવા માટે તાવડીની વચમાં એમણે પોતાનો હાથ અડાડી જોયો ! પરિણામ એ આવ્યું કે હાથે ફોલ્લા પડ્યા અને કણક નાખી દેવી પડી. *

દુધને ઉભરાતું ન અટકાવી શકનાર, અથવા શાક વધારતાં ભડકો જોઇ બુમો પમાડનારની આપણે ઘણી હાસ્યજનક વાતો સાંભળીએ છીએ. આવી દરરોજ નવી ગોઠવાતી વાતોના નાયક ન બનવાનો આપણે અવશ્ય પ્રયત્ન કરવો જોઇએ. **ગજાનન ભટ્ટ**

અથાણું

મનુ અને તનુ બે જોડિયા ભાઈઓ રૂપેરંગે એવા તો સરખા હતા કે તેમને એકબીજાથી ઓળખી કાઢવા એ બહુ કઠણ કામ હતું. એકાએક મનુ તાવ આવવાથી મરી ગયો. તે પછી બેચાર મહીને તનુને રસ્તામાં તેના એક ઓળખીતાએ પુછ્યું, 'અલ્યા તે દિવસ કોણ મરી ગએલું ? તું કે તારો ભાઇ ?'

卐

* તાવડી તપી છે કે નહિ તે જોવું હોય તો તેમાં લોટ ભભરાવી જોવો. જો તે બળે અને ધુમાડા નીકળે તો સમજવું કે તાવડી તપી છે.

ફકીર—બેંયા થોડી ખેરાત તો દિલા દે.

ઘરધણી—ઘરમાં કોઇ માણસ નથી.

ફકીર—બાબા, ઘરમકા કામ હૈ; ખેર, થોડી દેરકે લીયે આપ હી આદમી બન જાઇયે.

卐

ત્રણ મુરખા ભેગા મળી દિલ્હીનો કુતુબમિનાર જોવા ગયા. એક જણ મિનાર જોઈ આશ્ચર્યથી બોલી ઉઠ્યો, 'ઓહો, અસલના વખતમાં કારીગરો કેટલા બધા લાંબા હશે કે આટલા ઉંચા મિનારાની ટોચ સુધી પહોંચી શક્યા હશે. ?

બીજો—તું બીલકુલ હેવાન લાગે છે ! આ કોઇ પણ માણસ આમ ને આમ તે ચણી શકે ? જમીન ઉપર સુવાડીને મિનારો તૈયાર કર્યો હશે ને પછી એને ઉંચકીને ઉભો કરી દીધેલો !

ત્રીજો—તમે બંને જણ અક્કલના ઓથમીર છો. અહીં તો પહેલાં ઉંડો કુવો હશે તેને ઉલટાવીને ઉંધો વાળ્યો એટલે મિનાર થઇ ગયો;—એટલું યે ભાન નથી ?

卐

શેઠ (પોતાના નોકરને)—જો, ઠાકોર સાહેબ હમણાં આવે તો કહેજે કે શેઠ ઘરમાં નથી; મુંબઇ ગયા છે.

નોકર (થોડીવારે ઠાકોર સાહેબ આવ્યા તેને)—નામદાર, શેઠ તો મુંબઈ ગયા છે.

ઠાકોર સાહેબ—પાછા ક્યારે આવશે ?

નોકર (ગભરાઇને)—જરા થોભો તો, હું શેઠને પુછી જોઉં.

卐

વિનયી છોકરો—મા હું બોલું ?

મા—હમણાં મુંગો બેસ. તારા પિતાશ્રી લખે છે તેને હરકત થશે.

(અરધા કલાક પછી)

મા—બોલ જોઇએ હવે, શું છે ?

છોકરો—મા આપણાં રસોડામાં ક્યારનું કંઈક સળગે છે !

*

બાપ—ચમન, તું હમણાં નવું શીખે છે કે નહિં ?

ચમન—હા બાપા, હું આજે ત્રણ દિવસથી નવું (નવાના પાડા-ગડિયા) શીખુ છું.

卐

એક ભાઇ ઘેરથી બજારે જવા નીકળ્યા. થોડે દૂર જતાં યાદ આવ્યું કે ઘરમાં દેવતા સળગતો રહી ગયો છે માટે ઠારી આવું. આથી તરત પાછા ઘર તરફ વળ્યા અને ઘરનાં બારણાં આગળથી છોકરાને બુમ પાડી કે અલ્યા દેવતા ઠારી નાખજે. યાદ આવ્યું તેથી કહેવા આવ્યો છું; પણ જોજે બારણાં ઉઘાડતો, નહિતર નકામાં ઘસાઇ જશે.


છોકરે જવાબ આપ્યો કે દેવતા તો ક્યારનો ઠારી નાખ્યો છે, પણ તમે બજારેથી પાછા આવ્યા અને વળી પાછા જાઓ છો તે તમારા જોડા એટલા નકામા ઘસાઇ જશે તેનું શું ?

ભાઇએ જવાબ દીધો કે તારા કરતાં હું વધારે અક્કલવાળો છું. જોડા બગલમાં રાખીને ઉઘાડે પગે હું તો આવ્યો છું. (શિશુ)

શેરીનાં સ્મરણો

શેરી શબ્દ ઉચ્ચારતાં કેટલાંયે સ્મરણ ઉભાં થાય છે. એ નાનપણના ગોઠિયા અને ગોઠણો, રમતો અને વિનોદો, સંધિઓ અને વિગ્રહો, નાટકો અને ગાયનો—કૈંકૈં શેરી શબ્દની પાછળ અખંડ સાંકળથી જોડાઇ ઉભાં છે. આજે ૩૯ વર્ષની ઉમરે એ સાંકળ એટલી જ અખંડિત અને તાજી છે. અહીં, એ દૂરદૂરનાં છતાં તદ્દન નજીકનાં અને પોતાનાં જ, કડવાંમીઠાં, સોંઘાંમોંઘાં, સાધારણ અને અસાધારણ, મામુલી અને કિંમતી, ઉપયોગી અને નિરુપયોગી, એવાં સ્મરણો નોંધવા બેઠો છું.

અજવાળી રાત્રે એંઠવાડ-અબોટ કર્યાં પછી મારી શેરીની બાયડીઓ ઘરની ખડકીએ બેસે, અને સીતાની કાંચળી, ચેલૈયાનું ગીત, સ્વર્ગની નીસરણી અને બ્રહ્માનંદ-નિષ્કુલાનંદનાં ભજનો ગાય, અને હું કાન દઇને સાંભળું. કેટલીક સ્ત્રીઓ વેણુ લઇને ગીતો કે ભજનો શીખે ને એમ વગર નીશાળે, વગર અભ્યાસક્રમે, વગર શિક્ષા-ઇનામે લોકગીતની શાળા ચાલે. હું રસિયો હતો. શરીરે પાતળો, સ્વભાવે શરમાળ અને હીંમતે બીકણ! એટલે બીજા છોકરા પેઠે જરા આઘો-



પાછો રખડવાને બદલે માની પાસે ભરાઇને બેસતો ને વિના શ્રમે ગીતો યાદ રાખતો. બીજે દિવસે સ્ત્રીઓનાં શીખી લાવેલ ગીતોમાં ભુલ પડે તે હું સુધારતો.

હજી હું ઘરના ઉમરા સુધી પહોંચ્યો હતો. અમારી શેરી ઘરના ઉમરાથી શરૂ થતી.

મારાં ભાભુ સ્વામીનારાયણ પંથનાં હતાં. અજવાળી રાતે તેઓ ઘઉં વીણવાનું, કાલાં ફોલવાનું કામ કાઢે. અમને ભજનો સંભળાવતાં જાય અને અમારી પાસેથી કામ લેતાં જાય. પણ અમને ભજનો કરતાં વાર્તાઓ વધારે ગમતી. આ વાતની એમને ખબર પડ્યા પછી તેઓ એક પછી એક વાર્તા કહેતાં જાય અને અમે એ સાંભળતાં સાંભળતાં કાલાં ફોલ્યે જઇએ. એ વાર્તામાં સાત મૂર્ખાઓની વાર્તા તો આવે જ આવે.

અમારી શેરીમાં એક ફાનસ છે. અંધારિયામાં એને અજવાળે, અને અજવાળિયામાં તો દુધ જેવી ચાંદનીમાં આખી શેરીનાં બૈરાં કાલાં લાવતાં અને અમે નાનાં છોકરાં વાર્તાને લોભે તેમનાં કાલાં ખુબ ફોલતાં. કાલા ફોલતાંફોલતાં ફોતરાં એક બાજુ મુકીએ ને ફોતરી બીજી તરફ મુકીએ એમાં કૈંકૈં ગમ્મતો કરીએ. ધોળું પોલ જેવું રૂ કાલેકાલે નીકળતું તે જોઇને મનને આનંદ થતો.

કોઇકોઇવાર કાલાં ફોલાતાં હોય ને વાર્તા ચાલતી ન હોય એટલે અમે જરા રમી લેતા. છેક નાના હતા એટલે લુગડાં પહેરવાની સભ્યતાનો બોજો અમારા ઉપર ન હતો. બેદુડી અને ગંગલી, કાશલી અને કનુડી, ભાઇકો અને નભલો, કુર્ણો અને મગનો; અમે સૌ એકઠા થતા અને નાગડા નાગડા કુલા ઉપર હાથ પછાડી, 'સાંકડાના સો સો રૂપૈયા' એ લોકગીત માત્ર એટલું જ બોલીને કેટલો યે વખત ગાળી નાખતાં.

હજી અમે નાનકા હતા. મોટામાં અમારો હિસાબ ન હતો. અમારી કોઈ કદર કરતું નહિ, તેમ અમને કોઈ વઢતું નહિ. મોટીમોટી સ્ત્રીઓ વાતો કરતી હોય ત્યાં, ઘરડાડોસા ગપ્પાં મારતાં હોય ત્યાં કે જુવાનિયા ટોળટપ્પાં ચલાવતા હોય ત્યાં જવાની અમને પરવાનગી હતી.

સ્ત્રીઓની મંડળીમાં બેસીએ એટલે દોરાધાગાની, વરા કરવાની, વળગાડની, પિતૃઓની, સતીઓની કે એવી વાતો કાને પડતી. ડોસાઓની મંડળીમાં મોટા મોટા બહારવટિયાની, ભૂતોની, દુકાળોની ને એવીએવી વાતો સંભળાતી. જુવાનિયાઓના ગપગોળા, ઠઠ્ઠા મશ્કરી અને કોઇકોઇવાર તો અશ્લિલ સંભાષણ કે સંવાદ પણ કાને પડ્યા વગર રહેતાં નહિ. બધી

મંડળીઓમાં અમે બેસતા. કોઇ જગ્યાએ અમારો હિસાબ સરખો ન હતો. પરંતુ અમારે મન તો એ બધું હિસાબ બહાર ન હતું. સ્ત્રીઓની વાતમાંથી વહેમ મળ્યા, ડોસાઓએ ઐતિહાસિક વાર્તાઓની શરૂઆત કરી અને જુવાનિયાઓએ પોતાની વાતોમાં કુમાર્ગ અને સુમાર્ગ બંને આપ્યા.

ડોસો મહેતો બાવા મહેતાની વાત લલકારીને કહેતો. કાશીરામ ભટ્ટ ગીગા ભટ્ટની વાત કહેવામાં ખુબ આનંદ લેતા.



જ્યારે હું સાંભળતો કે બાવો મહેતો માથાથી તે પગ સુધીની ઢાલ રાખતો અને તેવડો જ લાંબો ભાલો રાખતો ત્યારે મારી નજર સામે એક અદ્ભુત સૈનિકનું ચિત્ર ખડું થતું. બાવા મહેતાએ કેવાં-કેવાં પરાક્રમો કર્યાં, તળાવમાં બોળી રાખેલ વાંસની સોટીથી દુશ્મનોને કેવી રીતે માર્યા વગેરે સાંભળી મારા રોમાંચ ખડા થતા. ભટ્ટ અને મહેતાને કેવી રીતે તકરાર થઇ અને ખાટલો ભરતાંભરતાં ભટ્ટોએ કેવી રીતે મહેતાઓને માર્યા, તે વાતો ભારે અદ્ભુત અને ચમત્કારિક લાગે છે. અમારા બાપદાદાઓ તલવારો બાંધી પછેગામના ગરાસિયાઓ સાથે લડવા ગએલા અને ત્યાંના બ્રાહ્મણો ગરાસિયા સામે લડવા ન ઉતર્યા એ માટે એક મહીના સુધી અમારા બાપદાદાઓએ કેવી રીતે ખીચડાં ખાધાં અને તલવાર ઘસ્યા કરી, અને આખરે કેવી રીતે એ ડોસાને પાળીઓ કરી પછેગામ સાથે અપીઆ કર્યા એ વાત ડોસાઓ પાસેથી જાણેલી. હવે શેરી ગોઝારી શા માટે કહેવાય છે તેની વાતો પણ ડોસાએ કહેલી. કામધંધા વિનાનાં ઘરડેરાંઓને રાત્રે ઉંઘ ઓછી આવે એટલે મોડી રાત સુધી તેમનાં ગપ્પાં ચાલે. અમને બાળકોને પણ કામધંધો થોડો ને ગમે ત્યારે મોડા ઉઠી શકીએ, એટલે ડોસાઓની પાછળ લપાઇને લાંબી રાત સુધી બેસી રહેતા. લોકજીવનની, ઐતિહાસિક કથાની, ભૌગોલિક માહીતીની, ગ્રામ્ય સંસ્કૃતિ અને પરંપરાના શિક્ષણની આ ડોસાસ્કુલો તે વખતે ઠીક ચાલતી. અમને તેનો સારો લાભ મળેલો.

જુવાનોની વાતો થોડી ઉપયોગી હતી. તેમાંથી ન શીખવા જેવું ઘણું શીખ્યા. આજે તે સંભારતાં પણ કંપારી છુટે છે. તે વાતો અહીં લખી જાય તેવી નથી. નિરંકુશ જુવાનિયાઓ કેવા ભયંકર બને અને બનાવે એનો એ વખતે મળેલો જીવંત ખ્યાલ આજે પણ એટલો **જ** જીવંત છે. એ નીશાળોની ભયંકરતા અહીં નહિ કહું.

અમારા શેરીના આનંદમાં નહોતા વૃદ્ધોના આનંદ કે નહોતા જુવાનિયાઓના; નહોતા સ્ત્રીઓના કે નહોતા પુરુષોના. એને કદાચ કોઈ આનંદ કહે પણ નહિ. એ સૌથી અજાણ્યા અને અણચિંતવ્યા આનંદ હતા. એ આનંદનું મુળ અમારામાં હતું. રાતના એકલાએકલા માત્ર દસ જ હાથ દૂર બેઠેલી સ્ત્રીઓની મંડળીમાં જવામાં એક જાતનો આનંદ હતો. અજવાળિયામાંથી અંધારિયામાં અને અંધારિયામાંથી અજવાળિયામાં જવાનો બીજી જાતનો આનંદ હતો. ધુળના ઢગલામાં સંતાએલા કોઇકને મહામહેનતે શોધી કાઢવામાં ત્રીજી જાતનો આનંદ હતો. બધાં શેરીમાં રમતાં હોય ત્યાંથી જરા પણ બીના વિના એકલા ઘેર પાણી પીવા આવવામાં ચોથી જાતનો આનંદ હતો. કોઇનું ઘર ચણાતું હોય ને ત્યાં ધુળનો ઢગલો થયો હોય તેના પર કુદવામાં કે લપસવામાં વળી જુદી જાતનો આનંદ આવતો. એ ધુળનો સ્પર્શ બહુ મીઠો લાગતો. એમાં કુબા કરવાની કંઇ અદ્ભુત મઝા પડતી. શહેરસુધરાઇ ખાતા તરફથી જ્યારે સડક પર રેતી નખાતી ત્યારે એ રેતી પાથરેલા રસ્તા ઉપર

રેમવામાં, બેસવામાં, સુવામાં અને ત્યાંથી કાંકરા વીણવામાં કોઇક ચમત્કારિક મઝા આવતી. એ મઝા વર્ણવી શકાય તેવી નથી. કોઇનું ગાડું જતું હોય તો પાછળ તેની પર બેસી જવામાં ને પછી ગાળો ખાઈ નીચે ઉતરવામાં, ભરના ભરોટામાંથી સાંઠો ખેંચી લઇને માર ખાવાનું જોખમ ખેડવામાં, કોઈ આંધળાની લાકડી ખેંચી લેવામાં આનંદ જ પડતો. ચાલતાંચાલતાં એકાદ નાનાસરખા પથરા પર ચડીને ભુસ્કો મારવામાં કે પાણીનો રેલો ટપી જવામાં પણ આનંદ પડતો. આવા આનંદો ગણવા બેસું તો પાર ન આવે.

કોઇને ખીજવવાના આનંદો હજી સાંભરે છે. શા માટે અમે ખીજવતા હોઇશું અને શા માટે એમાં આનંદ આવતો હશે તે કહી શકાતું નથી. ગમે તેમ હોય, પણ એક ધુળના ઢગલા ઉપર ઉભાંઉભાં

' હાવાલાલ ગોટલી !
માથે ઉગી ચોટલી ! '

એમ તાણીતાણીને બોલતાં અમે ધરાતા નહિ. કદાચને અમે બોલીબોલીને થાકી જઇએ ત્યાં તો હાવાલાલ ઘરમાંથી ગાળો દેતો દોડે એટલે અમે જરા વીખરાઇ જઇએ, પણ પાછા થોડી જ વારમાં બમણા જોસથી ખીજવવાનું શરૂ કરતા. અમારા પાડોશમાં એક કેસર ડોશી હતાં તે એક વખત બોલ્યાં, ' માડી, મારા ઘરમાં તો મોટા મણઝણ મીંદડો. ' ત્યારથી ' મણઝણ મીંદડો ' 'મણઝણ મીંદડો' એમ ખીજવવાનું ચાલ્યું. ડોશી દાંત કચકચાવતાં અને ' મારા રોયા ' એમ કહી ગાળો દેતાં પાછળ દોડતાં; પણ ત્યાં તો અમે અળકફળક થઇ જતા. ડોશી ઘરમાં જાય ત્યાં તો વળી પાછા ભેગા થઇને ' મણઝણ મીંદડો, મણઝણ મીંદડો ' શરૂ કર્યું જ હોય !

એના દીકરાનો દીકરો પણ અમારા ભેગો હોય. એકવાર એ છોકરે કુલડીમાં ખડી માગી એટલે ડોશી કહે, ' જા મારા રોયા, અહીં ખડી કેવી ? ' ત્યારથી ખીજવવાનું ચાલ્યું :

' કુલડીમાં ખડી ! '

પછી એ ચાલ્યું ચાલ્યું, તે ડોશી મુઆ સુધી.

હજી પણ અમારા એ દોસ્તને 'કુલડીમાં ખડી'ની યાદ આપીએ છીએ.

ત્રિભોવનનું નાક મોટા બટેટાના ફોડવા જેવું હતું. એને કોઇએ કહેલું કે તમારૂં નાક હાથીના જેવું છે. ભટ ખીજાણા અને પછી તો, ' હાથીનું નાક, હાથીનું નાક,' એ શબ્દ પકડી લીધો. પછી જોઈ લ્યો ભટ્ટજીની મઝા ! ઘરમાંથી



લાકડી લઇને 'મારો સાળો નાનકડીનો' એમ કહીને ઉઠે ત્યા તો પલાયનમ્ ! અને વળી પાછા ઘર પાછળ જઇને ' હાથીનું નાક, હાથીનું નાક ! ' જે બોલતા થાકે નહિ એવા છોકરાઓની પાછળ એ બીચારો ક્યાં સુધી લડે ?

એક આંધળી શરમાણ હતી, એને એક શીવલો છોકરો હતો. અમે એને ' શાબો પાટિયો ' કહેતા. એકવાર શરમાલણ શીવા સાથે લડી. શીવાએ એને ફાવડી દીધી. બસ અમે પકડી લીધું. ઘરમાં ફાવડી હોય ત્યારે બહારથી ડેલીની સાંકળ દઇએ અને

' ફાવડી, ફાવ ફાવ ફાવડી
ફાવડી, ફાવ ફાવ ફાવડી '

એમ રાગ કાઢીને ઉલળીઉલળીને બોલીએ. ફાવડી ખીજાય; ખુબ ગાળો દે. જેમ ગાળો દે એમ અમે બમણા ખીજવીએ. પછી ફાવડી લીમડે ચડે અને ત્યાંથી ગાળો દે. અમે તો બહારથી ફાવડીનું ગીત ચાલુ જ રાખીએ. આખરે ફાવડી થાકે.

એકવાર ગિરીશભાઇને ડોશીએ કહ્યું, ' એલ્યા સોકરા, તમે બેઠીબેઠીને અમારો દોરો બગાડી નાખ્યો.' બસ ત્યારથી ચાલ્યું: ' ડોશી દોરો ' ' ડોશી દોરો ! ' અને એ ડોશી મુઆ ત્યાં સુધી ' ડોશી દોરો, ડોશી દોરો ' રહ્યું.

રઘુ ભટ કરીને એક ભટ હતા. ભલા હતા. નવરાત્રમાં ' રે મારી બૌચર માય મા નવ દિ અહીં રહો રે ' એમ ગવડાવતી વખતે ભટ કાખલીમાં હાથ નાખીને બોલતા. અમે પણ ભટની જેમ ' નોરતામાં અહીં રહો રે ' એમ બગલમાં હાથ નાખતા બોલતા અને ગાતા.

જેઠા ભટની વહુ તકરારી હતી. તેના ગોળામાં એકવાર ઉંદરડી મરી ગઇ. છોકરાઓને ખબર પડી એટલે ચલાવ્યું, 'ચકલી ઉંદરડી!' જેઠા ભટની વહુને સૌ ઉંદરડી કહેતા. બિચારા દવે ભલા હતા. તેઓ કદાચ બાલમાનસશાસ્ત્ર જાણતા હશે. 'દવે દવે દોરડી' કહીને અમે તેને ખીજવતા. પણ તે કદિ ખીજાતા નહિ એટલે અમે આખરે થાકીને ચુપ થઇ જતા.

અમારી રમતો ભુલાય તેવી નથી. ઘોડોઘોડો તો સામાન્ય રમત. સોનૈયો રૂપૈયો દેખાડ, ઝાલકો દા માટલી દા. ચાગકચીબડી, ચલકચલાણું એવીએવી રમતો છોકરાઓ અને છોડીઓ સાથે રમતાં. આ રમતો પ્રચલિત હતી. પણ બેચાર રમતો અમે નવી કાઢી હતી. એક રેલગાડીની, એક વાજાં વગાડવાની, એક પરેટ કરવાની. અમારૂં ગામ વળી રેલવેથી દૂર. એટલે પહેલવહેલી રેલવે જોવામાં આવી હશે ત્યારે એ તો ભારે ચમત્કારિક લાગી હશે. એમાંથી રેલવેની રમત નીકળી. કોઇ ગાર્ડ થાય, કોઇ એંજિન થાય, કોઇ ડબ્બા બને; પણ અમારા એક પરાક્રમી મિત્ર ગરગોટ સાહેબ બને, ને રેલગાડીમાં બેસી શીકાર કરવા નીકળે; ને પછી ઓશરીમાં જઇ લાકડીના ઘા કરી, ખોટાં હરણ મારી, ઢસડતા અમારી ગાડીમાં નાખે. અમારાથી એ ભાઇનો મીજાજ જુદો પડતો. તે બધે ઠેકાણે કંઇક આવું જ કરતા. તેની સ્વતંત્ર કથા કોઇવાર લખીશ. આજે એ ગરગોટ સાહેબ અમેરિકામાં છે.

અમને રેલવેની રમત તો એટલી બધી પ્રિય હતી કે છુકછુક છુકછુક કરતા અમે એ રમ્યા જ કરતા. પણ આથીયે વધારે તો ગમતી રમત યજ્ઞ બનાવવાની.


માણભટ્ટની કથામાં સાંભળેલું કે 'ઋષિઓ યજ્ઞ કરતા અને રાક્ષસો તેમાં ભંગાણ પાડતા.' વળી નવરાત્રિના દિવસોમાં આઠમને દિવસે હોમ થતો તે નજરે દેખતા. એટલે એમાંથી યજ્ઞની રમત નીકળેલી. બેચાર દિવસ મહેનત લઈ ધુળની મોટીમોટી પાળો બનાવી યજ્ઞકુંડ કરતા. આજુબાજુ વેદીનો ઠાઠ ખરો. હાથમાં ધુળની ચપટી લઇ સાચાખોટા મંત્રો ભણતા 'સ્વાહા સ્વાહા' બોલી ધુળના કુંડમાં ધુળ હોમતા. એટલામાં ગરગોટ રાક્ષસ થઇને આવે અને અમારા ઉપર પેશાબ કરે અને એ રીતે યજ્ઞમાં ભંગાણ પાડે! અમે એના પર પથરા અને ધુળનો વરસાદ વરસાવતા; અગ્ન્યાસ્ત્ર અને બ્રહ્માસ્ત્ર ફેંકતા. રાક્ષસ પલાયન થતો. હાથ આવતો તો માર ખાતો. વળી પાછો બીજે દિવસે યજ્ઞ શરૂ. આવી રીતે મહીનાઓ સુધી ઋષિ-મુનિઓના યજ્ઞ ચાલતા.

દર બુધવારે અને શનિવારે વાજાં વાગતાં ત્યાંથી અમે વાજાંની રમત શીખેલા. વણની સાંઠીઓનાં વાજાં બનાવતા. સડેલા ગુણિયાની ટોપીઓ કરતા. એક ગોઠીઓ કાગળમાં આડાઅવળા લીટા કરીને વાજા-વાળાનું ગીત કરતો, અને પછી અમે બધા ગોળાકારમાં ઉભા રહી મોઢામાં સાંઠીકડાં રાખી



ભોં પોં ભોં, પી પી પી, ભોં પોં ભોં
ભોં પો ભોં, પી પી પી, ભો પોં ભોં
પૂ પૂ પૂ, પૂ પૂ પૂ, ભોં પોં પાં

એમ વગાડયે રાખતા. દરેક વાજાવાળાનું નામ પાડયું હતું. કોઇનું નામ જૉન, કોઇનું નામ આલફ્રેડ. એકનું નામ ખોડીવાળો, એકનું નામ પડઘમવાળો અને મારૂં નામ ધાબળીઓ હતું! ગમે ત્યાં ઉભાંઉભાં વાજાં વગાડતા. માથે ટોપી પહેરી હોય એટલે બસ; બીજાં કપડાંનો શિષ્ટાચાર જરૂરનો ન હતો. આસપાસ સમાજ છે કે નહિ તેની ખબર સંગીતની મીઠાશમાં કોને રહે? [વધારે આવતા અંકમાં] **ગિજુભાઈ**



ચલ્લીના માળા

અમે મુંબાઈ નજીકના ગામડામાં રહીએ ખરા, પણ ઘરના ઘરમાં નહિ. ભાડાના ઘરમાં પોપટ, મેના, ચકલી વગેરે માટે માળા બાંધવા સારૂ ભીંતમાં કે છાપરામાં જગ્યા કરવાનું કંઇ ઘરધણીને કહેવાય ?

ઘરની આજુબાજુ રામફળ, ચીકુ, દેવદાર, બેલ, પીપળો, કરંજ, આમલી વગેરેનાં ઝાડ પુષ્કળ. સવાર પડે કે પોપટ, ચલ્લી, મેના વગેરે કલ્લોલ કરી મુકે અને એ સંગીતનો અનેરો આનંદ ઉઠતાંવેંત પહેલી બોણીમાં સાંભળીએ, એટલે આખો દિવસ આનંદમાં જાય. ધીમેધીમે અમારો પક્ષી ઉપરનો પ્રેમ વધ્યો. ચપટી દાણો ચકલાંને એક કુંડામાં નાખીએ, તે આવીને ખાય અને કલ્લોલ કરે. એમ કરતાં ચકલાં ઘરમાં દાખલ થયાં. હાંડી પર બેસતાં, અંદર ઘાસ ભરી માળો બાંધવા માંડયો. બીજી તરફ ભીંતે છબીઓ ટાંગેલી તેની પાછળ એક માળો બાંધ્યો; ત્રીજો એક માળો રસોડામાં સગડીની બરાબર ઉપર, એક ટોપલો ખીલે ટાંગેલો તેમાં બાજુ પરથી અંદર જવાની જગ્યા હતી, તેમાં બાંધ્યો. ઘરની સ્ત્રીઓ આથી જરા કચવાવા માંડી. તેમને રોજ કચરો થાય એ ન ગમે, પણ અમારો પક્ષીપ્રેમ જોઇ બોલે નહિ.

ખુબ મહેનત કરી માળા તૈયાર કર્યા. અનેક વસ્તુઓ લાવીલાવીને ભરી હતી. અમે બધું જોયા કરતા. માળા પુરા થતાં ઇંડાં મુકાયાં, બચ્ચાં થયાં, તે યે મોટાં થવા માંડયાં. એમ કરતાં એક દિવસ સગડી પરના માળામાંથી એક બચ્ચું ટોપલીને કાંઠે આવ્યું હશે તે સગડીમાં પડયું ! સવારે કાકડી મુકવા જતાં સ્ત્રીઓને તે દેખાયું એટલે કંપારી છુટી. ભુલથી કાકડી મુકાઇ ગઈ હોત તો જરૂર બળી મરત ! અમે ઉચકીને પાછું ટોપલીમાં મુક્યું. બીચારૂં ઉછરીને મોટું થયું અને ઉડી છુટયું.

દરમ્યાન અમે નિશ્ચય કર્યો કે પક્ષીને અને અમારે એક ઘરમાં રહેવું નહિ પરવડે. કોઈ દિવસ જાણ્યેઅજાણ્યે ખુનામરકી થઇ જાય ! એટલે તેમનું ઘર જુદું માંડી આપવાનો ઠરાવ કર્યો. સ્ત્રીઓને આ ઠરાવ બહુ ગમ્યો. ઘરમાંથી કચરો ગયો એમ તેમણે છુટકારાનો દમ ખેંચ્યો.

અમે તપાસ કરવા નીકળ્યા અને બેએક જગ્યા એવી જોઇ કાઢી કે જ્યાં સરડા (કાકીડા), કાગડા, ઉંદર, બીલાડાં વગેરે પહોંચી ન શકે. આવે ઠેકાણે ચાના ડબા, કાગળનાં બાકસો, ફુલની ટોપલી, એમ ત્રણચાર વાનાં ખીલા વતી જડી દીધાં. પણ ચલિયાં એ ઘરમાં જવા રાજી ન જણાયાં. કોઇ ત્યાં રહેવા ન આવ્યું. તે સ્વીકાર ન કરે ત્યાં લગી અમારાથી તેમનાં જુનાં ઘર ભાંગી કેમ નખાય ? અમને લાગ્યું કે અમને ઘર બાંધતાં ન આવડયાં માટે બીજી વાર પરીક્ષા આપીએ અને એ આપણા સહ-વાસીઓને ખુશ કરી જુદા કરીએ.

છેવટે ગેલેરીમાં છત ઉપર નજર ગઇ. વેં[illegible]ન છેટે પાટડીઓ જડેલી હતી. વિચાર કર્યો કે જુનાં કેલેંડરનાં પુંઠાં એકેક વેંત પહોળાં છે તે તે બબ્બે ખીલી મારીને એ વળીઓ પર જડી દઇએ તો ચલ્લીના માળા પુરતી જગ્યા બરાબર જ બની રહે; અને કદાચ ચલિયાં એ બંગલા પસંદ કરે. તરત નીસરણી લાવીને જુનાં ત્રણ કેલેંડરો ઠેકાણે પાડી દીધાં.

ચકલાં વજનમાં હલકાં એટલે નાનકડી ખીલી (ટેકસ)થી પુંઠાં માત્ર વળગાડી જ દેવાનાં હતાં. તેમ કરી દીધું અને ચપટીચપટી ઘાસ દરેકમાં મુક્યું. જુના ગુણિયાનાં [illegible] નીકળેલ સુતળી જેવા દોર અને રેસા, નાળિયેરની ચોટલી વગેરે ગોઠવ્યાં અને દેખાવ ચલ્લીના માળા જેવો બનાવી મુકયો. ભોળાં ચલિયાં આ જોઇ ભોળવાયાં અને મિસ્ટર ચકલા મિસિસને લઇલઇને જોવા આવ્યા. ઘર પસંદ કર્યાં. ભાડાંતોડાં કે બીલ-આંકડાનો તો સવાલ જ નહોતો. પસંદ પડતાં થયા દાખલ. ધમધોકાર માળા બાંધવા માંડયા. અમને આ જોઇ અપાર આનંદ થયો. પછી ઘરમાં, ટોપલીમાં અને છબી પાછળ તથા હાંડીમાંના જુના માળા કાઢી નવા ત્રણ માળામાં મુકવા ગયા. તે વખતે એ જુના માળાની રચના જોઇને તો એમ થયું કે ચલિયાં પક્ષી કહેવાય, મનુષ્યથી ઓછી બુદ્ધિનાં કહેવાય, પણ બુદ્ધિમાં કંઈ ખામી તો દેખાતી નથી. પ્રથમ એમણે ઘાસ પાથરેલું; પછી તેની ઉપર ઘાસની પાંતરી લાવી પાથરેલી; તેની ઉપર નરમ દોરા, વાળનાં ગુંચળાં, સુતળી વગેરે પાથરેલાં; અને તેની ઉપર નરમનરમ ઝીણાં પીછાં પાથરીને તેમાં ઇંડાં મુકેલાં હોવાં જોઇએ એમ જણાયું. નરમ ચામડીનાં કુણાં કુણાં બચ્ચાંને ખુંચે નહિ એટલા માટે આ બધું આવશ્યક હતું. આ બુદ્ધિ મનુષ્ય કરતાં ઘણી ઓછી નથી લાગતી.

અમે એ માળા એમના એમ ત્રણ નવા માળામાં ગોઠવી

દીધા અને તેનો એ અમારા ભાઇબંધોએ સ્વીકાર કર્યો. તેમાં વસ્યા, ઇંડાં મુક્યાં. તે સેવાયાં અને નવાં બચ્ચાં સહીસલામત ઉછરી ઉડતાં થયાં. ગૅલેરીમાં એક કુંડામાં રોજ કોદરો, કણકી, ભાત વગેરે નાખીએ અને એક કુંડામાં પાણી મુકીએ. તે ખાઇપી કલ્લોલ કરે. સવારે પાડોશીના ઘડિયાળનું ઍલાર્મ વાગે તેનો કર્કશ અવાજ કંટાળો આપે; પણ આ મધુર સંગીતથી કદિ યે કંટાળો આવ્યો નથી. ઉલટું દલપતરામ કવિનું પ્રભાતિયું યાદ આવે અને ભગવાનની યાદ સવારના પહોરમાં જ અનાયાસે આવી જાય.



આમ કરતાં અમને ખાલી કરવાનો પ્રસંગ આવ્યો. ઘરધણીના પઠાણે આડું વર્તવા માંડ્યું. અમને કહે 'માળો બગાડી મુકયો. આમ તો સડી જાય. શેઠને કહીશ. કચરો થાય છે.' બીજે દીવસે કહે, 'શેઠે કહ્યું છે, માળા તોડી નાખો. લાવો સીડી ને ભાંગી નાખો.' અમે મુંગે મોઢે કહ્યું, 'ઠીક છે.' એકબે દિવસ રોજ આવે ને ભાંગ્યા કે નહિ તે જુએ. અમે ખિન્ન થયા. ભાંગવાના તો નહોતા જ, પણ એની વર્તણૂક બહુ અકારી લાગતી. પણ કોણ જાણે કેમ, વેરભાવે જોતાં પણ, એણે બેત્રણ દિવસ એ માળા તરફ જો જો કર્યું એટલે એને યે ચલિયાં આવે ને જાય અને કલ્લોલ કરે તે જોઇ કંઇ દયા, કંઇ કુતૂહલ અને કંઈ આનંદનો ઝરો ફુટયો. સહેજવાર વધારેવધારે ઉભો રહી એ ગમ્મત જોતો થયો. અમે એ કળી ગયા. અમે યે એની સાથે ઉભા રહી મઝા જોવામાં એને અમારા જેવો રસ લેતો કર્યો. બે દિવસમાં જ એ વટલ્યો! પણ પાછી મોં બહાર નીકળેલી વાત યાદ આવી જાય એટલે જરા નરમાશથી યે પણ કહે ખરો કે 'કાઢી નાખોને!' અને વળી પોતે ગમ્મત જોવા ઉભો રહે! અમે મનમાં કહ્યું કે 'બરાબર ફસાયો છે. પઠાણ તો શું પણ કસાઇ હોય તો યે પીગળી જાય.' પછી સમજાવીને અમે જરા ખોટું બોલ્યા. (આવા પ્રસંગે સહેજ ખોટું બોલવામાં અમે તો પાપ નહોતા માનતા.) અમે કહ્યું, 'લાલા, એમાં બચ્ચાં છે તે નાનાં ધાવણાં છે. મોટાં થઇ ઉડી જશે કે પછી માળો ભાંગી નાખીશું. અમે અમાસે ખાલી કરી જઇશું. પછી જોઈએ તો તમે જ ભાંગી નાખજો ને. અમે કયાં દેખવાના છીએ કે દાઝવાના હતા?' પઠાણ ચાલતો થયો. અમાસે અમે ખાલી કર્યું. અમને લાગ્યું હતું કે પઠાણ પીગળ્યો છે. તેની હિંમત માળો તોડવાની નહિ જ ચાલે. બન્યું પણ તેમજ. આજ પંદર દિવસ થયા. અમે બીજેત્રીજે દિવસે જઈ જોઇએ છીએ. ચપટી દાણો નાખી આવીએ છીએ. હજી માળા સલામત છે. પઠાણને પુછ્યું કે 'કેમ ન તોડયા?' એટલે જરા સ્મિત સાથે ગુસ્સાનો ડોળ કરી જવાબ આપ્યો, 'તમે કેમ સાથે લઇ ન ગયા? હું ઘરધણીને શો જવાબ આપીશ? મારી સ્રી કહે છે કે તમે તોડશો અને આપણાં બાળબચ્ચાંને કંઇ થશે તો હું તમને જવાબદાર ગણીશ. જેવાં આપણાં બચ્ચાં તેવાં એનાં બચ્ચાં. આપણે કોઈનું ઘર ભાંગવું નથી. અલ્લામિયાં આપણું ઘર ભાંગે.

એ માળા રહ્યા તે રહ્યા. નિર્દય દેખાતાને યે દયાનું ઝરણ ફુટ્યું. હવે તો એ પણ 'ચકલીપાગલ' બન્યો છે અને ચપટી દાણો અમારા વતી નાખે છે!

મોહનલાલ મા. ઝવેરી

સ્વીકાર

લાલચીન યાને કપટીનાં કારસ્થાન: (ઐતિહાસિક નવલકથા) પ્રયોજક, ધીરજલાલ અમૃતલાલ ભટ્ટ; પ્રકાશક, મેસર્સ વર્ધમાન ઍન્ડ સન્સ, પાયધુની ટ્રામજંકશન મુંબાઇ. કિં. રૂ. ૩-૦-૦

અંત્યજ સેવા મંડળ (નવસારી)નો બીજા તથા ત્રીજા વર્ષનો અહેવાલ.

નડિયાદ અંત્યજ સર્વ સંગ્રહ: પ્રકાશક અંત્યજ આશ્રમ, નવસારી, કિં. ૦-૧-૦.

જામનગરનું સેવક મંડળ

સારું કામ કરે છે. દુકાળમાં પાણીના કુવા ગળાવવા તથા બંધાવવાનું, મેળામાં જુગાર અટકાવવાનું, પાણીની પરબો બેસાડવાનું વગેરે લોકસેવાનાં કાર્યો કરવા ઉપરાંત 'સમાજ સેવક' નામની એક પત્રિકા પણ કાઢે છે.

બા ળ વિ ભા ગ



કુકડો અને મોતી

કુક્કડ અક્કડ કુકડરાણો
ચણવાને ઉકરડે ચાલ્યો,
કુચો કચરો ફીંદી ફોળી
મુરખડો તો મનભર મ્હાલ્યો;
ચળકંતું કૈં દેખી ચળીઓ
ચુગ્યો મનહર મોતીદાણો,
'અનાજકણ એ નથી;—નકામો !'
બોલ્યો શ્રીયુત કુકડરાણો.



પુષ્પાંજલિ ૩ બકુલ

એક ગામડામાં થોડાં છોકરાં હમેશાં ભેગાં મળીને રમે. તેમને પરીઓની વાર્તાઓનો બહુ જ શોખ. એક વખતે તેમણે પરીઓ શોધી કાઢવાનો નિશ્ચય કર્યો. ત્યાર પછી દર પુનમની રાત્રે એ બધાં બાર વાગ્યા સુધી ખેતરોમાં જઇને પરીઓની વાટ જોતાં બેસતાં; પણ પરીઓ કંઇ દેખાઇ નહિ. એમ કરતાં કરતાં છેવટે માણેકઠારી પુનમ આવી. તે રાત્રે પણ સૌ છોકરાં ખેતરમાં જઇને બેઠાં. અંતે ગામડાના ચોરા તરફથી બાર વાગ્યાના ડંકા સંભળાયા. છોકરાં નિરાશ થઇને પાછાં ફરવાનો વિચાર કરીને ઉઠતાં હતાં એટલામાં એક છોકરીની નજર ચંદ્ર તરફ ગઇ. તેણે બધાંનું ધ્યાન તે તરફ ખેંચ્યું. તેમણે જોયું તો ચંદ્રમાંથી અસંખ્ય, નાનકડાં, પાંખોવાળાં માણસો નીકળ્યાં. ત્યાં, આઘેથી વાદળાં જેવી જણાતી નાની હોડીઓ હતી, તેમાં એ સૌ વહેંચાઇ ગયાં અને તેમની હોડીઓ ચાંદનીમાં તરવા માંડી. ધીમેધીમે સરતી સરતી હોડીઓ પૃથ્વી ઉપર ઉતરી, અને બધું સરઘસ ગાતુંનાચતું આ બાળકો હતાં તે જ ખેતરમાં આવ્યું. ત્યાં બધાં રાસ ગાવા મંડયાં અને ગાનાંગાતાં હસાહસ કરવા લાગ્યાં. એટલામાં એક પરીની નજર પેલાં બાળકો પર પડી. એકદમ એણે ચીસ પાડી અને બાળકો તરફ આંગળી કરી! રાસ તુટી ગયો ને બધી પરીઓ બાળકો પર ધસી. એક પરીએ તેમને પુછ્યું કે આમ મધરાતે કેમ ઘરબહાર ભટકો છો? એટલે એક છોકરીએ ઠંડે પેટે કહ્યું કે 'તમને જોવાને.' પેલી પરીએ કહ્યું, 'તમે માણસોનાં છોકરાં છો, એટલે તમારાથી પરીઓ જોવાય નહિ. અને તમે અમને જોયાં માટે તમને શિક્ષા થશે. તમારાથી હવે આ દુનિયામાં નહિ રહેવાય, અને તમારાં માબાપને તમે કદિ નહિ જોઇ શકો. પણ અમારી જોડે અમે તમને પરી-પ્રદેશમાં લઇ જઇશું. આ સાંભળીને હસવું કે રડવું તેની બાળકોને કૈં સમજણ ન પડી. કેટલાંક હસ્યાં ને કેટલાંક રડયાં. પછી પેલી પરીએ એક જાતની દવા પોતાની પાસેથી કાઢી અને બધી પરીઓએ મળીને તે બાળકોના શરીરે ચોળી એટલે એમને પરીઓના જેવી જ પાંખો ઉગી ! આ દવાની વાસ ખુબ જ મીઠી હતી.

✿ ✿

બીજે દિવસે આ બધાં છોકરાં ગુમ થએલાં જણાયાં અને તેમની સઘળી શોધ નિરર્થક નીવડી. થોડા જ વખતમાં પેલા ખેતરમાં જાદુઇ રીતે એક મોટું ઝાડ ઉગી નીકળ્યું. તેનાં ફુલ ઝીણાંઝીણાં હતાં. તેની વાસ બહુ જ મીઠી હતી;—તદ્દન પેલી પરીઓની દવા જેવી! વરસાદ આવી ગયા પછી આ ઝાડ પરથી ફુલ ટપકટપક જમીન પર પડતાં હતાં;— જાણે પેલાં બાળકોનાં માબાપનાં વિરહનાં આંસુઓ!!

: આવતે મહીને 'મધુમાલતી'ની વાત : ['મુકુલ'માંથી]

આનંદ બજાર

'કાલે કે આનન્દો બાજાર !'

ઘણા વિદ્યાર્થીઓના મોંએથી આ શબ્દો ગઇ કાલે નીકળતા હતા. સૌ તેની તૈયારીઓ કરવામાં પડ્યા હતા. કેટલાક જણ આજ સવારે 'કલા ભવન 'માં આવી મોટાંમોટાં પાટિયાં તથા ' ' કાર્ટૂન ' (હકાચિત્રો) ચીતરાવવા ધમાલ મચાવતા હતા. મારી પાસે પણ આપણા ગુજરાતી વિદ્યાર્થીઓ આવી ગએલા. નગીનદાસે જાહેર ખબર લખી અને મેં હાસ્યજનક રીતે ચીતરી આપી:

' ટાગોર અને ગાંધીએ કરેલો રેંટિયાનો સ્વીકારઃ અત્યંત કલાત્મક છતાં સ્વદેશી રુચિ અનુસાર બનાવેલી મીઠાઇઃ નીચેને ઠેકાણેથી મળશે.' આ જાહેરખબરે તો કમાલ કરી. એ ચોડતાં તો ટોળું ભરાઇ ગએલું ને એણે સાંજ સુધી હાસ્ય આપેલું.

સવારે કલાભવનમાં ગયો તો કોઇ વિદ્યાર્થી જણાયો નહિ. નવાઈ પામી મેં નંદબાબુને પુછ્યું, 'આજ રજા છે શું ?'

' ના, કલાકારોને રજા નથી; પણ હા, તેઓ ખા-ખુબ મોજ માણી શકે છે. અને પ્રેરણા આવે કે તરત કામે લાગી જાય. કોઇ પણ કલાકારને કશું દબાણ તો હોય જ નહિ. '

નંદબાબુના જવાબથી હું ઠંડો થઇ ગયો અને એ વાત છોડી દીધી. પછી નંદબાબુએ થોડા કોરા કાગળ તથા સાદા કાર્ડના ટુકડા આનંદ બજારમાં જઇને લાઇફ સ્કેચ કરવા માટે આપ્યા.

આનંદ બજાર શાલ ઝાડની લાંબી હાર તળે ભરાયું હતું. તેમાં છોકરા-છોકરીઓ સૌ ભાગ લેતાં હતાં. બજારમાં મીઠાઈ, ચાહ, ખાવાનું, કળા અને સાહિત્યને લગતી ચીજો, પુસ્તકો, ચિત્રો વગેરે વેચાતાં હતાં. આવા દુકાનદારો ખાસ કરીને પ્રોફેસરો—શિક્ષકોને સારી રીતે પકડતા, અને તેમની પાસેથી સારી રકમ ખંખેરતા.

આજે મેં ગુજરાતીઓનું કૈંક પાણી જોયું. ગુજરાતી મીઠાઇ પણ સારી વેચાએલી. કલા વિષે લખું તો મારા સિવાય કોઇ પણ વિદ્યાર્થી સ્કેચ તો કરી જ શકતો નહિ. ઘેટાંના વાળ કાપવા જેમ ભરવાડ એકએકને પકડી લાવે છે તેમ નંદબાબુ જે માણસ મળે તેને પકડી લાવતા અને હું તેનો સ્કેચ કરી આપતો ! લગભગ આઠ મોટા સારા સ્કેચ થયા. મારી આ દુકાન (!) બજારની વચ્ચોવચ્ચ હતી, અને મારી પાછળ મોટું ટોળું ઉભું રહેલું. પરંતુ નંદબાબુની હીંમતથી આપણે એ ટોળાની તાકતી આંખો તળે પણ આપણું કાર્ય કર્યે જતા હતા.

> **પ્યારા ભાઈઓ,**
>
> હું તો સ્વતંત્ર શિક્ષણપદ્ધતિ ચલાવવાવાળો રહ્યો. મારો તો એક જ સંદેશ હોય કે તમે સ્વતંત્ર બનો ને બીજાને બનાવો. તમને જકડી રાખનારા સમાજની, ધર્મની, રાજ્યની ને આચારની ગુલામીને તમે તોડી નાખો.
>
> તમે તમારા નબળા વિચારોના ગુલામ હો તો તે પણ સહન ન કરતા. તમે સ્વતંત્ર થવા માગતા હો તો કોઇની ગુલામી સ્વીકારો નહિ ને કોઇને ગુલામ રાખો નહિ. સૌને તમે તમારા મતાગ્રહમાંથી મુક્ત કરવા પ્રયત્ન કરો.
>
> બાળકોને અને સ્ત્રીઓને તમે કેટલું સાચું સ્વાતંત્ર્ય આપો છો તે ઉપરથી તમારી સ્વાતંત્ર્યપ્રિયતાનો આંક નીકળશે. જીવનના બધા ખુણા તપાસી જોઈ વળો, ને જ્યાંજ્યાં પરતંત્રતા હોય ત્યાંત્યાંથી તમે તેને હાંકી કાઢો. તમારો
>
> શ્રી દક્ષિણામૂર્તિભવન — ગિજુભાઈ

આને લીધે આ દિવસથી આશ્રમના કેટલાક લોકો જોડે ઓળખાણ થયું. આનંદ બજાર પુરૂં થયે કસરતનો કાર્યક્રમ હતો. આખા આશ્રમમાં આજ આનંદ-આનંદ જ દેખાતો. કસરતમાં એક જાપાનીએ કેટલાક દાવ બતાવ્યા. પછી બે છોકરાઓની 'બૉક્સિંગ' (મુક્કાબાજી) થએલી. એ બંને કલામંદિરના જ વિદ્યાર્થીઓ હતા; જબરા હતા. આપણી તો જવાની હીંમત જ ન હતી. કમનસીબે હું સૌથી પાતળો હોવાથી બધાએ મારૂં એક નામ—ખરાબ નામ પાડેલું. એ નામ તો અહીં નહિ લખું !

મુક્કાબાજી બાદ ગુજરાતના બે ચરોતરિયા ભાઇઓએ, મારો એક મિત્ર કહે છે તેમ, આખલાયુદ્ધ કર્યું !

અને તેમાં તેઓએ સારૂં પાણી (અરે, પાણીને બદલે ઘી) બતાવ્યું.

રાત્રે રવિબાબુના 'વિસર્જન' નાટકના એક ભાગનો પ્રયોગ હતો. તેમાં છોકરાઓ કરતાં શિક્ષકોએ વધારે ભાગ લીધો હતો. 'ડ્રેસર' નંદલાલ બાબુ હતા, એટલે મને અંદરથી જોવાની પણ રજા મળેલી. સ્ટેઇજ પર ઘણોખરો શણગાર કાઠિયાવાડી જ હતો. હું ગયો કે તરત નંદબાબુએ કહ્યું, 'આ બધું તમારા દેશનું છે.'

'હા.' મેં સગર્વ ઉત્તર આપ્યો.

પોષાકમાં પણ રાજાની પાઘડી, અંગરખું વગેરે કાઠિયાવાડી (એટલે ગુજરાતી જ ને?) હતાં.

નાટક સારૂં ભજવાયું હતું એમ સૌ કહેતા હતા; કેમકે મને તો ભાષા ન આવડે એટલે ઘણી જ થોડી સમજણ પડેલી. હું માત્ર અભિનયમાંથી જ મજાહ મેળવતો હતો. નાટકમાં એક ભુલ મને લાગેલી તે મેં નંદબાબુને પાછળથી બતાવી. મંદિરમાં પિત્તળના કે કોઇ ધાતુના પ્યાલાને બદલે ચીની કાચનો પ્યાલો પુજારી લાવ્યો હતો; કે જે વસ્તુને તે અડે પણ નહિ. આ ભુલ મેં બતાવ્યા પછી ઘણાને જણાઇ! પણ આ બધી વાત હવે જવા દઉં. નાટકની શરૂઆતમાં તથા અંતે બાળાઓએ બંગાળી ગાન કરેલાં તે મને ખુબ ગમ્યાં. ત્યાર પછી બધું પુરૂં થયે મશાલને બદલે ગૅસલાઇટ સાથે રવિબાબુનું 'શાન્તિનિકેતન' વાળું જુસ્સાભર્યું ગીત મોટેથી ગાતાગાતા અમે ઝાડની હારોમાં આશ્રમમાં ફર્યા.

આજનો આખો દિવસ આનંદમાં ગયો. રાત મોડી વીતી ગઈ હતી ને વળી વીજળીના ચમકારા થતા હતા એટલે વરસાદ પડવાનો સંભવ હોવાથી વાતો કરતા-કરતા અમે મોહિત-કુટિરમાં જ (બહાર નહિ) સુના.

તા. ૨૪ : ૯ : ૨૫

કલાભવનમાંથી કામ કરીને આવ્યો. જોકે નંદલાલ બાબુ અને કેટલાક વિદ્યાર્થીઓ 'પૂજા'* હોવાથી જતા રહ્યા હતા. ડૉર્મિટરીમાં આવતાં નગીનદાસે પુછ્યું, 'કેમ, પૂજા જોવા આવવું છે?'

'ક્યાં?' મેં પુછ્યું.

'સુરૂલ.'

સુરૂલ અહીંથી લગભગ અઢી માઇલ દૂર એક ગામ છે; છતાં બહુ નજીક લાગે છે. હું પણ મારી સ્કેચ બુક અને મારૂં પ્રિય સ્ટૅન્ડ લઇને નીકળ્યો. બીજા બે પણ સાથે હતા. રસ્તા કે ખેતર ઘણે દૂરદૂરથી દેખાય, કેમકે ઝાડ ઘણાં જુજ. અમારો આશ્રમ પણ એકાદ માઇલ દૂરથી દેખાય છે.

સુરૂલ ગામ સુંદર છે. ગામમાં નાનાં તળાવ છે. અહીં તળાવ એટલે બાંધેલાં તો નહિ જ, પણ પાણીથી ભરેલાં મોટાં ખાબોચિયાં સમજો. તેને કાંઠે ઉભેલાં તાડનાં અને ખજુરીનાં ઝાડ કીનારો સમજાવે. તેના પાણીમાં પડતા પડછાયા તથા કાંઠા પરનું લીલુંછમ ઘાસ અને પાણી મનને ખરેખર હરી લે છે. ત્યાંથી ખસવાનું મન જ ન થાય. બંગાળીઓનાં નાનાંનાનાં માટીથી સુંદર રીતે લીપેલાં ઘર અને ઉપરનાં ઘાસનાં છાપરાં, મજાનાં આંગણાં વગેરે મનને બહુ આકર્ષણ કરતાં હતાં.



આજ તો તેઓનો ઉત્સવ હતો. મોંમાં પાનના ડુચા ઘાલી બંગાળીઓ આમતેમ ફરતા હતા. નાનાં નાનાં બાળકો આંગણાંમાં રમતાં હતાં. સ્ત્રીઓ પોતાનાં બાળકોને શણગારી નાહીધોઇ મંદિરે જતી હતી. તેમનામાં મર્યાદા તો પુષ્કળ હતી. અમારા જેવા પરદેશી છોકરાઓને જોઇને પણ અતિ સંકોચ અને લજ્જા પામી નીચે મોંએ પસાર થઇ જતી. આ બધું જોતા અમે મંદિરે પહોંચ્યા.

પણ ત્યાં તો બહુ વાર હતી. હજી તો શણગારાતું હતું. મંદિર ખુબ મોટું; અને મૂર્તિ પણ ખુબ મોટી. પાછળથી ખબર પડી કે મૂર્તિ તો પૂજા પછી પાણીમાં પધરાવી દેવાની હોવાથી કપડાં તથા ઘાસની જ બનાવવામાં આવે છે. બંગાળીઓ માયાળુ ખરા; પણ

---

* નવરાત્રિના દિવસો બંગાળીઓ 'પુજા તહેવારો' તરીકે બહુ ધામધુમથી પાળે છે.

ગરીબ બહુ માલુમ પડે છે. ખાસ કંઇ વધુ જોવાનું ન હોવાથી અમે ઉપડયા અને દીવા વખતે આશ્રમમાં આવી પ્હોંચ્યા.

રાત્રે અમારે કલાભવનના વિદ્યાર્થીઓને 'પિકનિક' હતી. 'પિકનિક' કરવાનો રીવાજ અહીં વધારે છે. બનતાં સુધી ખુલ્લી હવામાં જઇ આનંદ—વાતો—ગપ્પાં વગેરે મારી, ત્યાં જ નાસ્તો સાથે લઇ ગયા હોય તે ખાઇ પાછા આવીએ. આજ શ્રીમતી બહેન 'પિકનિક' આપતાં હતાં.

'કનાઇલાલ! કમ ઑલૉન્ગ.' મિત્રોએ બુમ મારી. હું તૈયાર જ હતો. જવ્યાનો અજાણ્યો હતો એટલે તેની તથા બીજા વિદ્યાર્થીઓ જોડે હું ગયો. એકાદ માઇલ ચન્દ્રના અજવાળામાં ચાલ્યા પછી એક મેદાનમાં જઈ અમે બેઠા. લગભગ અરધો કલાક વાતો કરી, ગપ્પાં માર્યાં. બાદ સઘળાં ખાવા બેઠાં. તેમાં એક વાત હસવા જેવી હતી. બધાંને ખાવામાં 'દાળ-ઢોકળી' આપેલી. તે ખાઇ ગયા પરન્તુ શું હતું તેનો સ્વાદ પણ ઓળખી શકયા ન હતા. તે વિષે પુછતાં પાછી બધાને આપી ત્યારે ઓળખાઇ! મને લાગે છે કે બંગાળીઓ સ્વાદમાં સમજતા નથી. તેઓ-ની મીઠાઈમાં ખાંડ સિવાય બીજું કશું જ હોતું નથી.

જમ્યા પછી સૌએ વાર્તાઓ કહેવી શરૂ કરી. કેટલાકે બંગાળી નહિ આવડી શકવાથી અંગ્રેજીમાં કહ્યું. થોડો સમય ત્યાં ગાળી અમે ત્યાંથી તો ઉઠયા. રસ્તે ચાલતાં મેં પદક કર્યું કે 'આજ સંગીત તો થવું જોઇએ.' મારી દરખાસ્ત સર્વેને પસંદ પડી.

રસ્તામાં એક ગરનાળું આવવાથી ત્યાં બેઠા અને સંગીત પણ થયું. તેમાં પેલું આપણા લલિતજીનું 'ઘોબણ' વાળું ગીત પણ ગવાયું. તે ગીતે તો ખુબ મજાહ આપી. આવાં 'પિકનિક'માં આનંદ બહુ આવે છે.

ચન્દ્ર અસ્ત થવાની તૈયારી હતી તે જોતાજોતા અમે વિદાય થયા. 'ડૉમિટરી'માં આવતાં સાડા દસનો ટકોરો થયો! ઠીક ભાઇ, ઠીક. નોંધ તો લખવી જ પડે ને?—તેને ખાતર આ અગિયાર વાગે સુવું પડશે.

કનુ દેસાઈ

ક્ષત્રિય અને બ્રાહ્મણ

તારામંડળમાં ચંદ્ર પ્રકાશે તેમ એક સમયે રાજા ભોજ કાલિદાસાદિ નવ રત્નો અને અન્ય અમીરો તથા પંડિતોથી વીંટળાઇને કચેરી ભરી બેઠો છે. એવામાં એક વૃદ્ધ ખેડુત બ્રાહ્મણ કચેરીમાં પ્રવેશ કરી રાજા-ને આશીર્વાદ આપે છે. રાજા ભૂદેવના કુશળ સમા-ચાર પુછે છે. જવાબમાં બ્રાહ્મણ દયામણું મોં કરી, બે હાથ આકાશ તરફ ઉંચા કરે છે; ફરી હાથ નીચા વાળી, ધરતી સાફ કરતો હોય એવી ચેષ્ટા કરે છે. એ જોઇ રાજા પોતાના જમણા હાથની અંજળી કરી મોઢે ધરે છે. એ સંજ્ઞાનો પ્રત્યુત્તર આપતો હોય તેમ બ્રાહ્મણ એક પથ્થર હાથમાં લઇ રાજાના સિંહાસન પાસે મુકી આવે છે. રાજા અતિ પ્રસન્ન થઈ, બ્રાહ્મણને સવા લાખ સોનામહોર આપવાની આજ્ઞા કરે છે! આવો અગમ્ય, મૂક નાટ્યપ્રયોગ જોઇ સભાજનો આશ્ચર્યચકિત થાય છે. કાલિદાસ હીંમત ધરી રાજાને પુછે છે, 'પૃથ્વીપતિ, આ વિચિત્ર પ્રયોગનું રહસ્ય જરા અમને સમજાવશો!'

મંદ હાસ્ય કરતો ભોજરાજા કહે છે, 'પંડિતજી, અર્થ અતિ સ્પષ્ટ અને સરળ છે. હાથ ઉંચાનીચા કરી મહારાજે એમ સુચવ્યું કે અતિવૃષ્ટિથી તેણે વાવેલો મોલ તણાઇ ગયો છે. તેના જવાબમાં મોઢે અંજળી દઇ મેં પુછ્યું કે તમારા પૂર્વજ અગત્સ્ય ઋષિ સમુદ્રનું પાન કરી ગયા હતા, તો તમે આ-ટલા વર્ષાદનું પાન પણ ન કરી શકયા? એ કટાક્ષ-ના પ્રત્યુત્તરમાં બ્રાહ્મણે આ પથ્થર લાવી મને સામો પ્રશ્ન કર્યો કે તમારા પૂર્વજ રામચંદ્રજી લંકા જીતવા ગયા ત્યારે આવા અસંખ્ય પથ્થર તેમણે જળમાં તરાવ્યા હતા; આપ આ એક પથ્થર તો તરાવી આપો?

આ તેના સચોટ ઉત્તરથી નિરુત્તર બની, અને તેની સમયસૂચકતાથી પ્રસન્ન થઇ, મેં તેને સવાલક્ષ મહોર આપી.

નાગરદાસ ધ્રુવ

નસ્ર–ઉદ્–દીન ખોજાનાં પરાક્રમો

[નસ્ર-ડ્દ્-દીન ખેજા આજથી પાંચ સદી ઉપર તુર્કસ્તાનમાં થઇ ગએલી એક પ્રખ્યાત વ્યક્તિ છે. હિન્દને જીતનાર મોગલ પાદશાહ બાબરના પૂર્વજ તૈમુરના દરબારમાં એ વિદૂષક હતો. તુર્ક ભાષામાં ખોજા શબ્દનો મુળ અર્થ પંડિત અગર મહેતાજી એવો થાય છે. આપણા નસ્ર-ડ્દ્-દીન ખેજા પણ વિદ્વાન માણસોમાં ગણાતા અને મહેતાજીનું કામ પણ કરતા. આપણે ત્યાં અકબર અને બીરબલના નામથી જે કેટલીક વાતો પ્રચલિત થએલી છે, તેમાંની ઘણીક નસ્ર-ડ્દ્-દીન ખોજાની વાતો ઉપરથી ઉતારેલી હોય તેમ લાગે છે. તુર્ક ભાષામાં આ વાર્તાઓનું સાહિત્ય સેંકડો વર્ષ ઉત્તરોત્તર એકને મોંએથી બીજાને મોંએ એમ લોકવાર્તા રૂપે સચવાઇ રહેલ, તે આજથી આશરે પંદર વરસ ઉપર ત્રણસોએક વાર્તાના એક પુસ્તક રૂપે પહેલીવાર તુર્ક ભાષામાં પ્રકટ થવા પામ્યું હતું. તેમાંની કેટલીએક વાતોનું ભાષાંતર અહીં આપ્યું છે.

નસ્ર-ડ્દ્-દીન ખોજાને મરી ગયાને આજે ૫૦૦ વરસ થઇ ગયા છતાં અત્યારે પણ તુર્ક પ્રજામાં તેનું નામ ઘેરેઘેર જાણીતું અને બોલાતું રહ્યું છે. આપણે ત્યાં હાસ્યરસ ને હાજરજવાબીના ઉસ્તાદ બીરબલની માફક જ તુર્કસ્તાનમાં ખોજા નસ્ર-ડ્દ્-દીન બાલક, યુવાન અને વૃદ્ધ સૌમાં પોતાનાં પરાક્રમો, વિનોદ અને હાજરજવાબથી અમર બની રહેલ છે.]

ત્રણ વિદ્વાનો

નસ્ર-ડ્દ્-દીન ખોજાના વખતમાં ત્રણ વિદ્વાન પુરુષો દેશેદેશ ફરીને ત્યાંના વિદ્વાનો સાથે મિત્રભાવે ચર્ચાઓ કરતા. તેઓ ફરતાફરતા અક્ષહીરમાં આવી પહોંચ્યા—જ્યાં ખોજા પોતે રહેતો હતો. ત્યાંના લોકોએ એ વિદ્વાનો અને ખોજા સર્વેની મશ્કરી કરવાના ઇરાદાથી તેમને કહ્યું કે અમારા ગામમાં સર્વથી વિદ્વાન માણસ ખોજા નસ્ર-ઉદ્-દીન છે અને તેની સાથે તમે ચર્ચા કરશો તો ઘણું નવું શીખશો. પછી ગામના ચૌટામાં એક જાહેર સભા મેળવીને ત્યાં ખોજા અને વિદ્વાનોને ભેગા કરવાની લોકોએ ગોઠવણ કરી. ખેજા પણ ભભકાદાર વસ્ત્રો પહેરીને પોતાના ખચ્ચર ઉપર સવાર થઇ વખતસર હાજર થઈ ગયો.

પરસ્પરની ઓળખાણ અને સલામ સાહેબજી થયા બાદ ખોજાએ વિદ્વાન માણસના જેવી ગંભીર મુખમુદ્રા ધારણ કરીને કહ્યું, 'પહેલાં આ વિદ્વાનોને મને જે સવાલ પુછવા હોય તે ખુશીથી પુછવા દો. હું તેના જવાબ આપીશ.'

એક વિદ્વાને પુછ્યું, 'ખોજા સાહેબ, પૃથ્વીનું મધ્યબિંદુ ક્યાં છે, તે આપ કહેશો?'

ખોજાએ પોતાના ખચ્ચરના ડાબા પગ તરફ લાકડી ચીંધીને કહ્યું, 'આ ઠેકાણે.'

'એ તમે શી રીતે સાબીત કરી બતાવો છો?'

'જો તમે મારૂં કહેવું માનતા ન હો, તો માપ કરી લ્યો. જો એમાં એક ઇંચનો પણ ફેરફાર થાય તો પછી વધુ સવાલ પુછવાનો તમને હક્ક છે—તે પહેલાં નહિ.'

આ જવાબ સાંભળીને પહેલો વિદ્વાન તો ચુપ થઇને બેસી ગયો. પછી બીજા વિદ્વાનનો વારો આવ્યો; તેણે પુછ્યું, 'ખોજાજી બોલો જોઉં, આકાશમાં તારા કેટલા છે?'

ખોજાએ તરત કહ્યું, 'બરાબર મારા ખચ્ચરના અંગ ઉપર જેટલાં રૂંવાડાં છે તેટલા.'

'એની ખાતરી શી?' વિદ્વાને પુછ્યું.

'જો ન માનતા હો તો ગણી જુઓ; જો એ સંખ્યામાં એકનો પણ ફેરફાર થાય તો પછી કહેજો કે હું જુઠો છું.' ખોજા શાન્તિથી બોલ્યા.

'અરે પણ ખોજાજી, ખચ્ચરના અંગ પરનાં રૂંવાડાં ગણી શકાય ખરા કે કદિ?'

'ત્યારે મારા મહેરબાન, આકાશના તારા પણ ગણી શકાય ખરા કે?' આ સવાલ સાંભળીને બીજો વિદ્વાન પણ ચુપ થઇ ગયો ને પછી ત્રીજાનો વારો આવ્યો.

તેણે પુછ્યું, 'ખોજા, મારી દાઢીમાં બાલ કેટલા છે તે કહી આપો જોઉં.'

'મારા ખચ્ચરની પુંછડીમાં જેટલા બાલ છે તેટલા. એક પણ વધુઓછો નહિ.'

'શી સાબીતી?'

'બહુજ સહેલી. આપણે તમારી દાઢીમાંથી અક્કેક બાલ ખેંચવા માંડીએ અને અક્કેક આ ખચ્ચરની પુંછડીમાંથી ખેંચવા માંડીએ. અને સરવાળે જો બેઉ સરખા ન થાય તો કહેજો કે ખોજો જુઠો!'

'કાંઇ નહિ' કેમ અપાય?

એક દહાડો ન્યાયાધીશ પાસે બે માણસો ફરિયાદ લઇને આવ્યા અને તેમાંથી વાદીએ નીચે પ્રમાણે પોતાની હકીકત જણાવી:

'નામદાર, આ માણસ પોતાને માથે એક મોટું ભારે ખોખું ઉપાડીને જતો હતો, ત્યાં રસ્તામાં એનો પગ લપસી જવાથી એ પડી ગયો ને ખોખું નીચે પડ્યું. હું રસ્તે થઇને જતો હતો તેવામાં તેણે મને એ ખોખું ફરી તેને માથે ચડાવવાની આજીજી કરી. મેં પુછ્યું કે, 'હું એ ચડાવું તો

તું મને શું આપીશ ?' તેણે કહ્યું, 'કાંઈ નહિ.' 'કાંઇ નહિ' લેવાની કબુલાતે એ ખોખું મેં ફરી એને માથે ચડાવ્યું. પછી મેં મારૂં 'કાંઇ નહિ' તેની પાસે માગ્યું પણ હવે એ આપતો નથી. તો સાહેબ, કૃપા કરીને મારૂં 'કાંઇ નહિ' હવે તેની પાસેથી મને અપાવો.

ન્યાયાધીશ વિચારમાં પડી ગયા. પણ જ્યારે આવા મુશ્કેલ કેસ તેની પાસે આવતા ત્યારે તે વારંવાર ખોજાની સલાહ લેતા. તેથી આ ફરિયાદ પણ તેણે ખોજાને સોંપી ને તેનો ફડચો કરવા ફરમાવ્યું.

ખોજા પાસે જઇને વાદીએ પોતાનો દાવો રજુ કર્યો. ખોજાએ ધ્યાનથી બધી વાત સાંભળીને પછી કહ્યું, 'તારી ફરિયાદ વાજબી છે. પ્રતિવાદીએ પોતાનું વચન પાળવું જ જોઇએ, અને તને 'કાંઇ નહિ' આપવું જ જોઇએ. ઠીક વારૂ, જા જોઉં, પેલા મારા મેજ ઉપર રૂમાલ પાથર્યો છે તે ઉંચો કરીને જો તો, એની નીચે શું પડ્યું છે ?'

ફરિયાદીએ રૂમાલ ઉંચકીને કહ્યું, 'કાંઈ નહિ.'

'બસ, તારે એ જ જોઇએ છે ને ? લઇને ચાલતો થા.'

[વધુ પરાક્રમો આવતા અંકમાં] **રાસુ ઠક્કર**

જુનામાંથી નવું

જરાસંધ

એ ક્ષત્રિય રાજા બે ટુકડે જન્મેલો તેને જરા નામની રાક્ષસીએ સાંધી આખો કરેલો તે ઉપરથી તેનું એ નામ પડેલું.

આપણું ધોતિયું જુનું થઈ વચમાંથી ફરીફરી ફાટે ત્યારે આપણે તેની વચ્ચેનો હાથ દોઢ હાથ જેટલો ગાળો કાઢી ફરીથી સાંધી લઇએ છીએ એ ધોતીઆને પણ 'જરાસંધ' કહીએ તો કેવું ?!

મુદ્રારાક્ષસ

એ નાટકની વાત તો સૌ જાણતા હશે.

કુશળ તપાસનારાઓની પણ નજર ચુકાવીને કેટલીક ભુલો છાપખાનું છાપી નાખે છે, અને પછી હજારો લોકો અજાયબ થઇને એ વાંચે છે ! અંગ્રેજીમાં આને 'પ્રિન્ટર્સ ડેવિલ' અને આપણામાં ઘણીવાર 'છાપાંનો ભુત' કહે છે. આપણે તેને 'મુદ્રારાક્ષસ' કહીએ તો શું ખોટું ?!

અરુણમૂર્તિ

સૂર્યના સારથી અરુણનો કેડની નીચેનો ભાગ તૈયાર થતાં પહેલાં જ એની માએ ઇંડું ભાંગ્યું હતું તેથી તે એટલો અરધો જ રહી ગએલો.

આજકાલ ફોટોગ્રાફોમાં શું કે બાવલાં બનાવવામાં શું, આખું શરીર ન લેતાં ફક્ત 'ઉપરિતન દેહાર્ધ ચિત્ર'—શરીરના ઉપલા અરધા ભાગનું જ ચિત્ર લે છે એને 'અરુણછબિ' કે 'અરુણમૂર્તિ' ન કહેવાય ? ['મધપુડો']

લીલો મેવો

ઉત્તર ધ્રુવની શોધ કરવા ગએલા કૅપ્ટન ઍમંડસન વગેરેને ૧૨૦ ફુટ લંબાઇનો લાકડાનો એક પુલ ત્યાં મળી આવ્યો. આ પુલ પાંચ હજાર વર્ષનો જુનો હશે એવું જોનારનું અનુમાન છે. તેના ઉપર કરેલો પીળી માટીનો રંગ હજી પણ તેવો જ કાયમ છે ! આ હકીકત સાંભળીને યૂરોપિયન વિજ્ઞાનશાસ્ત્રીઓ આશ્ચર્યચકિત થઇ ગયા છે.

પંડિતા રમાબાઇએ પોતાના અમેરિકા સંબંધી અનુભવમાં જણાવ્યું છે કે 'મેં અમેરિકામાં કોઈ બે પાડોશીઓને ગાળાગાળી કરી લડતા સાંભળ્યા નથી. ઘણુંઘણું થાય તો માર્મિક વચનો બોલે કે 'તમે આમ કર્યું તેથી મારા ઉપર બહુ ઉપકાર થયો !' આટલું થતાં તો સામાના દિલમાં સખત લાગણી થઇ જાય.'

એમ કહેવાય છે કે જાપાન દેશની ભાષામાં ગાળને માટે શબ્દો જ નથી. જો આ ખરૂં હોય તો તેને મુકાબલે આપણી સ્થિતિ કેવી શરમાવા જેવી છે ? (મજુર સંદેશ)

લોકો કહે છે કે જમાનો વધુ ખરાબ આવતો જાય છે. ગોળમાંથી ગળપણ ગયું, નદીઓનાં વહેણ સુકાઇ ગયાં, જમીનના રસકસ ગયા. આ ખરી વાત હશે ? આગલા જમાના કરતાં હમણાંની દરેક વસ્તુ ઓછા કસવાળી માલુમ પડતી લાગે છે. હજી હમણાં જ રોમન લોકોના વખતની લોખંડની એક ખીલી મળી આવી છે, તે પરથી વિજ્ઞાનશાસ્ત્રીઓને આશ્ચર્યપૂર્વક માલુમ પડ્યું છે કે એ લોખંડને કાટ ઘણો ઓછો ચડતો લાગે છે; જ્યારે હમણાનું લોખંડ વધુ કાટ ખાય છે.

દિલ્હીનો પ્રખ્યાત લોહસ્તંભ ૧૬૦૦ વરસ પહેલાં દટાએલો છે; તેની બનાવટ એટલી અજબ છે કે હમણાંના વિજ્ઞાન-અને યંત્રના જમાનામાં બનતા સારામાં સારા લોખંડ કરતાં પણ તે શ્રેષ્ઠ છે.

કેળુ, ચીકુ, નારંગી વગેરે ફળોની જેમ જમાવેલ દુધ, ખમીર, રોટી અને માખણ ઉગતાં હોય તો ? દક્ષિણ અમેરિકામાં એક ઉજ્જડ વેરાન પહાડી ભાગ ઉપર એક જાતનાં ઝાડ ઉગે છે. તેનાં પાંદડાં સુકાં અને બરછટ હોય છે અને મુળ જમીનમાં નહિ પથરાતાં જમીન ઉપર પથરાએલાં હોય છે. આવાં સુકાં અને મરી ગએલાં લાગતાં ઝાડ તે 'ગોવૃક્ષ' અથવા દુગ્ધમુળ. તેના થડમાંથી જોઇએ તેટલું દુધ મળી શકે છે. ત્યાંના લોકો સાંજે પોતાનાં દોણકાં લઇ આ ઝાડ દોહવા જાય છે. તે દુધ જામતાં જમાવેલ દુધની ભુકી જેવું લાગે છે. તેનો સ્વાદ મીઠો અને પોષક હોય છે.

એબલ રૉબર્ટ પોતાના અભ્યાસનાં ૧૧ વરસમાં માત્ર એક જ દિવસ ગેરહાજર રહ્યો હતો !

પૂછો તંત્રીને

(૧) ચલણી નોટોમાં આવતા જુદાજુદા આંકડાઓ કઇકઇ ભાષાના હશે?

(૨) જમતી વખતે નસોતર શાથી જતું હશે?

(૩) આંસુ ખારાં કેમ હોય છે?

(૪) જુના વખતના ચિત્રકારો રબર વિના શું કરતા હશે?

(૫) રબર સ્ટેમ્પ કેમ બનતા હશે?

(૬) અબરખ કેવી રીતે બને?

(૧) ચલણી નોટોમાં આંકડા ઉપરાંત આખી રકમ જુદી-જુદી ભાષાઓના અક્ષરોમાં પણ લખેલી હોય છે. તે ઓળખી કાઢવા માટે આ સાથે એવું દરેક ભાષાના અક્ષરો ઓળખાવતું એક મોટું કોષ્ટક જ આપી દીધું છે! તેમાંથી તમે જાતે જ એ ભાષાઓ શોધી લેજો. અને ભાષાના અક્ષરો જાણ્યા પછી આંકડાઓ તમે ન શોધી શકો?

ENGLISH ...	અંગ્રેજી
FRANÇAIS ...	ફ્રેંચ ...
ITALIANO ...	ઈટાલીઅન
ESPAÑOL ...	સ્પેનિશ
PORTUGUEZ ...	પોર્ટુગીઝ
DEUTSCH ...	જર્મન
HOLLANDSCH ...	ડચ ...
NORSK	નૉર્વેજીઅન
VLÄMSCH ...	ફ્લેમિશ
По-русскй ...	રશીઅન
DANSK	ડેનિશ
SVENSK	સ્વિડિશ
עברית	હિબ્રૂ
தமிழ்	તામિલ
Ἑλληνική ...	ગ્રીક ...
ملايو	મલાયન
فارسی	ફારસી
తెలుగు	તેલુગુ
বাঙ্গালা	બંગાળી
ไทย	સીઆમીઝ
اُردو	હિંદુસ્તાની-ઉર્દુ
ગૂજરાતી	ગૂજરાતી
عربی	અરબી
[illegible] ...	બરમી
ترکی	ટર્કિશ
語 本 日	જાપાનિઝ
සිංහල	સિંહલિઝ
語 國 中	ચાઈનિઝ

(૨) ખોરાકની અને શ્વાસની બંને નળીઓ નજીકનજીક હોય છે. જમતી વેળાએ મોંમાં કોળિયો હોય અને અચાનક ઉધરસ કે એવા કારણથી એ નળી ફેલાવાથી ખોરાક શ્વાસની નળીમાં ચાલ્યો જાય તો નસોતર જાય છે.

(૩) એનું ચોક્કસ કારણ તો દાક્તરો કહી શકે. અમે ધારીએ છીએ ત્યાં સુધી તો, શરીરમાં જે ક્ષારનો ભાગ છે તેને લીધે જ એ હશે. શરીરમાંથી નીકળતી એવી બધી વસ્તુઓ—આંસુ, પરસેવો, લીંટ, મૂત્ર વગેરે બધું ખારૂં જ હોય છે તે એ ક્ષારને લીધે.

(૪) જુના સમયમાં ચિત્રકારોના હાથ એવા તો ટેવાઈ જતા કે તેમને રબરની કે ભુંસવાની જરૂર જ નહોતી રહેતી. રેખાઓ તો જાણે તેમના હાથમાંથી વહેતી જ; અને જેવું જોઇએ તેવું જ ચિત્ર પાડતી,—એક દોરાપુર પણ ફરક રાખ્યા વિના. હજી પણ એવા કેટલા યે જુના હિંદી ચિત્રકારો આપણે ત્યાં મોજુદ છે. કાશ્મીરના લાખનું કામ કરનારા, ગરમ લાખને હાથમાંથી ચીપ પર ચડાવી તેમાંથી નીકળતા તાર છુટથી મુક્યે જાય છે; અને આપણને જોતાં જ લાગે કે એના હાથમાંથી રજ પણ ફેર વિના અદ્ભુત આકૃતિઓ જન્મતી ચાલે છે!

(૫) રબર સ્ટેમ્પ બનાવવાના સંચા આવે છે. જે નામનો પછી સ્ટેમ્પ બનાવવો હોય તે છાપખાનાનાં બીબાંમાં ગોઠવે અને તેની છાપ 'પ્લાસ્ટર ઑફ પૅરીસ'માં પાડી લે. એ છાપ જોડે અમુક જાતનું રબર રાખીને પેલા સંચામાં દબાવે, જેમાં નીચેથી ગરમી અપાય છે; આથી રબર પીગળીને પેલી છાપ ખેંચી લે. લાકડાના હાથા સાથે તે રબરને સરેસથી ચોડે એટલે સ્ટેમ્પ તૈયાર થાય છે. હાથથી સારૂં કોરી શકે તેઓ સારૂં ચપ્પુ લઇ બજારમાં મળતાં ચપટાં રબરમાં ઉલટા અક્ષરો કોરીને રબર સ્ટેમ્પ બનાવી શકે છે; પણ બીબાંથી ઢાળેલાં રબર સ્ટેમ્પ જેવાં સફાઈદાર તે ન જ હોય.

(૬) અબરખ બનતો નથી; ખાણમાંથી નીકળે છે અને તેની પતરીઓ વગેરે કુદરતી બનાવટ જ છે.

નવા સવાલ

(૭) મૂળાક્ષરની આકૃતિઓની શોધ કોણે કરી હશે? (૮) બદામ ચાખ્યા વિના તે કડવી છે કે મીઠી તે કેમ સમજાય? (૯) દરેક ભાષાના મૂળાક્ષર જુદીજુદી આકૃતિઓના કેમ હશે? (૧૦) હિંદુસ્તાનમાં પહેલવહેલું અંગ્રેજી જ્ઞાન કોણે સંપાદન કર્યું, અને કોની પાસેથી? (૧૧) ફોનોગ્રાફની એક રેકર્ડ ઉતાર્યા પછી બીજી રેકર્ડો કેવી રીતે ઉતારાતી હશે? (૧૨) મૃગચર્મ અને વ્યાઘ્રચર્મ શા માટે પવિત્ર ગણાતાં હશે? અને આપણે ગાયને પવિત્ર ગણતા છતાં તેનું ચામડું કેમ પવિત્ર નથી ગણતા? (૧૩) રેશમ હિંસાથી બને છે, છતાં તેનું કપડું પવિત્ર ગણાય છે એનું શું કારણ? (૧૪) બંને આંખો બંધ કરીને આપણે ચાલીએ તો સીધા કેમ નહિ ચાલી શકતા હોઇએ? (૧૫) આપણે મેઘધનુષ જોઇએ છીએ ત્યારે આપણી બીજી બાજુના લોકો એ મેઘધનુષની પાછળની બાજુ જોઇ શકતા હશે કે નહિ?



માધુકરી

કેસરિયાં કરજો, રસ ભરજો, શસ્ત્ર ધરો કર શૂરાં;
આજ રંગે રમવું બહુ રંગે રુધિર ઉડાડવાં પૂરાં !
ભૈયા કેસરિયાં કરજો જી.
હાક પડે રણમાં ત્યાં ઉછળી વીર પડે ઝંપલાવી;
વેર વિખેર ઉખેડ કરી દે ન્હેર ઝાંઝરની ચલાવી:
ભૈયા કેસરિયાં કરજો જી.
કડકડ કરતાં આભ તુટે, પણ વીર ગણે ફુલ વરસે;
હાથ ખડી તલવાર ખખડતી તાતી તાતી બની તરસે !
ભૈયા કેસરિયાં કરજો જી. —**કવિ ખબરદાર**

બડા દાદા

'એ પરમ વંદનીય નામથી ઓળખાતા, શાંતિનિકેતનના પિતામહ જેવા, કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના મોટાભાઇ શ્રી દ્વિજેન્દ્રનાથ ઠાકુર ગઈ તા. ૧૯ મીની સવારે ૮૮ વર્ષની વયે ચિરશાંતિમાં વિલીન થયા છે. જેમણે લગભગ એક સૈકા સુધીનો દેશનો ઇતિહાસ જોયો, પોતાના પૂર્વ જીવનમાં અનેક સુધારાની પ્રવૃત્તિમાં ભાગ લીધો અને પશ્ચિમના ઓઘની સામે પોતાનું માથું ઠેકાણે રાખ્યું, એવા એ મહર્ષિ સંસ્કૃત અને અંગ્રેજી ભાષાના પ્રખર પંડિત અને ઉપનિષદ્‌ના ઉંડા અભ્યાસી હતા. એમની ભવ્ય અને પ્રેમળ મૂર્તિમાં ફિલસુફની પ્રજ્ઞા હતી, ઋષિનું બ્રહ્મવર્ચસ હતું અને આર્યત્વનો સજીવ આદર્શ હતો. કહે છે કે એ પ્રશાન્ત આનંદમૂર્તિને ખોળે પંખીઓ આવીને કલ્લોલ કરતાં અને ખીસકોલીઓ આવી રમતી. આવડી ઘરડી વયે પણ એ ચિંતન અને ઉત્સાહમાં સદા નૌજવાન હતા. ઉપનિષદ્‌ના અમૃતપાનમાં પરબ્રહ્મની એકતાનતા ભોગવનાર એ મહર્ષિએ પોતાના લાંબા આયુષ્યમાં અનેક લેખો અને પ્રવચનો દ્વારા ભગવાનનું કીર્તન અને ભગવદ્‌ભક્તિ કર્યાં છે. છેવટના દિવસોમાં તો પ્રભુ વિયોગ-દુઃખ તેમને અત્યંત સાલતું, અને અંતે પોતે જેને ઝંખતા હતા તે તેમને મળ્યું.'



બડાદાદા સ્કેચ : કનુ દેસાઇ

એ અંગ્રેજ મર્દ

"હિંદમાં લેખન-સ્વાતંત્ર્યનો યુગ સ્થાપવાનું અને વર્તમાનપત્રોની દુનિયામાંથી ડર, સંકોચ, સીફારસ એ બધાં અનિષ્ટ તત્ત્વોનો મૃત્યુઘંટ વગાડવાનું તથા સાથેસાથે નીડરતા અને નીખાલસતાના નવ-હૃદયની મંગળ આરતી ગાવાનું એક બહાદુર અંગ્રેજને હાથે નીર્માયું હતું. એ અંગ્રેજનું નામ બેન્જામિન ગાઇ હૉર્નિમૅન. એની એ નીડરતા અને એ હિંદસેવા બદલ સાત વર્ષની દેશપારીની શિક્ષા ભોગવીને, આજે એ અંગ્રેજ મર્દ હિંદુસ્તાન પાછો ફરે છે.

હિંદુસ્તાનની ભૂમિ ઉપર પગ મુક્તાંજ એ બહાદૂર હૉર્નિમૅન પહેલે જ શબ્દ ઉચ્ચારે છે કે 'હું સાત વર્ષે પાછો આવું છું; પણ મારાં પૂર્વ કૃત્યો માટે જરા યે પશ્ચાત્તાપ કર્યા વિના આવું છું; હિંદુસ્તાનની સ્વરાજ્યની લડતમાં મારો હિસ્સો આપવા આવું છું; સરકારની સામે, જુલ્મની સામે, ઝઝુમવાને આવું છું. હિંદુસ્તાન સ્વાધીન બને એ એક જ મારી આ જીંદગીની મુરાદ છે. કોઇ રખે માની લે કે હું અહીં આવ્યો છું, તે પસ્તાવાથી પલળીને કે મારા આત્માને ઘા લગાડીને. હું તો અહીં કાયદાના અર્થમાં રહીશ. સરકાર જાણી લે કે હું અહીં આવ્યો છું, તે ગિરફતાર થયો હતો તે જ હૉર્નિમૅન છું. હું જઈફ નથી. હિંદની મુક્તિ માટે યુદ્ધમાં ઘુમવા જેટલી હજી મારામાં જુવાની છે, જુવાનીની તાલાવેલી છે. હજી મારામાં ધગશ છે કે હિંદુસ્તાને, મારા જ જાત-ભાઇઓએ લાદેલી પરદેશી પરાધીનતાનો નાશ કરવાનો છે; રાષ્ટ્રીય અને સ્વદેશી સરકારનું સંસ્થાપન માંડવાનું છે; અને મારા જીવનની એક મહાન જીવંત અભિલાષા છે કે મારૂં ખોળિયું પડે તે પહેલાં હું હિંદને સ્વતંત્ર થએલું જોઇ શકું."

વિમાની યુગ

યાંત્રિક વિમાનોમાં એક પછી એક દમ બાંધી સુધારા થવા માંડયા છે. ફ્રેંચ ફ્લાયર્સ જાતના, હવા કરતાં યે વજન-દાર વિમાનમાં આલફ્રેડ વિલિયમ્સે સીધી લીટીમાં ઉડી ૪૦ાા કલાકમાં ૨,૫૪૯ માઈલ કાપી મિનિટે પાંચ માઇલની ઝડપ સાબીત કરી આપી છે. કર્ટિસ આર્મી પ્લેન નામના વિમાને ચાલુ ઝડપે મિનિટના ૪ાા માઇલ કાપી બતાવ્યા છે.

પણ આ બધા કરતાં તો આકાશી વહેવાર ચાલુ થઈ ગયો તે છે. હવાઈ મેઇલે ન્યૂ યૉર્ક, શિકાગો અને સાન-ફ્રાન્સિસ્કો વચ્ચેનાં અંતર અરધાં કરી નાખ્યાં છે. હજુ તો આ શરૂઆત છે. આગગાડી થતાં, તેના અને ગાડાંના વહેવાર વચ્ચે જે અંતર પડી ગયું તે અંતર હવાઇ મેઈલ અને રેલવે મેઇલ વચ્ચે પડી જશે. જ્યાં તાર કરવાની જરૂર પડતી ત્યાં હવે આખો કાગળ લખી મોકલાશે, અને મુંબાઇ કલકત્તા તો જાણે પડોશીઓ હોય તેમ વહેવાર કરી શકશે!

મુંબાઇ અને પુના વચ્ચે હવાઇ વહેવાર ચાલુ થવાની તૈયારી છે. લગભગ ૪૫ મિનિટમાં મુંબાઇથી પુના પહોંચાશે; તો પછી મુંબાઈ અને અમદાવાદ વચ્ચે બે જ કલાકનો માર્ગ ગણાય તો નવાઈ નહિ. ઇંગ્લંડનો રસ્તો કાપતાં સ્ટીમર ૧૫ દિવસ લે છે તેને બદલે હવાઈ મેઈલથી એ રસ્તો હવે ચાર દિવસનો થઇ જશે. દુનિયાનાં શહેરો નજીકનજીક આવી જશે ત્યારે લોકોના રીતરિવાજ, વહેવાર વગેરેમાં કેટલા ફેર-ફારો થશે? જુનાઓ ચોંકશો નહિ.

વિધવાઓનો દેશ

નીચેના આંકડાઓ પરથી જણાશે કે હિંદુસ્તાનને વિધવા-ઓનો દેશ કહીએ તો ખોટું ન ગણાય. ૧૯૨૧ના વસ્તી-પત્રક પ્રમાણે આપણા દેશમાં અત્યારે ૨,૮૪,૨૦,૦૦૦ વિ-ધવાઓ છે! આપણે ત્યાં સ્ત્રીઓની કુલ સંખ્યા ૧૨,૫૦,૦૦૦૦૦ છે; એટલે દર પાંચ સ્ત્રીએ એક વિધવા એ પ્રમાણ આવ્યું! આખા કૅનેડા દેશની વસ્તી કરતાં આ સંખ્યા ત્રણગણી છે. ૧૭,૦૦૦ વિધવાઓ તો માત્ર પાંચ જ વરસની છે; અને દસ લાખ વિધવાઓ માત્ર બાર મહીનાની ઉમરની!

આ ભયંકર પરિણામ શાનું હોઈ શકે? બાળલગ્નનું. એક વરસની ઉમરની ૧૪,૦૦૦ પત્નીઓ આપણા દેશમાં છે; અને દસ વરસની અંદરની ઉમરની ૨,૫૦,૦૦,૦૦૦ પત્નીઓ! જુવાનો! આ વાંચીને તમને કંપારી નથી છુટતી? (નવયુગ)

અમેરિકાના અબજોપતિઓ

અમેરિકાના છ મહાન ધનિકો-અબજોપતિઓ-ને અત્યાર-ના જેટલું ધન ન મળ્યું હોત અને પોતાનો મુળ ધંધો જ કરતા હોત તો તેઓ અત્યારે શું શું હોત તે નીચેના ચિત્ર-માં બતાવ્યું છે. જે. ડબલ્યુ ગેટ્સ ઝાડુવાળો હોત, પી.



મૉર્ગન દુધ વેચતો હોત, રૉકફેલર ગાંધીની દુકાને ગુમાસ્તા-ગીરી કરતો હોત. કાર્નેગી કારકુનીમાં આંખો ફોડતો હોત, જી. ગૂલ્ડ સૅન્ડવિચ વેચતો હોત, અને એ. બેલમૉન્ડ હૉટેલ-નો હમાલ હોત. પણ એ બધા જાતમહેનત, ચપળતા અને હોશિયારીથી જ શ્રીમંત બની શક્યા છે. અમેરિકાના ગમે તે સફળ વ્યાપારી, મહાન નર કે ધનિકને તેની ઉન્નતિનું કારણ પુછતાં ઉપલો જ જવાબ મળે છે. તેઓ કહે છે કે વારસામાં અમને માત્ર ગરીબી જ મળી હતી; અને અમે ઇચ્છીએ છીએ કે દરેક જુવાનને તેનાં માબાપ તરફથી એ જ મળે.

કજિયાનું મુળ

યૂરોપના એક મહાન રાજનીતિજ્ઞે જણાવ્યું છે કે જગતની

લડાઈનું કારણ હિંદ છે. છેલ્લાં દોઢસો વરસથી જે મહાન લડાઇઓ થઇ છે અને જે મહાન લશ્કર બ્રિટને ઉભું કર્યું છે તે બધું હિંદને સાચવી રાખવા માટે છે. અફઘાન લડાઇઓ હિંદની સરહદ સંરક્ષિત કરવા થઈ હતી; ૧૮૮૨ માં મિસર જીત્યું તે પણ હિંદનો માર્ગ સુરક્ષિત રાખવા માટે; જીબ્રાલ્ટર, માલ્ટા, એડન વગેરે સ્થળોનું બ્રિટિશ નૌકાબળ પણ હિંદને સાચવી રાખવા માટે છે; કોઇ પણ બીજાં બે યૂરોપિયન રાજ્યો કરતાં બ્રિટનનું લશ્કર બમણું રાખવામાં આવે છે તે હિંદને માટે છે; રશિયા સામેનો બ્રિટનનો તિરસ્કાર પણ હિંદને અંગે છે. ૧૯૨૪ પહેલાં જર્મની એશિયામાં પગપેસારો કરે એવી બ્રિટનને બીક લાગતી હતી. જો હિંદ સ્વતંત્ર હોત તો જર્મની કદિ બર્લિન-બગદાદ રેલવે બાંધવા નીળકત નહિ. જો હિંદ સ્વતંત્ર હોત તો જર્મનીએ ૧૯૧૪નું મહાયુદ્ધ ખેડવાની કદિ ભુલ કરી ન હોત. સીંગાપોર ખાતે નૌકાનું મથક રાખવાની અને ચીનમાંની સઘળી ધાલમેલ હિંદ માટે છે. આવતી લડાઇ હિંદને માટે લડાશે. (નવયુગ)

કયે પડખે સુવું ?

આપણે ખુબ તંદુરસ્ત હોઇએ ત્યારે કયે પડખે સુઇએ છીએ તેનું ધ્યાન રાખતા નથી; પણ એક દાક્તર ઘણા દરદીઓના અનુભવથી જાણી શકયા છે કે દરેક જણે જમણે પડખે જ સુવું જોઇએ.

તે દાક્તરે તેના વૉર્ડના દરદીઓ સુતા હતા ત્યારે એકસ કિરણો મુકીને સાબીત કર્યું છે કે એ રીતે ખોરાક બે કલાક વહેલો પચે છે. જુવાન માણસોને આ ભેદ અસર ન કરે, પણ એટલું તો ખરૂં કે જમણે પડખે સુવાથી હોજરીનો ભાર હૃદય ઉપર ઓછો આવે છે અને તેથી હૃદય વધારેપડતું ધબકતું નથી.

ટોપલે ને સુપડે

દુનિયામાં હિંદ સૌથી ગરીબ તરીકે પંકાએલું છે અને હિંદી સરકાર સૌથી ખર્ચાળ તરીકે જાણીતી છે. હિંદની પ્રજાના સેંકડે ચોસઠ જણ અરધેપેટે મંગળવાર કરે છે! મુંબાઇ જેવા શહેરમાં અકેક ઓરડામાં કેટલેક ઠેકાણે છથી નવ જણને રહેવું પડે છે. આવાં ગરીબોની સંખ્યા સેંકડે સીત્તેર છે. આમ, જેમ દેશના દારિદ્રયની પરમ અવધિ આવી છે તેમ સરકારના ઉડાઉપણાની અવધિનો નમુનો પણ જુઓ. દુનિયામાં સૌથી વધુ શ્રીમંત અમેરિકા છે; પણ સરકારી અમલદારોને અપાતા પગારમાં હિંદ અમેરિકાથી પણ ચડી જાય તેમ છે! હિંદના વાઇસરૉયને વાર્ષિક પગાર ૮૩ હજાર ડૉલર મળે છે ત્યારે અમેરિકાના પ્રેસિડંટને માત્ર ૭૫ હજાર ડાલર મળે છે! હિંદી વાઇસરૉયના સેક્રેટરીનો પગાર ૨૬ હજાર ડૉલર તો અમેરિકાના સેક્રેટરીનો પગાર ૧૨૯૦૦ ડૉલર! મદ્રાસના ગવર્નરને ચાળીસ હજાર ડૉલર મળે તો ન્યૂયોર્ક સંસ્થાનના ગવર્નરને બીચારાને દસ હજાર ડૉલરજ મળે. બંગાળાના સર ન્યાયાધીશને ચોવીસ હજાર ડૉલર મળે ત્યારે અમેરિકાના સર ન્યાયધીશને પંદર હજાર ડૉલર જ મળે! આમ એકંદર રીતે અમેરિકા જોડે તુલના કરતાં જે દેશની સંપત્તિ પગાર રૂપે ટોપલે અને સુપડે ઘસડી જવામાં આવે તે દેશ સોનાનો હોય તો યે માટીનો થઇ જાય તેમાં નવાઈ શી? (ગુ. કેસરી)

ટચુકડું બાઇબલ

ફક્ત ૧૫ ચોરસ ફુટ જેવડા કાગળ પર આખું બાઇબલ —અને તેમાં યે જુનો અને નવો કરાર બંને—સમાવી દેવું એ બહુ જ કારીગરી, ધીરજ અને મહેનતનું કામ છે એમ તો સૌકોઇ કબુલ કરશે, અને એવું કામ માથે લેવાને તૈયાર થનારા તો વિરલ જ.

જાપાનના ઇશીઝુકા નામના એક ખ્રિસ્તી જુવાને આ વિલક્ષણ કાર્ય પાર પાડયું છે. ઉંચામાં ઉંચા જાપાનીઝ કાગળ પર બારીક જાપાનીઝ પીંછીથી એ લખ્યું છે અને સૂક્ષ્મદર્શકની મદદથી એનો અક્ષરે અક્ષર મોતીના દાણા જેવો સ્પષ્ટતાથી વાંચી શકાય છે. ઇશીઝુકાના કહેવા પ્રમાણે 'ચાર વરસ ને ત્રણ મહીને એ કામ પુરૂં થયું, અને તે દરમ્યાન ૧૦૦૦૦ વાર એણે પ્રાર્થના કરીને એ પુરૂં કરવાનું બળ મેળવેલું.'

જોઇએ છે!

'આ પત્રની ઑફિસના તંત્રી ખાતામાં એક જગ્યા ખાલી છે. તેને માટે એક પૂર્ણ સુશિક્ષિત અને સંસ્કારી ખાનદાન માણસ જોઇએ છે. બધી પરદેશી ભાષાઓનો અને જુદા જુદા દેશોની બોલીઓનો સારો જાણકાર હોવો જોઇએ. વળી વિજ્ઞાન, પ્રાણીશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, નિ:સર્ગશાસ્ત્ર, વૈદક, નીતિશાસ્ત્ર, ત્રિકોણમિતિ, જીવદયા, ટુંકાક્ષરી, પ્રુફરીડિંગ, ટાઇપરાઇટિંગ—આટલાં પર તેનો સારો કાબુ હોવો જોઇએ. કોઇ દિવસ ભુલ ન કરે એવો, અને કદાચ થઇ જાય તો તેને અંગે ૧૦૦૦ પત્રોના સંતોષકારક જવાબ આપી શકે એવો. ઉંચાઇ છ ફુટ, છાતીનું માપ ૪૨ ઇંચ, જમણે પાસે જ સુવાની ટેવવાળો, રોજ ઘેર ચા પીવા જાય એવો, સાઇકલ ચલાવે, હોડી ચલાવે અને ક્રિકેટ-ટેનિસ વગેરેમાં ઉસ્તાદ; મુક્કાબાજી નહિ આવડતી હોય તો ચાલશે, કેમકે તે લાઇનનો અનુભવી અમારી પાસે એક છે જ. ટુંકામાં દરેક રીતે સંપૂર્ણ, દુનિયાના કે દુનિયાની બહારના કોઇ પણ વિષય પરના કોઇ પણ સવાલનો તત્ક્ષણ જવાબ આપી શકે એટલો સમર્થ જોઇએ છે. તા. ક. જો બરાબર આવો માણસ ન મળે, તો જે વધારેમાં વધારે આવી લાયકાતો ધરાવતો હશે તેને પસંદ કરવામાં આવશે.'

આવી જાહેરાત વિલાયતના ટિટબિટ્સ છાપાએ આજથી ચાળીસ વરસ પર આપી હતી! અને એ જા. ખ. અપાયા પછી મિ. ગેલોવે ફ્રેઝર નામના માણસની એ પત્રમાં એ જગ્યાએ નીમણુક થઈ હતી! (ગાંડીવ)

હવે હિંદ સ્વતંત્ર ક્યારે થશે ?

જાપાન સ્વતંત્ર ક્યારે થયું ? બીજી પ્રજાઓએ કરેલું અપમાન અસહ્ય થયું ત્યારે. તુર્કસ્તાન સ્વતંત્ર ક્યારે થયું ? એનો મુલક વહેંચાવા માંડ્યો ત્યારે. રશિયા સ્વતંત્ર ક્યારે થયું ? રાજસત્તા આપખુદ થઇ ત્યારે. હંગેરી સ્વતંત્ર ક્યારે થયું ? ઑસ્ટ્રિયાનો જુલમ વધી પડ્યો ત્યારે. ઈટાલી સ્વતંત્ર ક્યારે થયું ? જુદાજુદા પ્રાન્તોનું સંગઠ્ઠન થયું ત્યારે. અમેરિકા સ્વતંત્ર ક્યારે થયું ? અન્યાયી કરની સામે થયું ત્યારે. પોલેંડ સ્વતંત્ર ક્યારે થયું ? કેળવણીપ્રચાર કરવા મંડયું ત્યારે. ઇરાન સ્વતંત્ર ક્યારે થયું ? દેવામાં દબાયું ત્યારે. અફઘાનિસ્તાન સ્વતંત્ર ક્યારે થયું ? દેશાભિમાન જાગૃત થયું ત્યારે. ઇંગ્લંડ સ્વતંત્ર ક્યારે થયું ? હક્ક માટે લડયું ત્યારે. ફ્રાન્સ સ્વતંત્ર ક્યારે થયું ? ઉમરાવોનો ત્રાસ સહન ન થયો ત્યારે.

હવે હિંદ સ્વતંત્ર ક્યારે થશે ? —ચંદુલાલ ત્રિ. વ્યાસ

મારી મા

માતા સાધ્વી સ્ત્રી હતી એમ મારી ઉપર છાપ રહેલી છે. તે બહુ ધાર્મિક હતી. પૂજાપાઠ વિના કદિ ન જમે. હવેલીએ હમેશાં જાય. હું સમજણો થયો ત્યારથી તેણે કદિ ચાતુર્માસ છોડયા હોય એવું મને સ્મરણ નથી. કઠણમાં કઠણ વ્રતો તે આદરતી અને નિર્વિઘ્ને પુરાં કરતી. લીધેલાં વ્રત માંદી પડે તોપણ ન જ છોડે. એવો એક સમય મને યાદ છે કે જ્યારે તેણે ચાંદ્રાયણ વ્રત લીધેલું તેમાં માંદી પડેલી, પણ વ્રતને ન છોડેલું. ચાતુર્માસમાં એક જ વખત ખાવાનું એ તો તેને સારૂ સામાન્ય હતું. એટલેથી સંતોષ ન વાળતાં એક ચાતુર્માસમાં તેણે એક દિવસ ઉપવાસ અને એક દિવસ એકટાણું કરેલાં. બેત્રણ સામટા ઉપવાસ એ માતાને સારૂ નજીવી વાત હતી. એક ચાતુર્માસમાં એવું વ્રત હતું કે સૂર્યનારાયણનાં દર્શન કર્યા પછી જ જમાય. આ ચોમાસે અમે છોકરાં વાદળ સામું જોઇ રહીએ કે ક્યારે સૂર્ય દેખાય અને ક્યારે મા જમે. ચોમાસામાં ઘણી વેળા આ દર્શન દોહેલાં છે એ તો સૌ જાણે છે. એવા દિવસો યાદ છે કે જ્યારે સૂર્ય જોયો હોય, અને 'બા, બા, સુરજ દેખાયો' કહીએ ને બા દોડતી આવતી હોય ત્યાં તો સુરજ ભાગી જાય! 'કંઇ નહિ, આજે નસીબમાં ખાવાનું ન હોય' કહી મા પાછી જાય ને પોતાના કામમાં ગુંથાઇ જાય. —ગાંધીજી

રૂમાલ

પહેલાં આપણે પીછોડી અને અંગુછા વાપરતા. હવે રૂમાલ વાપરતા થયા છીએ. પીછોડીનાં બચ્ચાં અંગુછા, અને અંગુછાનાં બચ્ચાં રૂમાલ ! પીછોડી ને અંગુછા લંબચોરસ હોય છે, પણ રૂમાલ તો ચોરસ છે. એનું કારણ એમ છે કે એકવાર ફ્રાન્સની રાણી મેરી ઍન્ટોઇનેટને એમ લાગ્યું કે રૂમાલ તો ચોરસ સારા, એટલે એણે પોતાના પતિ લુઇ ૧૬માને કહીને કાયદો પસાર કરાવ્યો કે મારા રાજ્યમાં સૌએ ચોરસ રૂમાલ જ વાપરવા. અને હવે તો આપણે સૌ વગર કાયદે ચોરસ રૂમાલ વાપરતા થઇ ગયા છીએ અને આપણા જુના અંગુછા અદ્દશ્ય થયા છે !

મરદાઇને પડકાર

યુદ્ધ, આરબ, આફ્રિદી અથવા તો કોઇ પોતાનાં હથિયારો પોતાના હાથમાં રમાડી શકે છે. પરંતુ હિંદુસ્તાન—જે હિંદે મૂલભૂત સંસ્કૃતિને જન્મ આપ્યો એ હિંદનાં સંતાનોને હથિયાર ઝાલવાની મનાઈ છે ! દુનિયાએ આપણી મરદાઇને પડકાર દીધા છે. એ પડકારોને ઝીલી રહેવાનાં પાણી, હાય, આપણામાં આજે ક્યાં રહ્યાં છે ? આપણી સામે આપણું રાષ્ટ્રીય સૈન્ય ઉભું કરવાનો સમય હવે આવી જ લાગ્યો છે. (કર્મભૂમિ)

વિચિત્ર સજા

મેસીડોનના રાજા ફિલિપને પોતાની પ્રજામાંથી કોઇને દેહાંત દંડ કરવાનું પસંદ નહોતું. એકવાર મરણની શિક્ષાને લાયક બે ગુનેહગારને તેની સામે હાજર કરવામાં આવ્યા તેમને તેણે સજા કરી કે એકે તેના રાજ્યમાંથી દેશનિકાલ થવું અને બીજાએ તેની પાછળ પાછળ ભમીને છેવટે તેને મેસીડોન તરફ જ ધકેલવો !

ॐ


છાત્રાલયોનો મુળ ઉદ્દેશ તો વિદ્યાર્થીઓને ઉત્તમ ઘરોની ખોટ પુરી પાડવાનો છે. પરંતુ હમણાં કમનસીબે આ ઉદ્દેશ ભુલાઈ ગયો છે અને જમવા તેમજ સુવાબેસવાની સગવડો પુરી પાડનારી વીશીઓનું સ્વરૂપ આજનાં છાત્રાલયો લેતાં જાય છે. આ સ્થિતિમાં સુધારો કરી, વિદ્યાર્થીઓનાં શરીર અને મનને પોષી વિકસાવી તેજસ્વી બનાવે એવાં આદર્શ છાત્રાલયો બનાવવાના ઉદ્દેશથી કેટલાક ઉગતી પ્રજાના હિતચિંતક સજ્જનોએ આવતા એપ્રિલ માસની આખરમાં શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાં એક છાત્રાલયસંમેલન ભરવાનો વિચાર કર્યો છે.

ॐ


ઇ. સ. ૧૯૧૦માં વિખ્યાત યૂરોપીય મલ્લ ઝિબિસ્કોની જોડે કુસ્તીમાં ઉતરી પંજાબી મલ્લ ગામાએ તેની બરોબરી કરી હતી. એજ ગામાની સામે લડવાને ઝિબિસ્કો પાછો થોડીજ મુદતમાં લાહોર આવનાર છે. એ કુસ્તી જોવા લાખ્ખો માણસો એકઠાં થશે એમ મનાય છે.

ॐ


વિલ્સન કૉલેજના અધ્યાપક શ્રી એમ. અહમદે પોતાની જીવનભરની ૨૮,૦૦૦ રૂપિયાની આખી કમાઈ અલીગઢ યૂનિવર્સિટીને ચરણે મુકી છે: એવી શરતે કે એમાંથી એ કૉલેજ માટે એક કલામંદિર સ્થાપવું.



દુધમાંથી બનતી ૨૫ ચીજો







૧ રાક્ષસી ગરોળી—દાયનોસૂર. આ ચિત્રમાં તો તમે તેનું હાડપીંજર જ માત્ર જુઓ છો. માણસથી તે કેવડી મોટી છે ? આ પ્રાણી આ ધરતી પર જ્યારે એ જીવતું ફરતું હશે ત્યારે તેને દબાવે તેવું કોઇ બીજું પ્રાણી નહિ હોય. સુભાગ્યે માણસજાતની ઉત્પત્તિ થતાં પહેલાં જ આવાં પ્રાણીઓ પૃથ્વી પરથી નાશ પામી ગયાં હતાં. જોડેના ચિત્રમાં તેના એક હાડકા આગળ ઉભેલો ડૉ. ઇ. સ્લોઝન માને છે કે આ ભયંકર પ્રાણીઓનો નાશ કરનાર નાનાં બીલાડી જેવાં જનાવરો હતાં ! રાક્ષસી ગરોળીઓ ઇંડાં મુકે તે બધાં વીણીવીણી એ ચોરખોદિયાં ખાઈ જતાં. હમણાં પણ એક પ્રકારની માખી મગરોના મુલકમાં ઘાણ બોલાવે છે !

ઉપરના હાડપીંજરની ફૉસિલ (પાતાળછાપ) આફ્રીકાના ટાંગાનાઈકાના પ્રદેશની જમીનમાંથી મળી આવી છે.

૨ આ સાથેના ચિત્રમાં હાથી છે, પણ એનો મહાવત ક્યાં ? એ હાથીના શરીરમાં જ ક્યાંક ગેપ થઇ ગયો છે. અમને તો દેખાય છે; તમે શોધી કાઢશો ?

૩ ખરેખરૂં ચિત્ર દોરવાની સહેલી રીત: ‘ ડ ’ એક સ્થિર પદાર્થ છે. તેની આડે ‘ અ ’ ચોકઠું છે, અને તેમાં ચોરસ રૂપે આડા ઉભા તાર બાંધેલા છે. ચીતરનાર ‘બ’ પટ્ટીના એક કાણામાંથી એ ચોરસજાળીમાંથી પાછળનો પદાર્થ નીરખે છે. પછી ‘ક’ પાટિયા પર ચોરસ ખાનાં પાડેલો કાગળ છે તે પર ચોરસેચોરસ મેળવી ચિત્ર દોરે છે. આ યુક્તિથી ચિત્રનાં બધાં માપ અને વળાંક ચોક્કસ દોરી શકાય છે.